# ઋગ્વેદ પરિચય

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

93. 62

अनेहसो व ऊतयः सु ऊतयो व ऊतयः ।
તમારી ઊતિ-ઊર્મિઓ નિષ્પાપ હો, સારી હો.
—ઋગ્વેદ, ૮,૪૭,૧

# વેદ પરિચય

[ પુસ્તિકા : ૪ ]

મધુકર લ. પટેલ
૭૮, શાકુન્તલ બંગલોઝ,
ભૂયંગદેવ-સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧.
© ૨૭૪૧૦૬૯૭

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાન દિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

પ્રકાશક :
ઈશ્વરભાઈ જે. પટેલ
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
અમદાવાદ-૬

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : ઑગષ્ટ ૧૯૭૧

હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી
સ્મારક શ્રેણી : મણકો ચોથો

મૂલ્ય : રૂા. ૨–૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા
સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ–૨૨

વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ–૧

# નિવેદન

ભારતના ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો પાયાનો ગ્રંથ એ વેદસંહિતા. વેદ-કાળમાં ઋષિઓએ જે અનુભવ દર્શન કર્યું, તેને વેદની ઋચાઓ દ્વારા વાચા આપી એને શબ્દબદ્ધ કરી. વેદ એ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતમ સંપત્તિ. આ સંપત્તિ વિશેનો પ્રજાનો અહોભાવ ચાલુ રહયો પણ એના તત્ત્વની મોજ માણવાનું શક્ય રહયું નહિ કારણકે અનેક કારણોસર વેદનો પરિચય આમપ્રજામાં અને શિક્ષિત જનોમાંય ઘટતો ગયો. પ્રણાલિગત રીતે સંસ્કૃત શીખનારા શાસ્ત્રીઓએ મુખપાઠ ચાલુ રાખ્યો પણ આમપ્રજાને એની ભાષામાં, એની સમજમાં ઉતરે તે રીતે એનું દર્શન કરાવવાની તાકાત એ ગુમાવી બેઠા.

સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિ-ચિત કરવાનો આ શ્રેણીનો હેતુ છે અને એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય મોટાએ રૂપિયા ૨૦.૦૦૦ નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું તે અતિ આવકાર્ય બાબત બની છે. બોર્ડનું એ સદ્‌ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એને આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી વિષ્ણુદેવ પંડિત જેવા લેખક તથા ડૉ. તપસ્વી નાન્દી જેવા પરામર્શક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી વિષ્ણુપ્રસાદ પંડયાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ શ્રેણીની ખુશનસીબી છે.

પ્રથમ પુસ્તિકાને પૂજ્ય સ્વામી શ્રી ગંગેશ્વરાનંદજીના આશીર્વાદ મળ્યા, એના પ્રકાશનનો વિધિ પરિવ્રાજકસમ પૂજ્ય કાકાસાહેબ કાલેલકરને હસ્તે થયો અને સાહિત્યસ્વામી ડૉ. ઉમાશંકર જોશીની એને પ્રશસ્તિ સાંપડી. બીજી પુસ્તિકાને ૨૦મી સદીના ઋષિ પૂજ્ય રવિશંકર મહારાજનું પ્રેમસીંચન પ્રાપ્ત થયું. ત્રીજી પુસ્તિકાને વેદવિદ્યાવિશારદ શ્રી કે. કા. શાસ્ત્રીનો આવકાર પ્રાપ્ત થયો. અને આ ચોથી પુસ્તિકાને સંસ્કૃતજ્ઞ ડૉ. ભગવતીપ્રસાદ પંડયાનો આવકાર સાંપડયો છે.

આવી આ સદ્‌ભાગી શ્રેણીને વાચકગણનો પણ એવો જ ભાગ્યયુક્ત પ્રેમ પ્રાપ્ત થાય તેવી પ્રભુપ્રાર્થના.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬.

**ઈશ્વરભાઈ પટેલ**
અધ્યક્ષ

# શુભાશંસન

પરમાદરણીય મહામના શ્રી વિષ્ણુદેવ પંડિતની તેજસ્વી પ્રતિભાનો પરિચય ગુર્જર જનતાને આપવાનો ન હોય. તેઓશ્રી સંસ્કૃત સાહિત્યના અને તેમાંય વૈદિક વાઙ્મયના ચિંતનશીલ વિદ્વાન છે. પ્રસ્તુત પુસ્તિકા શ્રેણીમાં તેમણે ઋગ્વેદ જેવા વિશ્વ સાહિત્યના મૂર્ધન્ય કોટિના ગ્રંથનું આરાધન કરી તેમાં રહેલ મંત્ર-દ્રષ્ટા ઋષિઓની ચિંતનધારાનું પાન કરાવ્યું છે. ઋગ્વેદ જેવા મહાન ગ્રંથ ઉપર લખવું, અને તેમાંય ત્યાં રહેલ નવનીત સરલ શબ્દોમાં સર્વભોગ્ય શૈલીમાં જન સાધારણને પીરસવું, એ વિકટ કાર્ય છે. આ કાર્ય તીવ્ર તપશ્ચર્યા, કઠિન પરિશ્રમ અને સતત સ્વાધ્યાય વગર થઈ શકે તેમ નથી. તે હર્ષની વાત છે કે શ્રી વિષ્ણુદેવ પંડિતે આ વિકટ કાર્ય અત્યન્ત સરળતાથી પાર પાડયું છે.

ઋગ્વેદ સંહિતા એક મહાન ગ્રન્થ છે. તેમાં વિવિધ ઋષિઓએ વિભિન્ન સમયે અનેક વિષયોને સ્પર્શતી ઋચાઓનું દર્શન કર્યું છે. એ ઋચાઓ સૂક્ત સ્વરૂપમાં આયોજિત કરવામાં આવેલ છે. આ સૂક્તોમાં દૃષ્ટિગોચર થતી ઋચાઓની ભાષા અને વાક્ય રચના સરળ છે; તે ઉપરાંત તેનાં આલેખન કવિતા રૂપે છે. તેથી સુગમ સાદા અર્થ ઉપરાંત ઋષિને કંઈક વિશેષ કહેવું છે. કવિતામાં રહેલી વ્યંજનાને ખોલવી છે. તે વ્યંજના કે રહસ્ય કે સૂક્તોના તાત્પર્યને વિશદ કરવામાં બ્રાહ્મણગ્રન્થો, પ્રાતિશાખ્ય, નિરુક્ત, બૃહદ્દેવતા વગેરેએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આ વેદ-સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરીને તેમજ મૂલ ઋચાઓની અર્થસંગતિ સાચવીને એમને કથાનકોમાં નિરૂપવાનો એક પ્રામાણિક પ્રયત્ન અહીં આપણને જોવા મળે છે.

પ્રસ્તુત પુસ્તિકામાં અષ્ટમ તથા નવમ મંડળનું દોહન કરી લેખકે એને આખ્યાયિકાના સ્વરૂપમાં રજૂ કર્યું છે. અષ્ટમ મંડળની વૈદિક ઋચાઓના દોહનમાં શ્રી વિષ્ણુદેવે વૈદિક મનોવિજ્ઞાનની સાથે માનવીય મનોભૂમિકાનો પરિચય આપવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. આઠમા મંડળના વર્ણ્ય વિષયને તેમણે ત્રણ ભાગમાં વહેંચ્યો છે. એમાં પ્રથમ ભાગમાં સાત આખ્યાયિકાઓ આપી છે; કે જેમાં રજૂ થયેલ પાત્રદ્વંદ્વ વિરોધી સ્વભાવ ધરાવે છે; છતાં આખરે વિરોધી પાત્ર ઉપર દિવ્ય ચરિત પાત્રનો વિજય જ થાય છે, બીજા ભાગમાં તે તે આખ્યાયિકાઓમાંથી મળતો બોધ દર્શાવ્યો છે; જ્યારે ત્રીજામાં તે મંડલમાં આવેલ ઋષિઓએ કરેલ વૈદિક સ્તુતિઓ (સૂક્તોની ઋચાઓ)નો સાર આપવામાં આવ્યો છે.

ઋગ્વેદનું નવમ મંડળ 'પવમાન મંડળ' નામે જાણીતું છે. એમાં સૌ પ્રથમ 'સોમ'નો વાર્તાત્મક શૈલીમાં પરિચય આપ્યો છે. પછી સોમ સંબદ્ધ કતિપય ઋચાઓનું અર્થ સાથે ભાવચિત્ર આલેખ્યું છે. ત્યાં સોમની પાછળ રહેલ આધ્યાત્મિક ભાવનું દર્શન કરાવી સ્વરોદય, પ્રાણવિદ્યા અને યોગશાસ્ત્રના પણ કેટલાક સંકેતો લેખકે આપ્યા છે; તો છેલ્લે વિભિન્ન મંત્રદ્રષ્ટાઓને સોમ સૂક્તોમાંથી કઈ કઈ પ્રેરણાઓ મળી એનું નિરૂપણ છે.

શ્રદ્ધેય શ્રી વિષ્ણુદેવ પંડિતે સોમનાં કથાનકોમાં સોમ શું છે, સોમ અને ચંદ્ર તથા સોમ એવં શરીરનો કયો સંબંધ છે; એ બધા પ્રશ્નો વિષે કેટલીક સારભૂત વિગતો આપી છે.

મૂળ ઋગ્વેદ સંહિતાને આધારે રચાયેલ આ ગ્રન્થમાં શ્રી વિષ્ણુદેવની સર્જન પ્રતિભાનો મૌલિક સ્પર્શ અનુભવગમ્ય બને છે. તેમની શૈલીમાં સરળતા, પ્રવાહિતા અને ઉદાહરણોને કારણે પ્રત્યાયનક્ષમતા તથા પ્રાસાદિકતા છે. એમાં કયારેક કથનની પુનરુક્તિ ઉપલક દૃષ્ટિએ દોષપાત્ર બનતી જણાય, છતાં આ પુનરુક્તિને કારણે અર્થબોધમાં સારલ્ય આવ્યું હોવાથી, એ દોષ દૂષણ તરીકે ન રહેતાં ભૂષણ બને છે. આવા અનેક ગ્રન્થો એમની પાસેથી મેળવવાનો આપણો અધિકાર છે એ અધિકારને પૂર્ણ કરવાની પ્રભુ એમને શકિત આપે એજ અભ્યર્થના...

**ભગવતીપ્રસાદ પંડયા**

તા. ૨૫–૭–૭૧
મણિનગર, અમદાવાદ.

M.A.Ph.D. વ્યાકરણાચાર્ય, કાવ્ય-પુરાણ-તીર્થ.
અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ,
શ્રી સ્વામિનારાયણ આર્ટસ કોલેજ,
અમદાવાદ–૨૨

# આમુખ

આ ચોથી પુસ્તિકામાં ઋગ્વેદના આઠમા અને નવમા મંડળના ઋષિઓની વાણીનો પરિચય મળી રહે છે. ગૃત્સમદ, વિશ્વામિત્ર અને વામદેવ બીજી પુસ્તિકામાં, અત્રિ, ભરદ્-વાજ અને વસિષ્ઠ ત્રીજી પુસ્તિકામાં રજૂ થયા છે; એ જ રીતે કાણ્વ પ્રગાથ આઠમા મંડળના મુખ્ય ઋષિ છે. આ મંડળમાં ઋષિઓની મનો-ભૂમિકાનો ખ્યાલ આવે; એ પ્રકારની ઋચાઓ જોવાને મળે છે. આ ઋચાઓની અંદર રહેલાં પદો અને પદાવલી જોતાં અને કવિહૃદયની વ્યંજનાને નિરૂપતાં માનસશાસ્ત્રના મૂળભૂત આદર્શનું દર્શન અહીં થાય છે; તે જ આદર્શને કથાનકો અને સંવાદોમાં નિરૂપવાનું ઉચિત લેખ્યું છે.

નવમું મંડળ તો પોતાનું આગવું સ્થાન પહેલેથી જ ધરાવે છે. અહીં ઋષિઓ અનેક છે; પરંતુ વર્ણ્ય વિષય એક જ છે અને તે ‘પવમાન સોમ.’ સોમની પાવમાની ઋચાઓ ગાતાં; આ ઋષિઓ વિવિધ પ્રકારની અનુભૂતિઓ રજૂ કરે છે; તેથી તેમને મન સોમ એક સાધારણ ઔષધિ નથી રહેતી. તેમને સોમમાં સામગીતિ અને જીવનની વિશિષ્ટ પદ્ધતિ આલેખવાનું મન થાય છે અને તેથી વર્ણ્ય વિષય ‘પાવમાન સોમ’ એક હોવા છતાં, અનેક પ્રકારની નિરૂપણ પ્રક્રિયાઓ રજૂ થઈ છે, તે બધાને સારસંવાદમાં ગુંથી લેવાનો અહીં પ્રયત્ન છે.

**વિષ્ણુદેવ પંડિત,**
શ્રાવણવદ પાંચમ, ૨૦૨૮.

૨૯, ડાહ્યાભાઈ પાર્ક,
ગીતા મંદિર રોડ, અમદાવાદ–૨૨

# ● અનુક્રમ


એક-સાત

માનસરોવરના હંસલા/૭

●

(૧) કણ્વ અને પ્રગાથ
(૨) આસંગ અને શશ્વતી
(૩) પર્વત અને નારદ
(૪) ત્રિશોક અને નાભાક
(૫) મત્સ્ય અને અદિતિ
(૬) કૃશાશ્વ અને અપાલા
(૭) સોભરિ અને ચિત્ર
સૂક્તોથી મળતો બોધ

●

આઠ

મનોરથના માર્ગે/૪૩

●

નવ

સોમરસનાં પાન/૫૧

●

દશ

આજીવિકાનું પ્રેરક બળ/૬૬

●

●

પરિશિષ્ટ/૭૪


ઋગ્વેદ : આઠમું અને નવમું મંડળ

## ૧-૭

## માનસરોવરના હંસલા

•

ઋગ્વેદ : અષ્ટમ મંડળ

### (૧) કણ્વ અને પ્રગાથ

ગોમતી નદીનો કિનારો હતો, કિનારા પર એક ઝૂંપડી હતી; તેમાં પત્નીની સાથે ઋષિ કણ્વ રહેતા હતા. તેમના પિતા ઘોર આંગિરસ હતા.

તેનો બીજો પુત્ર પ્રગાથ હતો. ગુરુકુળમાં અભ્યાસ પુરો કરી, પિતાની સેવામાં તે હાજર થયો. તેમની આજ્ઞા માથે ચઢાવી પ્રગાથ મોટાભાઇ કણ્વની સાથે રહેવા લાગ્યો.

બંને ભાઇઓ ઋષિ હતા, કવિ હતા. સાદું સરળ તેમનું જીવન હતું. ઋષિની પત્ની મધુરભાષી હતી, સેવાપરાયણ હતી.

એક સવારે ફળ ફુલ ને સમિધાઓ લેવા પ્રગાથ પાસેના વનમાં ગયો હતો. ઋષિ કણ્વ બહાર જવાની તૈયારી કરી રહ્યા હતા.

'મારૂં પેલું વલ્કલ લાવ ને જરા, હા, ને કમંડલુ પણ'. પત્નીને જણાવતાં પહેલાં તો વલ્કલ ને કમંડલુ લઇને તે સામે ઊભી રહી. ઋષિએ તેને નખશિખ નિરખી લીધી. જાણે કે નિર્મળ આરસની મૂર્તિ. એક માત્ર વસ્ત્ર અંગ પર શોભી ઉઠતું હતું. તે અંગ પર આભૂષણ નહોતું, નહોતાં અંજન કે નહોતા અંગરાગ. મુખ પર આછું સ્મિત હતું ને આંખમાં અમી ભર્યું હતું; જાણે કે યૌવન હસી રહ્યું હતું અને અમીની વર્ષા કરતું હતું.

ઋષિએ ભાવભરી નજરે જોઇ લીધું ને પૂછ્યું. 'પ્રગાથ ક્યાં ?' વનમાં ગયા હશે, ફલ ફુલ ને સમિધ લેવા.

# ૨૮

# માનસરોવરના હંસલા

## (૧) કણ્વ અને પ્રગાથ

ગોમતી નદીનો કિનારો હતો, કિનારા પર એક ઝૂંપડી હતી; તેમાં પત્નીની સાથે ઋષિ કણ્વ રહેતા હતા. તેમના પિતા ઘોર આંગિરસ હતા.

તેમનો બીજો પુત્ર પ્રગાથ હતો. ગુરુકુળમાં અભ્યાસ પુરો કરી, પિતાની સેવામાં તે હાજર થયો. તેમની આજ્ઞા માથે ચઢાવી, પ્રગાથ મોટાભાઈ કણ્વની સાથે રહેવા લાગ્યો.

બંને ભાઈઓ ઋષિ હતા, કવિ હતા. સાદું સરળ તેમનું જીવન હતું. ઋષિની પત્ની મધુરભાષી હતી, સેવાપરાયણ હતી.

એક સવારે ફળ ફુલ ને સમિધાઓ લેવા પ્રગાથ પાસેના વનમાં ગયો હતો. ઋષિ કણ્વ બહાર જવાની તૈયારી કરી રહ્યા હતા :

'મારું પેલું વલ્કલ લાવ ને જરા, હા, ને કમંડલુ પણ'. પત્નીને જણાવતાં પહેલાં તો વલ્કલ ને કમંડલુ લઈને તે સામે આવી ઊભી રહી. ઋષિએ તેને નખશિખ નિરખી લીધી. જાણે કે નિર્મળ આરસની મૂર્તિ. એક માત્ર વસ્ત્ર અંગ પર શોભી ઉઠતું હતું. તે અંગ પર આભૂષણ નહોતું, નહોતાં અંજન કે નહોતા અંગરાગ. મુખ પર આછું સ્મિત હતું ને આંખમાં અમી ભર્યું હતું; જાણે કે યૌવન હસી રહ્યું હતું અને તે અમીની વર્ષા કરતું હતું.

ઋષિએ ભાવભરી નજરે જોઈ લીધું ને પૂછયું : 'પ્રગાથ કયાં ? 'વનમાં ગયા હશે, ફલ ફુલ ને સમિધ લેવા.' સીધો ઉત્તર હતો. 'તેને જરા સાચવી લેજે,' ઋષિએ જતાં જતાં સોંપણી કરી.

બગલમાં વલ્કલ હતું, હાથમાં કમંડલુ, પગમાં પાવડી 'ખટ ખટ' અવાજ કરતી હતી. ઋષિ ઝૂંપડી છોડી, વનમાર્ગે ચાલી રહ્યા હતા. તેમના મન પર વિચારના તરંગો દોડવા લાગ્યા :

'મેં શા માટે પત્નીને કહ્યું કે, પ્રગાથને સાચવજે. શું તે સેવા નથી કરતી ? મારી હાજરીમાં કે ગેરહાજરીમાં તે જુદી જુદી રીતે વર્તે છે ?'

એક તરંગ શમ્યો ન શમ્યો ને બીજો તરંગ જાગ્યો; 'મારી ગેરહાજરીમાં બંને એકલાં રહે. યુવાન તો બંને છે. કોણ જાણે કયારે પાપ જાગે ?

'ને સાચવાનું તો નારીને છે ને ? પુરુષને શું ? એ ખોટું છે, પાપમાં બંને સમભાગી છે. નારી તો અબલા ગણાય. પુરુષે તો વ્રત, તપ આદરીને કાયાને કસવાની છે. ગમે તેમ, બંનેને એકલાં તો નજ મૂકાય. શું નું શું થઈ જાય.'

વનના એ માર્ગે પગ આગળ ધપતા હતા, વિચાર તરંગો તેથી પણ વધારે વેગે મનના માર્ગે દોડતા હતા. વનની ભૂલ ભૂલામણીની જેમ મનની ભ્રમજાળમાં પણ અટવાઈ જવાય !

વનના માર્ગે ઋષિના પગ થંભી ગયા. પાવડીનો અવાજ બંધ થયો. ઋષિ પગદંડી છોડી, વિકટ માર્ગે ભૂલા પડયા હતા. વિચારના તરંગોમાં મન ભૂલું પડયું હતું છતાં વિચાર તરંગો અટકતા નહોતા; તે તો દોડયે જતા હતા.

એ વિચારમાં ને વિચારમાં ઋષિ ઘણે દૂર નીકળી ગયા હતા. પાવડીનો અવાજ બંધ થતાં જ વિચારતરંગ પણ અટકી ગયા. આગળનો માર્ગ જડે એમ નહોતો, એટલે ઋષિ પાછા ફરી રહ્યા હતા.

આ બાજુ પ્રગાથ ફળફૂલ ને સમિધા લેવા દૂર ગયો હતો. તેને યાદ આવ્યું કે, મોટાભાઈને બહારગામ જવાનું છે ને ઉતાવળે બધું ભેગું કરી, તે પાછો ફર્યો.

ઋષિપત્નીએ ગાયને ચરવા માટે છોડી, વાછરડાને પ્રેમથી પંપાળી ખીલે બાંધ્યું ને અગ્નિશાળામાંથી અગ્નિ લાવી તેણે પાકની તૈયારી કરવા માંડી. ઋષિ બહાર ગયા હતા. તેને વ્રત, ઉપવાસ હતાં ફક્ત ભાઈ માટે રસોઇ કરવાની હતી.

મીઠું દહીં ને શાલી–ચોખાનો ભાત તેને ભાવતાં હતાં. થાળીમાં ચોખા લઈ, ઝૂંપડીને આંગણે આવી, તે કાંકરા વીણી રહી હતી ને પ્રગાથ આવી પહોંચ્યો. તેણે ચારે બાજુ જોયું અને પૂછ્યું; 'ભાભી, ભાઈ ગયા ? આ સમિધા કયાં મૂકું ને આ ફળફૂલ' ? એક અમીભરી નજરે તેણે જોઈ લીધું અને મૌનથી સૂચવી દીધું. પાસે દર્ભની ચટાઇ પડી હતી. તેની પર આવી, પ્રગાથ બેઠો.

'હાશ, આજે તો ઘણે દૂર નીકળી ગયો. મોટાભાઈ જવાના છે તે યાદ આવ્યું ને દોડતે ઘોડે આવી પહોંચ્યો. 'ભાભી, થાક તો ઘણોજ લાગ્યો છે. મનમાં થાય છે કે તમારે ખોળે માથું મૂકીને સૂઇ જાઉં.'

ભલી ભોળી ઋષિપત્નીએ ખોળો ધરી દીધો ને માથું મૂકી પ્રગાથ સૂઇ ગયો. તેને મનમાં કોઈ વિકાર નહોતો ને ભાભીને હૈયે તો વત્સલભાવ હતો. પોતાના પુત્રની જેમ તેને રાખ્યો હતો.

'ખટખટ' પાવડીનો અવાજ આવ્યો. ઋષિપત્નીએ જોયું ને તેને વિસ્મય થયું. તેનાથી સહજ પૂછાઈ ગયું :

'અરે, કાંઈ અધમાર્ગેથીજ પાછા ફર્યા કે શું ?'

તેને ઉત્તર આપવા જેટલી ધીરજ ઋષિમાં કયાં હતી ? તે તો પત્નીના ખોળામાં પ્રગાથને સૂતેલો જોઈને જ કોપી ઉઠયા હતા. માર્ગનો શ્રમ તો હતોજ, મન પર તરંગ ચઢયા હતા; ક્રોધનો આવેગ આવતાં પછી વાર શું ? ઓઠ ફફડવા લાગ્યા. મુખ લાલઘૂમ થઇ ગયું. સહસા તેમણે પૂછ્યું :

'આ કોણ સૂતું છે. તારા ખોળામાં પાપિણી' ?

'તમારો નાનો ભાઈ પ્રગાથ.' પત્નીએ સરળતાથી ઉત્તર આપ્યો.

'હા, મને થતું હતું, મારી ગેરહાજરીમાં શું નું શું થઈ જાય.' ઋષિનો ક્રોધ હાથમાં રહ્યો નહિ, તેમણે લાત મારી ભાઇને જગાડયો.

'ઊઠ, દુષ્ટ, પાપી, આ કાંઈ મદિરાનું ઘર નથી, તે આમ દિવસના સૂતો છે. આ તો તપોભૂમિ છે.'

'મોટાભાઈ, ક્ષમા કરો. મારાથી ભૂલ થઈ ગઈ.'

જાગતા વેંતજ પ્રગાથને પોતાની ભૂલ સમજાઇ. તેણે ઋષિના પગ પકડી લીધા અને માફી માગતાં જણાવ્યું :

'તમે મારા પિતા છો, મારા મંત્રદાતા.'

'અને આ નારી ?' હજી ઋષિનો ક્રોધ શમ્યો નહોતો.

'એ તો મારી માતા, મારું શિરછત્ર.'

અને એ પ્રગાથે ઊભા થઈ ઋષિપત્નીનાં ચરણોમાં માથું ઢાળી દીધું. ગોમાતા વાછરડાને પંપાળે, એવા ભાવથી તેના પીઠ પર હાથ મૂકતાં તેણે જણાવ્યું :

'વત્સ પ્રગાથ, તું મંત્રદ્રષ્ટા ઋષિ છે. તારા મોટા ભાઈ પણ ઋષિ છે. તમે બંને ભાઈઓ સ્નેહની ગાંઠે જોડાયા છો. તારું કલ્યાણ થાઓ.'

માતાની આશિષ મેળવી, પ્રગાથે મોટાભાઈનાં ચરણોમાં વંદન કરી લીધાં :

'પિતાજી, આપનો અપરાધી બાલક આપને પ્રણામ કરે છે.'

એ બંનેનો માતાપુત્ર જેવો સ્નેહભાવ જોઈ, કણ્વ ઋષિ વિચારમાં પડી

ગયા હતા. ત્યાં તો પ્રગાથે આવીને પ્રણામ કર્યા અને ઋષિનો ક્રોધ ઓસરી ગયો. તેમણે બે હાથે ભાઈને ઊંચકી લીધો અને શુભાશિષ આપ્યાં :

'વત્સ, હું પોતે જ ભ્રમમાં હતો. વનમાં જતાં માર્ગ ભૂલ્યો, એમજ મનના તરંગે મને ભૂલાવ્યો. ત્યાં આંખે જોયું અને મનના તરંગે ઉછાળો લીધો. ક્રોધનો વેગ શમી ગયો અને સાચી વાત સમજણમાં આવી.

'તું મારો ભાઈ છે. આજે તારો શિષ્ય તરીકે સ્વીકાર કરું છું.'

એ ઘોરપુત્ર કણ્વ ઋષિ હતા, તેમનો શિષ્ય કાણ્વ પ્રગાથ મંત્રદ્રષ્ટા ઋષિ તરીકે પ્રસિદ્ધ થયો. આમ પિતૃપરંપરા અને ગુરુ પરંપરાનો અહીં યોગ થયો છે.

### (૨) આસંગ અને શશ્વતી

સિંધુ પ્રદેશનો રાજા આસંગ પ્લાયોગ રાજર્ષિનો પુત્ર હતો. તેની રાણી શશ્વતી અંગિરા ઋષિની પુત્રી હતી. રાજા અને રાણી સર્વ વાતે સુખી હતાં, પણ એક વાતે બંનેને મનદુઃખ હતું.

'જે કાંઈ મળી આવે છે, તે દૈવીકૃપાને કારણે.' એમ રાણી માનતી હતી.

'જેવું કરશો તેવું પામશો, હાથે તે સાથે.' આમ રાજા માનતો હતો. જીવનની સામાન્ય ઘટનાઓ તો ચાલ્યા કરે અને માન્યતામાં કોઈ વાંધો ન આવે. પ્રજાજીવનમાં છાપ જુદી ઊભી થાય.

રાજાની માન્યતા પોષનારા થોડા લોકો મળી આવ્યા. તેમને તો આનંદ મળતો હતો; ખાવા, પીવા ને ખેલવામાં. તે લોકો રાજાને સમજાવતા હતા : 'આપણે રળીએ છીએ અને ભોગવીએ છીએ. એમાં દેવ ક્યાં આડે આવવાના છે' ?

રાણી કોઈ વ્રત કરે, તપ ઉપવાસ કરે, તે રાજાને ગમે નહિ. દાન આપવાં અને દેવને પૂજવા એ તો નબળાઈ છે; એમ રાજા જણાવે અને ઉમેરે :

'આપણે જાતે જ દેવ ! ઈન્દ્ર વગેરે દેવને કોણે જોયા છે, ભલા' ?

રાણી એનો ઉત્તર આપે નહિ, એટલે રાજાને મનદુઃખ થાય. રાજાની એ કઠોર વાણી સાંભળી રાણીને મનદુઃખ થાય.

આમ એ રાજાએ પરમાર્થનો માર્ગ છોડી દીધો હતો. ભોગ વિલાસ એ જ જીવનની સિદ્ધિ તેણે ગણવા માંડી. આને કારણે પ્રજાનાં સુખદુઃખ, શોક, સંતાપ, ન્યાયનીતિ જોવાની વૃત્તિ તેની ચાલી ગઈ.

પ્રજાજનોએ એ સ્વાર્થી રાજાને નભાવી લીધો; પણ તેના પોતાના ભોગ–

વિલાસે જ તેને દગો દીધો. તેના શરીરમાં જે રાજા તરીકેનું દૈવત હતું, તે ઓસરી ગયું. રોગને કારણે શરીર શિથિલ થઈ ગયું. માનોને કે શરીરનો રાજા ઇંદ્ર જ ચાલી ગયો હતો. ઇંદ્ર હોય, તો ઇંદ્રિયનાં વીર્ય અને સામર્થ્ય હોય !

દેવોનો શાપ ગણો કે ભોગવિલાસનું પરિણામ ગણો, રાજાનું પુરુષાતન ચાલી ગયું. તેનાં અંગે અંગે નારીનાં લક્ષણ જણાવા લાગ્યાં ને થોડા વખતમાં રાજા નારી બની ગયો. તેને તો જીવન અકારું થઈ પડયું. ભોગ વિલાસ તેને આકરાં લાગ્યાં. ખાવા પીવાના રાગ ચાલ્યા ગયા. કોઈની નજરે ચઢે, તેની તેને શરમ આવવા લાગી. એકલવાસ—અન્તઃપુરમાં જ ભરાઈ રહેવાનું તેણે તો પસંદ કર્યું.

રાજા હિંમત હારી ગયો, પણ રાણી હિંમત હારી નહિ. તેણે પવિત્ર વ્રત, તપ અને ઉપવાસ કરી પોતાની કાયા શુદ્ધ બનાવી હતી. તેણે દાન, યજ્ઞ, પરમાર્થનાં કાર્યો કરીને પ્રજાજનોને રાજી રાખ્યાં હતાં. પાસેના આશ્રમમાં મેધાતિથિ અને મેધ્યાતિથિ નામના બે ઋષિઓ નિવાસ કરતા હતા. પંચજનોને સાથે લઈ, રાણી શશ્વતી તેમની પાસે ગઈ અને રાજાની દશા સુધારવાનો ઉપાય પૂછયો. તે બંને ઋષિઓએ રાજાની અવદશાનું કારણ બતાવતાં જણાવ્યું:

'રાણી, રાજાના શરીરમાં વસતો ઇંદ્ર રૂઠયો છે. તેણે તે શરીરનો ત્યાગ કર્યો છે. જો રાજા ઇંદ્ર પાછો આવે, તો રાજાની દશા સુધરે,'

રાણીએ બે હાથ જોડી પ્રાર્થના કરતાં જણાવ્યું :

'ભગવન, તમે બંને ઋષિઓ છો. તમારા પર દેવરાજ ઇંદ્ર રાજી છે. તમે સ્તુતિ પ્રાર્થના કરી, રાજાને માટે ઇંદ્રને રાજી કરો તો અમારાં ભાગ્ય ખૂલે. કૃપા કરી અમારું આ કાર્ય સાધી આપો.'

બંને ઋષિઓએ આછું સ્મિત કરતાં જણાવ્યું :

'રાણી, અમારા પર ઇંદ્ર રાજી છે, એ વાત સાચી; પણ એ ઇંદ્રનો સોદો થાય નહિ. તમે સો રત્નો ખર્ચો, હજાર કે લાખ રત્નો ખર્ચો, તેથી કાંઈ વળે નહિ.

'દેવરાજ ઇંદ્રને રાજી કરવા તપ કરવાં પડે, વ્રત અને નિયમ આચરવાં પડે; સંયમનું સાધન તૈયાર કરવું પડે. આ બધું જ રાજાએ જાતે કરવાનું છે. બીજાએ કરેલાં તપ, ત્યાગ ને સંયમ કશા કામનાં નહિ.'

રાણી એ વાત સમજી ગઈ. તે રાજાને સમજાવી કરીને ઋષિના આશ્રમમાં લાવી. એક પવિત્ર પર્ણકુટિરમાં રાજા અને રાણીએ નિવાસ કર્યો. તપ અને સંયમના સાધનોથી રાજાના વિકારો શમવા લાગ્યા. આશ્રમના પવિત્ર વાતવરણમાં તેના

મનની શુદ્ધ વૃત્તિ જાગવા લાગી.

રાજાનાં વ્રત, તપ અને ઉપવાસમાં રાણીએ પણ સાથ સહકાર આપ્યા. બંને ઋષિઓએ પણ શુભ સંકલ્પ જગાડી, રાજાના પ્રાણમાં અને શરીરમાં નવાં ચેતન જગાડયાં. કાયાનો જાણે કે કલ્પ થઈ રહ્યો હતો. રાજાના અંગે અંગમાંથી નબળાઈ દૂર થવા લાગી ને ત્યાં દૈવત જાગ્યું.

રાજાએ ખૂબ ધીરજ અને સંયમથી વ્રત, તપ આચર્યાં. જ્યારે રાજાની કાયાની શુદ્ધિ થઈ ગઇ અને નવું ચેતન, નવી તાજગી જાગવાં લાગી; ત્યારે રાજા અને રાણીને ઇંદ્રયાગ કરવાની દીક્ષા અપાઈ. ઋષિઓએ દેવરાજ ઇંદ્રને પ્રસન્ન કર્યા. રાજાના શરીરમાં દેવરાજ ઇંદ્ર આવ્યા ને ઇંદ્રિયોનાં વીર્ય અને સામર્થ્ય પ્રગટ થયાં. રાજામાં પુરુષનાં લક્ષણો પ્રગટ થતાં રાણી શશ્વતી આનંદમાં આવી ગઇ.

હવે રાજા આસંગ પહેલાંનો કામી, સ્વાર્થી રહ્યા નહોતો. તેણે બંને ઋષિઓને પોતાના રાજ્યમાં બોલાવ્યા ને તેમની પ્રેરણા પ્રમાણે દાન, યજ્ઞ અને સેવા પૂજનનાં કાર્યો કરી, પ્રજા જીવનમાં નવી શ્રદ્ધા અને ભાવનાની સ્થાપના કરી.

**(૩) પર્વત અને નારદ**

સરસ્વતી નદી ધીર ગંભીર વેગે વહી રહી હતી. પાણીના આ પ્રવાહને કારણે બે પ્રદેશ બની ગયા હતા. એક આરાવત, આ કિનારાનો પ્રદેશ; બીજો પરાવત, પેલા કિનારાનો પ્રદેશ.

આરાવત પ્રદેશની એક ઝૂંપડીમાં **પર્વત** ઋષિનો વાસ હતો. નદીનો વેગ નીચે વહે, તે કુદરતી છે, એજ રીતે કુદરત–સ્વભાવને કારણે જે લાગણી મનમાં જાગે, તે અનુકૂળ ગણાય છે. **પર્વત** ઋષિ મનની અનુકૂળ લાગણીને અનુસરતો અને મન તરંગ વહે; એ પ્રમાણે કાર્ય કરતો અને મનના વિહારનો આનંદ અનુભવતો હતો.

પરાવત પ્રદેશની એક ઝૂંપડીમાં **નારદ** ઋષિનો વાસ હતો. ત્યાગ અને સંયમથી તેણે મનને કેળવી લીધું હતું, તેથી તેનું મન કુદરતી લાગણીને અનુકૂળ વહેતું ન હતું. નદીના વેગને રોકો, ને પ્રવાહને પ્રતિકૂળ બની જલને ઉપર ચઢાવો. તો તેમાં ભારે પરિશ્રમ કરવો પડે છે. નારદનો આશ્રમ ઉપરવાસ હતો અને એજ રીતે એ ઋષિનો સ્વભાવ પણ ઉત્તમ માર્ગે ઊંચે ચઢવાના પ્રયત્નમાં સદા સાવધાન રહેતો હતો.

કણ્વ મુનિના એ બંને પુત્રો હતા. સ્વભાવે બંને જુદા હતા; પણ માતા-

પિતાનાં વાત્સલ્યભર્યાં અમી સીંચાવાને કારણે બંનેના સંબંધ મીઠા હતા. ક્યાંક વનના માર્ગે, ક્યાંક કણ્વમુનિની સભાઓમાં, ક્યાંક સવન યાગોમાં; એમ ક્યાંક ક્યારેક બંને ભેગા થાય ત્યારે તો અશ્વિનીકુમારોની જોડ જેવા બંને ઋષિઓ સાથે રહેતા હતા. બંને સાથેજ ઇંદ્રની સ્તુતિ ગાતા ને સાથેજ સામના મધુર સ્વરો લલકારતા હતા.

બંને કિનારે સરસ્વતી વહી જતી; એમજ બંને ઋષિઓનાં જીવન પણ વહી જતાં હતાં. નારદને અવકાશ મળતો ત્યારે ઝૂંપડીની અંદર જ આસન જમાવીને મનનો નિરોધ કરી લેવો ગમતો ને તેમનો સમાધિવૃત્તિમાં સમય સરળતાથી પસાર થઈ જતો હતો. પર્વતને અવકાશ મળતો ને મનના તરંગો પ્રમાણે મનોરથ દોડતા અને વનની વાટે કે નદીના ઘાટે રખડવામાં તેને આનંદ આવતો હતો. દિવસો એજ પ્રમાણે પસાર થઈ જતા હતા.

તેના મન પર એક દિવસ તરંગ જાગ્યો. ઘણા દિવસ થયા; મોટાભાઈને મળાયું નથી. લાવ જરા એ બાજુ આંટો મારી આવું ને તેના પગ ઉપડ્યા. સરસ્વતીને કિનારે આવીને તેના પગ થંભી ગયા. તેને તો પારાવત–પેલે પાર જવાનું હતું અને આશ્રમ તો અદ્ધરવાસ–પ્રવાહને પ્રતિકૂળ જઈએ, ત્યારેજ આવે.

તેના મનના એક તરંગે તેને પારાવત તરફ પ્રતિકૂળ માર્ગે જવાની ના પાડી; ત્યાં તો બીજો તરંગ ઉઠયો, 'નદીના પ્રવાહો અનુકૂળ અને પ્રતિકૂળ હોય, મનોરથ તો બંને બાજુ ગતિ કરી શકે. તેને વળી ઊંચું શું ને નીચું શું ? આ પાર શું કે પેલે પાર શું ?'

આમ બીજા તરંગનો વિજય થયો ને તેણે સરસ્વતીમાં ઝંપલાવ્યું. તેને તો સામે વેગે જવાનું હતું. પણ મનોરથ જાગ્યો હતો. એટલે સાહસ ને હિંમતનાં કાર્યો પણ સધાઈ જાય.

તે આશ્રમે જઈ પહોંચ્યો, ત્યારે ઝૂંપડી અંદરથી બંધ હતી. તે જાણતો હતો કે 'અવકાશ મળે મોટાભાઈ સમાધિમાં બેસી જાય છે.' આશ્રમની વનભૂમિમાં તેણે બેચાર આંટા લીધા. નદી પાર કરવાથી થાક લાગ્યો હતો. વનભૂમિનાં પાકાં ફળ જોઈ, ભૂખ તરસ લાગી ને ફળ તોડી તોડીને તેણે ખાવા માંડ્યાં. ઝૂંપડીને દરવાજે તેણે ત્રણ ટકોરા માર્યા અને દરવાજો ખોલી ઋષિ બહાર આવ્યા. તેમણે વિસ્મય પામી પૂછ્યું : 'અરે, પર્વત, તું આ બાજુ ક્યાંથી ?'

'મોટાભાઈ, ઘણો વખત થયો તમને મળે; એટલે મનોરથ જાગ્યો અને આ બાજુ દોડી આવ્યો'. સહજ સરળભાવે તેણે જણાવ્યું.

ઝૂંપડીમાં બંને બેસી શકે એટલી જગા હતી નહિ એટલે વનવૃક્ષની શીતળ છાંયમાં બેસવા બંને આગળ ચાલ્યા. વૃક્ષ પર બે ચાર પાકાં ફળ હતાં તે નહિ જોતાં નારદ ઋષિએ પૂછ્યું:

'ભાઈ પર્વત, આ વૃક્ષ પર પાકાં ફળ હતાં ને ?'

'હા, મોટાભાઈ, મને ભૂખતરસ લાગ્યાં હતાં એટલે ફળ તોડીને મેં ખાધાં.'

'ફળ લેતા પહેલાં તેં કોઈને પૂછ્યું હતું ?'

'ના, મોટાભાઈ; આપ તો અંદર હતા ને મને ભૂખતરસ લાગ્યાં હતાં. ફળ પાકાં થયેલાં જોયાં અને મન લલચાયું, કોઈ અપરાધ તો નથી થયો ને ?' મનના તરંગ પ્રમાણે કામ કરનાર પર્વતને કાંઈ અજુગતું લાગ્યું નહોતું, પરંતુ મન પર પૂરેપૂરા સંયમને કેળવનાર નારદને તો જરા સરખી ભૂલચૂક પણ લોભ લાલચના વેગને વધારી દે એમ લાગતું હતું, તેથી એમણે જણાવ્યું :

'ભાઈ, ભૂખતરસના વેગ તો શમી જાય, પણ કોઈની ચીજ પૂછ્યા વિના લેવી એ તો અપરાધ ગણાય. તેં લાલચને વશ થઈ આ પાપ કર્યું છે.'

'મોટાભાઈ, આપની વાત મારી સમજમાં આવે છે. સાચે જ મેં અપરાધ કર્યો છે. એ માટે આપ જે દંડ કરશો તે ભોગવવા હું તૈયાર છું.'

'ભાઈ, તારા અપરાધની શિક્ષા મારાથી ન થાય. જે સારા નરસા કાર્યનો વિવેક કરી શકે અને જે ન્યાય નીતિ સમજી શકે તેવા કો'ક ન્યાયાધીશ પાસે આપણે બંનેએ જવું જોઈએ.'

'મોટાભાઈ, અહીં એવા ન્યાયાધીશ ક્યાંથી મળે ?'

'આપણા પિતા કણ્વમુનિ ન્યાયપ્રિય અને વિવેકી છે. આપણે એમની પાસે જઈએ.'

આ બંને ઋષિ ન્યાય મેળવવા માટે કણ્વમુનિ પાસે પહોંચી ગયા. નારદે વગર પૂછ્યે ફળ લીધાની ફરિયાદ કરી અને પર્વતે અપરાધનો સ્વીકાર કરી જે શિક્ષા કરવામાં આવે તે ભોગવવાની તૈયારી બતાવી. એ બંનેની વાત સાંભળી કણ્વમુનિ વિચારમાં પડી ગયા; જાણે કે કો'ક પ્રશ્ન ગંભીર હોય ને એને એ ઉકેલી રહ્યા હતા. થોડી વારે એમણે આંખો ખોલી, મુખ પર આછું સ્મિત કર્યું અને ગંભીર ભાવે જણાવ્યું :

'નારદ, તારી ફરિયાદ સાચી છે, પર્વત અપરાધી છે, પણ એ પોતાની ભૂલનો સ્વીકાર કરે છે માટે તમે એને માફ કરો તો એને કોઈ દંડ ભોગવવો પડે નહિ.'

'પિતાજી, હું પર્વતને માફી આપું છું. એ સાચો છે.' મોટાભાઈએ ઉદાર બની માફી આપી, પણ પર્વત એ માનવા તૈયાર નહોતો; એણે તો આગ્રહથી જણાવ્યું:

'પિતાજી, મોટાભાઈ તો ઘણા ઉદાર છે, પણ મારે માફી જોઈતી નથી. જે અપરાધ થયો હોય તેનો દંડ ભોગવવો જ જોઈએ. માફી માગવાથી કે આપવાથી તો માણસ ફરી પાપ કરે અને પાપની પરંપરા વધતી જાય. શિક્ષા ભોગવી લેવાથી તો પાપનો અંકુર જ સુકાઈ જાય છે, માટે આપ મને શિક્ષા ફરમાવો તે દંડ ભોગવીને હું પાપથી મુક્ત થઈ જઈશ.'

પર્વતની એ મક્કમતા જોઈ પિતા રાજી થયા. એમણે હસતાં હસતાં જણાવ્યું: "પર્વત, રાજા વરુણે ન્યાયનીતિના નિયમ ઘડ્યા છે; એ નિયમોનો જે ભંગ કરે તેમને શિક્ષા કરવાનાં શાસન પણ એમણે જ ઘડ્યાં છે. એમના કાયદા પ્રમાણે તો તારા બંને હાથ કાપી નાખવા જોઈએ, કારણ કે લોભ લાલચને વશ થઈ તેં ફળ તોડચાં છે, માટે અપરાધની શિક્ષા તારે ભોગવવી જોઈએ.'

પર્વત ઋષિએ જરા પણ ગભરાયા વિના જ વરુણનાં શાસન સ્વીકારી લીધાં અને એણે બંને હાથ કપાવી નાખ્યા.

સવારનો સમય હતો ને કણ્વ મુનિના આશ્રમમાં બધા ઋષિમુનિઓ નિત્યકર્મ કરવામાં ગૂંથાયા હતા. પાસે જ સરસ્વતી નદી વહેતી હતી. પિતાજીની આજ્ઞા થતાં જ નારદ અને પર્વત સ્નાન કરવા ગયા. સ્નાન કરી લીધા પછી નારદ ઋષિએ સૂર્યને અર્ઘ્યનાં જલ આપવા બંને હાથની અંજલિ જોડી. પર્વત ઋષિ પણ નિત્ય નિયમિત રીતે સૂર્યને અર્ઘ્ય આપતો હતો. મોટા ભાઈના સંગમાં આવવાથી એને હૈયે અનેરો આનંદ હતો અને એથી પોતાના બંને હાથ કપાઈ ગયા છે એના દુઃખની પીડા તો દૂર રહી, બંને હાથ નથી એ વાત પણ એ વીસરી ગયો હતો.

મોટાભાઈને અંજલિ ભરી અર્ઘ્ય આપતા જોઈ એણે પણ સરસ્વતીનાં જલ લેવા ઠૂંઠા હાથ ફેલાવ્યા. જેમ કમળની દાંડીમાંથી કમળ ખીલી ઊઠે તેમ જ બંને ઠૂંઠા હાથમાં કમળ જેવા બે હાથ ફૂટી આવ્યા અને પર્વતે સૂર્યને જલ ભરીને અર્ઘ્ય આપ્યા.

નારદ એની સામે જોઈ રહ્યા ને એ આશ્ચર્યમુગ્ધ બન્યા હતા. પર્વતને પણ યાદ આવ્યું કે 'પોતાના બે હાથ તો કપાઈ ગયા હતા, ત્યારે આ બન્યું શી રીતે ?'

'એ તો મહારાજ વરુણની કૃપા.' એ પ્રકારનો નિર્ણય પણ કણ્વમુનિએ આપ્યો અને બંને ભાઈ આનંદથી ભેટીને છૂટા પડ્યા.

### ૪. ત્રિશોક અને નાભાક

નૃપદના પુત્ર એ કણ્વમુનિ હતા. દૂર ગિરિની એક નાની ગુફા મળી ગયેલી. એમાં રાતવાસો કરવો, દિવસે તો એકલા વિચરવું અને ક્યાંક ફળમૂળ મળી જાય તેનાથી ભૂખ તરસ શમાવવાં.

નાનાં નાનાં ગામોમાં પ્રજાજનો વસેલા ત્યાં જવાનું આ મુનિને ગમતું હતું. બાળક જેવો ભલો ભોળો સ્વભાવ હતો તેથી એ બધાની સાથે ભળી જતા હતા. સવારથી સાંજ સુધી ગામમાં નાની મંડળી જામે અને એ ઋષિ ગામ આખું ફર્યા કરે; સાંજ પહેલાં તો ગુફામાં આવી જાય.

એ બાજુના જંગલમાં બક નામનો રાક્ષસ રહે. એ ગામડાંનાં પ્રજાજનોને ખૂબ જ રંજાડે. અકસ્માત્ ગામમાં આવી પડે ને ગામ આખું ઉજ્જડ કરી નાખે. કોઈ પ્રજાજન હિમ્મતથી એની સામે જઈ શકે નહિ. એના ત્રાસથી તો કેટલાંય ગામડાં તારાજ થઈ ગયેલાં.

ગામડાંનાં ભલાં એ પ્રજાજનોએ કણ્વમુનિને બકના ત્રાસની વાત કરી. આ તો દયાળુ મુનિ. એમણે રાક્ષસના ત્રાસથી પ્રજાજનોને મુક્ત કરવા વચન આપ્યું અને એ મુનિ એકલા જ જંગલને માર્ગે ચાલી નીકળ્યા.

બકનો એટલો બધો ત્રાસ હતો કે એના જંગલમાં કોઈ પ્રજાજન તો જતું જ નહિ, પાળેલાં પશુઓ અને પક્ષીઓ પણ એ તરફ જતાં નહિ. નિર્જનતાને કારણે એ જંગલ વધારે ભયાનક લાગતું હતું.

કણ્વમુનિને હૈયે તો ભય જાગ્યો જ નહોતો તેથી એમને નિર્જન વન પણ ભયાનક નહોતું લાગતું; એ તો આનંદની મસ્તીમાં ચાલ્યા જતા હતા. એમ ચાલતાં ચાલતાં એ તો બકના નિવાસે જઈ પહોંચ્યા.

બપોરનો સમય હતો; બક તો ગાઢ નિદ્રામાં પડ્યો હતો. એની પુત્રી આંગણામાં ફરતી હતી તેણે દૂરથી કણ્વમુનિને જોયા અને એ તો આશ્ચર્ય પામી ગઈ. આવી રીતે મસ્ત ગતિએ ડોલતા માનવીને એણે કદી જોયો ન હતો.

એ તો ઉતાવળી મુનિ પાસે આવી પહોંચી અને એમને કહેવા લાગી : 'અરે તમે કોણ છો ? આ બાજુ ભૂલા તો નથી પડયાને ? તમને ખબર છે, તમે આ કોના નિવાસમાં આવ્યા છો ?'

એના પ્રશ્ન સાંભળી મુનિ તો ખડખડાટ હસી પડ્યા અને સાવ સરળ ભાવે એમણે ઉત્તર આપ્યો : 'દેવી, મને જોઈને તમને આશ્ચર્ય થાય છે ? અહીં બક નામનો રાક્ષસ છે એ હું જાણું છું અને હું એને મળવા આવ્યો છું. તમે એનાં પુત્રી છો ?' એ મુનિની સાવ નિખાલસ વાણી સાંભળી એ રાક્ષસપુત્રી પણ ખડખડાટ હસી પડી. એણે અત્યંત સરળ ભાવે જણાવ્યું:

'મુનિ, તમે માનો છો તેટલી સરળતાથી મારા પિતા તમને નહિ મળે; એ તો અત્યંત ભયંકર, ક્રૂર અને ઘાતકી છે. માણુસને તો એ જીવતો મૂકતા નથી.

'પણ તમને જોતાં મારું હ્રદય ભરાઈ આવે છે. તમને મારે કેવી રીતે બચાવી લેવા એ જ વિચારમાં હું પડી છું. તમે મારી વાત માનો તો હું તમને આ ગુફામાં સંતાડી દઉં. મારા પિતા જંગલમાં જાય એ પછી તમે બહાર આવજો અને મારી સાથે આનંદ કરજો.'

'દેવી, મારે છુપાવાની જરૂર નથી; મારે તો તારા પિતાને મળવું છે, એની સાથે મિત્રતા કરવી છે. એને તું મારા આવ્યાની ખબર આપ.'

મુનિની એ સાદી વાણી રાક્ષસી સમજી શકી નહિ. પિતા જાગે તો શું થાય એની ભયંકરતા એણે જાતે જોઈ હતી. આવા સુંદર ભલા મુનિને કાળના કોળિયામાં જતા શી રીતે અટકાવવા એની વિચારણામાં એ તો પડી ગઈ હતી. મુનિએ એ જોયું, પણ એમને કોઈ ચિંતા નહોતી. જ્યાં બક સૂતો હતો ત્યાં એ પહોંચી ગયા અને એને માથે હાથ ફેરવતાં એમણે મીઠી વાણીથી જણાવ્યું :

'ભાઈ બક, જાગો. હું તમારો મિત્ર છું, તમને મળવા આવ્યો છું.' રાક્ષસ સફાળો જાગ્યો. પોતાની પાસે એક માનવીને બેઠેલો જોઈ એ તો વિસ્મય પામી ગયો. 'તમે કોણ છો ?' એમ પૂછવા જાય તે પહેલાં તો મુનિએ પ્રેમથી ભરેલી મીઠી વાણીમાં જણાવ્યું :

'ભાઈ, બક, હું તમારો મિત્ર છું. તમે મને ઓળખ્યો નહિ ? આપણી તો જન્મજન્માંતરની મૈત્રી. આ ભવાટવીમાં આપણે તો ફર્યા જ કરીએ છીએ, કયાંક ભેગા થઈએ, છૂટા પડીએ ને પાછા ભેગા થઈએ.'

એ બક તો સામે જોઈ જ રહ્યો. એણે આવી મીઠી મધુરી પ્રેમથી ભરેલી વાણી સાંભળી જ નહોતી. એ પોતે એટલો ક્રૂર હતો કે એનાં પોતાનાં કુટુંબીજન પણ એનાથી ભય પામતાં હતાં, ત્યાં પ્રેમથી વાત કરવાની તો કોઈ હિમ્મત જ ન કરે. એ અત્યંત નમ્ર બની ગયો. એણે હાથ જોડી જણાવ્યું :

'મુનિ, મેં તમને કદી જોયા નથી, પણ તમારી આ વાણીએ મને પરવશ બનાવી દીધો છે. "હું તમારો મિત્ર છું" આ વાત તો હું મારા જીવનમાં પહેલી વાર જ સાંભળું છું. ફરમાવો, શી આજ્ઞા છે ?'

'હું આજ્ઞા આપવા નથી આવ્યો, હું તો તમારી સાથે મૈત્રી કરવા આવ્યો છું. તમારી પાસે બલ છે, મારી પાસે બુદ્ધિ છે. બલ અને બુદ્ધિનો યોગ સધાય તો ઘણાં સારાં કામ થાય.'

'તમારી આ માગણી સાંભળી મને આશ્ચર્ય થાય છે. મૈત્રી કરવી એ તો મારા સ્વભાવમાં જ નથી. મારે હાથે ઘણાં ક્રૂર કર્મ થયાં છે; આ હાથે સારાં કામ થાય શી રીતે ? હું તો રાક્ષસ છું અને તમે ઋષિ છો; આપણો મેળ શી રીતે બેસશે ?'

'ભાઈ, હું માનવ છું અને તમે પણ માનવ છો; ઋષિ કે રાક્ષસ એ તો મનના ભેદ છે. તમે તમારા મનથી માની બેઠા છો એ રીતે તમે વર્તો છો. એ મનમાં શુભ સંકલ્પ જગાડો અને જુઓ કે તમારો આખો વ્યવહાર બદલાઈ જશે, તમારું જીવન સુધરી જશે.'

'ઋષિ, તમે આ ડાહી ડાહી વાતો કરો છો, પણ મને તમારામાં વિશ્વાસ આવતો નથી. તમે મને ફસાવા માગો છો. તમને અહીં કોણે મોકલ્યા છે એ કહો. તમારી પર મને ભાવ તો જાગ્યો છે. તમે કોઈ જાદુ કરી મને મોહવશ કર્યો છે, નહિ તો તમે મારો એક કોળિયો બની ગયા હોત. તમે મારું એક કામ કરશો ?'

'બોલો, મારે તમારી સાથે મૈત્રી કરવી હોય તો મારે તમારું કામ કરવું જોઈએ અને મારું કામ તમારે કરવું જોઈએ.'

'ઋષિ, મારી આ પુત્રી ઘણી જ ભલી અને ભોળી છે. આ જંગલમાં ઋષિઓ અને મુનિઓ રહે છે તેમની પાસે એ છોકરી જાય છે, પણ બધા એનો તિરસ્કાર કરે છે; કોઈ એને પ્રેમથી બોલાવતું નથી. એ બિચારી દુઃખી દુઃખી થઈ પાછી ફરે છે અને મારી પાસે આવી હૈયાફાટ રડે છે. હું એને ઘણું આશ્વાસન આપું છું. મારી પુત્રી તો બીજાને ખાઈ જાય એવી હોવી જોઈએ, એને બદલે આ તો

સાવ ઢીલી છે. તમે મારી પુત્રી સાથે લગ્ન કરશો ? તમે એનાં દુઃખ શોક હરી લેશો તો તમારો મોટો ઉપકાર ગણાશે'.

બકની એ વાત સાંભળી મુનિ વિચારમાં પડી ગયા. એ એકલા જ રહેતા હતા; પરણવાનો તો એમને વિચાર સુધ્ધાં આવ્યો નહોતો. 'આ રાક્ષસની પુત્રી સાથે પરણું તો એનું કલ્યાણ થાય.' એ કલ્યાણનો વિચાર ઋષિને હૈયે જાગ્યો ને એમણે જણાવ્યું:

'બક, તમારી પુત્રી સાથે હું જરૂર લગ્ન કરીશ. એ રીતે આપણો મૈત્રીનો સંબંધ દૃઢ થશે. બોલો, એ માટે કોઈ શરત છે?'

'હા, એક શરત છે. મારી પુત્રી સાથે લગ્ન કર્યા પછી તમારે અહીં જ રહેવાનું. મારી પુત્રી અને મારાં કુટુંબીજન તમારી સેવાચાકરી કરશે અને તમારો પડેલો બોલ ઝીલી લેશે.'

એ બક રાક્ષસની પાસે ઋષિ આવ્યા હતા ત્યારે એમણે મનથી પણ ધાર્યું નહોતું કે એ રાક્ષસના ઘરજમાઈ બનવું પડશે. જે રાક્ષસ હિંસાને માર્ગે હતો તેને કલ્યાણને માર્ગે દોરવા માટે મુનિએ તો સાહસ કર્યું હતું; જે લોકો રાક્ષસના ત્રાસથી ભયભીત બની ગયા હતા તે લોકોને નિર્ભય બનાવવા એમણે આ માર્ગ લીધો હતો.

એ બકને મુનિનો સહવાસ મળ્યો અને એનો સ્વભાવ બદલાઈ ગયો. એણે ક્રૂર અને ઘાતકી કર્મો આપોઆપ છોડી દીધાં. આજુબાજુ ગામોમાં રહેતાં પ્રજાજન રાક્ષસના ત્રાસથી મુક્ત થયાં. એ કણ્વમુનિને લોકો પોતાના ઉદ્ધારક દેવ ગણવા લાગ્યાં.

બકની પુત્રીએ મુનિના સહવાસમાં રહીને પવિત્ર જીવન ગાળવા માંડ્યું. એણે બે પુત્રોને જન્મ આપ્યો : એક ત્રિશોક અને બીજો નાભાક.

એ બંને પુત્ર એક જ માતા પિતાનાં સંતાન હતાં, પરંતુ બંનેના સ્વભાવમાં ઘણો મોટો ફરક હતો. ત્રિશોકમાં મોસાળના ગુણ ઊતર્યા હતા. એ ઘણો જ બળિયો હતો. બાલપણથી જ એણે હિંસાનાં કાર્ય કરવા માંડ્યાં. નાભાક તો અત્યંત સરળ અને ઋજુ સ્વભાવનો; પિતાના ગુણોની સાક્ષાત્ મૂર્તિ જોઈ લો !

કણ્વમુનિએ લોકનાં કલ્યાણ કરવા માટે સંસાર માંડ્યો હતો. એમનું પ્રયોજન સિદ્ધ થઈ ગયું હતું. એમણે ઘરસંસાર છોડી દીધો અને ફરી પાછા પેલી નિર્જન ગિરિગુફામાં રહેવા ચાલ્યા ગયા.

સરસ્વતીને કિનારે નાભાકે એક નાની ઝૂંપડીમાં નિવાસ કર્યો. પેલો બક રાક્ષસ અને એની પુત્રી તો પરલોક સિધાવ્યાં, પણ પુરાણી મૂડી તરીકે પોતાની રાક્ષસ જાતિનો ક્રૂર સ્વભાવ ત્રિશોકને આપતાં ગયાં. પહેલાં બક રાક્ષસનો ત્રાસ હતો તેવો જ ત્રાસ એ ત્રિશોકે શરૂ કર્યો હતો ને પ્રજાજનો એનાથી ત્રાહિ ત્રાહિ પોકારી ગયાં હતાં. એ પ્રજાજનો નાભાક પાસે ગયાં અને ત્રિશોકના ત્રાસની વાત કરી. નાભાકે એમને ધીરજ આપતાં જણાવ્યું:

'કર્મના જેવા પરિપાક હોય તેવા જ મનના સ્વભાવ બને છે. કો'ક તીવ્ર આવેગ હોય તેને શમતાં વાર લાગે છે. વર્ષા ઋતુમાં નદીઓના વેગ એટલા વધે છે કે એ કિનારાના કિનારા તોડી નાખે છે, પણ શરદ આવતાં પાણીના પ્રવાહ કિનારાની મર્યાદાઓ સાચવીને ચાલે છે.

'મારો ભાઈ ત્રિશોક અત્યારે મોહના વેગમાં છે. બક રાક્ષસ એવા જ તીવ્ર વેગમાં હતા, પણ સમય જતાં એમના વેગ શમી ગયા. આ ત્રિશોકના વેગ પણ શમશે ને એને સાચી વાત સમજાશે.'

નાભાકની એ સમજણ કાંઈ પ્રજાજનોને ગળે ઊતરી નહિ; એમને તો તત્કાળ ફળ જોઈતાં હતાં. એ બધાં નિરાશ થઈને ચાલ્યાં ગયાં. નાભાકને એમની પર દયા આવી. એમણે એક નિશ્ચય કરી લીધો અને જ્યાં ત્રિશોક રહેતો હતો તે જંગલમાં એ પહોંચી ગયા.

બપોરનો સમય હતો. ત્રિશોક સૂતો હોતો. એની પાસે બેસીને નાભાકે એના માથે હાથ ફેરવવા માંડયો અને સ્નેહથી જણાવ્યું:

'ભાઈ, ત્રિશોક, જાગો; ઘણું ઘણું સૂતા, હવે તો જાગો.' એ મધુર અમી ઝરતી વાણી સાંભળી જાગ્યો.

'કોણ, મારા ભાઈ, મારા મોટા ભાઈ, નાભાક ? તમે ક્યાંથી ?'

'ભાઈ, વર્ષો પહેલાં આપણા નાના દાદા બક બપોરના આ રીતે જ સૂતા હતા અને આપણા પિતા કણ્વમુનિએ આવી એમને જગાડયા એ સાથે એમનો સ્વભાવ બદલાઈ ગયો.

'મોટાભાઈ, સ્વભાવ બદલવો અઘરો છે. એ દાદા પર તો આપણા પિતાએ જાદુ કર્યો હતો, ભૂરકી નાખી હતી. ના, મારે સ્વભાવ બદલવો નથી. મોટાભાઈ, તમે જાઓ. મારું જે થવાનું હશે તે થશે. પિતાએ તો એકલવાસ છોડી ઘર-સંસાર માંડયો. એમને ગમ્યું નહોતું, પણ લોકોનાં ભલાં કરવા એમણે આ પગલું

માંડ્યું. એ પિતાનો સ્વભાવ તમે જીરવી લીધો, મને મોસાળની મૂડી મળી છે. મારે સુધરવું નથી.'

'ભાઈ, ત્રિશોક, આ તું શું બોલે છે? આ સંસારના ત્રણ ત્રણ શોક દૂર કરવા માટે તારો જન્મ થયો છે, એને બદલે તું શોક ને મોહને વશ થયો છે? તું જ્યાં જાય છે ત્યાં વિજય મેળવે છે, પણ શું તારા સ્વભાવથી જ તું હારી ગયો?

'ભાઈ, વિચાર તો કર. આપણા પિતા કોણ? આપણી માતા કોણ? ભલે માતા રાક્ષસ જાતિમાં જન્મી, પણ સ્વભાવે તો એ દેવી હતી. એણે જીવનભર વ્રત અને તપ કર્યાં. આ તારી નબળાઈ છે. તું તારી માન્યતાને વશ થઈ હારી બેઠો છે. તારામાં સમજણ છે, વિવેક છે; તારી નિર્બળતાને ખંખેરી નાખ. ઊભો થા, વીર! તારા અંતરમાં બેઠેલા ઇદ્રને જગાડ, તારા શત્રુઓ પર વિજય મેળવ, તારા અંતરને ઓળખી લે.'

નાભાકનાં એ વચનોએ ધારી અસર કરી. ત્રિશોકનું હૃદય પીગળી ગયું. એણે મોટાભાઈના ખોળામાં માથું મૂકી દીધું. પોતાના કરેલા પાપનો એને પસ્તાવો થવા લાગ્યો. એ ધ્રૂસકે અને ધ્રૂસકે રડવા લાગ્યો ને એનાં બધાં જ પાપ ધોવાઈ ગયાં, એના જીવનનું પરિવર્તન થઈ ગયું.

નાભાક ઋષિ હતા, મંત્રદ્રષ્ટા હતા. ત્રિશોક પણ ઋષિ બની ગયો, મંત્રદ્રષ્ટા બન્યો અને એણે દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરી અંતરના દેવને જગાડ્યા.

### ૫. મત્સ્ય અને અદિતિ

યમુનાનો કિનારો હતો. આ કિનારે અને પેલે કિનારે નાની મોટી હોડીઓ ઝૂલતી હતી. માછી લોકોનાં ઘર કહો, સંસાર કહો કે મૂડી કહો, આ હોડીઓ હતી. આ પારે ઉતારુ ઊભો હોય તેને પેલે પારે લઈ જવો, પેલે પારે ઊભો હોય તેને આ પારે ઉતારી લેવો, એ એમનો વ્યવસાય હતો.

બંને પારે રહેનારા માછીઓ મીઠા સંબંધથી જોડાતા. આ પારે રહેતો માછી પેલે પારની માછણને પરણે. માછણને આ પારે પિયર હોય તો પેલે પારે સાસરું હોય. માછીઓમાં કલહકંકાસ પણ થતા અને મીઠા મધુર ઘરસંસાર પણ ચાલતા. જલના તરંગો અને પરપોટા જેવા એમના સંબંધ હતા.

હા, એ માછી લોકો જલ પર જન્મતા હતા, જલમાં ખેલતા કૂદતા હતા, જલમાં જીવતા અને જલમાં જ ડૂબતા હતા. હોડી એમની મૂડી હતી, તો માછલી એમનો ખોરાક હતો. એ લોકો માછલીને પાળતા, પ્રેમ કરતા, જલદેવી ગણીને

પૂજતા પણ ખરા. એને બલિ પણ આપતા, એથી પેટપૂજા પણ કરી લેતા. મોટું માછલું નાના માછલાને ગળી જાય, એક જીવને બીજા જીવ પર જીવવાનું, એ કુદરતી નિયમોને અનુસરી એમનો જીવનનિર્વાહ ચાલતો હતો.

આ માછી લોકો નાના નાના **સંઘ** રચતા, મંડળીઓ બનાવતા અને જીવન-ધોરણ માટેનાં **શાસન** પણ ઘડતા. એ શાસન ચલાવવા માટે મુખિયાની નિમણૂક થતી ને એના હાથમાં શાસનનો દોર સોંપાતો હતો.

એમાંનો એક ગાધિરાજ સામે પારે રહેતો. એનું નામ હતું **મહામીન સંમદ.** પેલી પારના માછીઓ એનાં શાસન પાળતા, પણ આ પારના માછીઓ એની બહુ પરવા કરતા નહિ. સંમદ ઉદાર હતો, ગુણમાં મહાન હતો. એણે શાસનનો દંડો છોડી દીધો અને સ્નેહનાં અમી સિંચવા માંડયાં. આ પારની મંડળીના મુખિયાને એણે સ્નેહના કાચા તંતુએ બાંધી દીધો. એણે પોતાની પુત્રી આપી અને પોતાનું શાસન પણ સોંપી દીધું. આમ સંમદ મહામીન બન્યો, ગાધિરાજ બન્યો, ને એક-છત્ર રાજ્ય ચલાવી માછી લોકોનો પ્રિયપાત્ર બની ગયો.

એને એક પુત્ર થયો તેનું નામ **મત્સ્ય** રાખ્યું. આ પારે રહેતા અને પેલી પારે રહેતા બંને માછી લોકોનો એ તો માનીતો રાજકુમાર. બધા એને **મત્સ્યરાજ** કહેતા. નાની નાની હોડીઓ જોડીને બાલમિત્રોની સાથે એ દૂર દૂર જલવિહાર કરવા પહોંચી જતો.

જીવન નિભાવવા માટે માછલી પકડવી એક વાત છે, જીવનમાં આનંદ વિનોદ કરવા રમત ગમત કરવા માછલી પકડવી એ એક જુદી વાત છે. માછલું માછલાને ગળી જાય છે તેથી મોટો ત્રાસ ઊભો થતો નથી; નાનાં મોટાં સાથે જ જન્મે છે ને સાથે જ રહે છે.

આ મત્સ્યરાજને માછલાં પકડવાનો શોખ જાગ્યો હતો. નાની મોટી જાળ ગૂંથવી, દૂર દૂર જલના પ્રવાહોની સાથે હોડીને વહેવા દેવી, પ્રવાહની સામે થઈ હોડીઓ ખેંચવી ને માછલાં પકડવાં, એ તો એનો રોજનો ક્રમ થઈ ગયો હતો.

જલમાં વસતાં માછલાં પણ જાણે કે એ મત્સ્યરાજની હોડીને જાણી ગયાં હતાં. એની જાળમાં સપડાવાય નહિ એ માટે ખૂબ જ સાવધાન રહેતાં હતાં. પાણીમાં દોડાદોડ કરતાં ને આઘાંપાછાં ભાગી જતાં માછલાંને જોઈ મત્સ્યરાજ પણ મદમાં આવી જતો. જે માછલું જાળમાં ફસાય નહિ ને દૂર ભાગી જાય તેને પકડવામાં એ ગર્વ અનુભવતો અને એના સાથીદારો એના એ મદને પોષતા, પંપાળતા હતા.

એક દિવસ એ મત્સ્યરાજ ખૂબ દૂર નીકળી ગયો. એણે નાખેલી જાળમાં ઘણાં બધાં માછલાં પકડાઈ ગયાં છતાં એનો શોખ પૂરો થયો નહિ. એને એક વિચાર આવ્યો: 'આ માછલાં તો પાણીમાં જીવે; એને બહાર કિનારા પર મૂકયાં હોય તો એ જીવે કે નહિ ?'

એના તરંગને, એના મદને પોષવા સાથીઓ તૈયાર હતા. એઓ જાળમાં પકડાયેલાં માછલાંને કિનારે ઘસડી ગયા ને રેતીમાં એમનો ઢગલો કર્યો. માછલાં ત્યાં તરફડવા લાગ્યાં.

એ જળમાં એક દેવી રહે, અદિતિ; એ તો દેવમાતા અને એ પોતે અદીન સ્વભાવની, પણ એ દીન જનો પર દયા કરે. જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતાં એ માછલાંએ અદિતિને યાદ કરી ને એની સ્તુતિ કરી. મત્સ્યરાજ ઘણે દૂર નીકળી ગયો હતો, થોડા સાથી ત્યાં કિનારે ઊભા હતા.

માતા અદિતિ પ્રગટ થયાં ને માછલાંને જળમાંથી છોડી દેવા જણાવ્યું. દેવીને હાથ જોડીને પ્રણામ કર્યા ને એમણે માછલાંને છોડી મૂકયાં; ત્યાં મત્સ્યરાજ આવી પહોંચ્યો.

પાણી વિના માછલાં જીવે છે કે મરે છે એનું એને પારખું લેવું હતું; અહીં તો એકેય માછલું જ નહિ, સાથીદારોએ એને જણાવ્યું:

'દેવી અદિતિ પ્રગટ થયાં અને એમની આજ્ઞાથી માછલાંને છોડી દીધાં.'

સાથીઓની વાત પર એને વિશ્વાસ આવ્યો નહિ. 'આ જળમાં વળી દેવી કોણ અને દયા શાની ? આ માછલાં પર આપણો પૂરેપૂરો અધિકાર. આપણે વળી કોની આજ્ઞા પાળવાની ?'

એ મત્સ્યરાજ મદમાં છકેલો હતો, એના હૈયે દયા કે પ્રેમની લાગણી જાગે કયાંથી ? સાથીઓને છોડી એ એકલો જ દૂર દૂર નીકળી ગયો.

એ એકલો જ હતો ને હોડી વહી જતી હતી; ત્યાં તો એક મોટા વમળમાં એની હોડી ફસાઈ ને ઊંધી પડી ગઈ. મત્સ્યરાજ ઊંડા પાણીમાં નીચે ઊતરી પડયો. સારો તરવૈયો તો એ હતો જ; ડૂબકી મારીને નીચે સુધી પહોંચી જવું ને ઉપર આવી જવું એ તો એને મન રમત હતી.

એ મહેનત કરીને ઉપર આવ્યો, પણ ત્યાં એક મોટું માછલું મોં ફાડીને ગળી જવા તૈયાર હતું. મત્સ્યરાજ ગભરાઈ ગયો. નાનાં માછલાંને મોટાં માછલાં

ગળી જતાં એ એણે જોયું હતું, પણ નાનાં માછલાંની શી દશા થાય એનો એને અનુભવ નહોતો. માછલાંને પાણીથી બહાર કાઢો ને એ તરફડે, એમના પ્રાણ ચાલ્યા જાય, પણ એ પ્રાણની શી કિંમત છે એની એને ખબર ન હતી.

'પોતે મત્સ્યરાજ છે, તો આ સામે મોં ફાડીને ઊભેલ મહામત્સ્ય છે; એનો એ એક જ કોળિયો ને જીવન પૂરું.'

મત્સ્યરાજને એ વાત સમજતાં વાર ન લાગી. એના મદ ગળવા લાગ્યા; એ પાણીમાં જ તરફડવા લાગ્યો. સાથીઓએ એને દયાની દેવી અદિતિ માતાની વાત કરી હતી ત્યારે એને અદિતિની વાત માનવા જેવી લાગી ન હતી.

મૃત્યુના મુખમાં પડેલાને દયાનાં મૂલ્ય સમજાય છે. મત્સ્યરાજ દીન બની ગયો. એણે અત્યંત નમ્ર બનીને માતા અદિતિને યાદ કર્યાં, એની સ્તુતિ કરી. એણે આંખો મીંચી દીધી હતી. એને ખાતરી થઈ હતી કે સામે ઊભેલ મહામત્સ્ય એક પળમાં ગળી જશે; ત્યાં તો એના કાને મીઠો સૂર સંભળાયો :

'વત્સ, મત્સ્યરાજ, ગભરાઈ ગયો ? તું તો જલનો જીવ. તારે જલમાં જીવવાનું ને મરવાનું, પછી ભય શાનો ?'

મત્સ્યરાજે આંખ ખોલીને જોયું તો પોતાની સામે દયાની દેવી અદિતિ માતા ઊભાં હતાં. એના મદ ચૂરવિચૂર થઈ ગયા હતા. એણે આ પહેલાં જે પાપ કર્યાં હતાં તે એની સામે દેખાતાં હતાં. તરફડતાં માછલાં એને પોકારી રહ્યાં હતાં : 'દયા કરો, દયા કરો.'

માતા અદિતિએ એને શુભાશિષ આપી અને એ મત્સ્યરાજનાં જીવન સુધરી ગયાં.

## ૬. કૃશાશ્વ અને અપાલા

એ હતા કૃશાશ્વ ઋષિ. પરુષ્ણી નદીને કિનારે પર્ણકુટી હતી, આંગણે અગ્નિશાળા હતી. અગ્નિના રક્ષણ માટે ઋષિએ લગ્ન કર્યાં હતાં.

અત્રિ ઋષિની પુત્રી અપાલા પતિના ગૃહે આવી ને એણે અગ્નિનાં કાર્ય સાચવી લીધાં. પિતાને આંગણે ઋષિઓના સંગે અપાલાએ વેદની ઋચાઓ મેળવી હતી, એણે મંત્રનાં દિવ્ય રૂપનાં દર્શન કર્યાં હતાં.

કૃશાશ્વ કર્મરત હતા, બ્રહ્મ–મંત્રમાં રહેલા તત્ત્વનું એમને દર્શન થયું હતું, કર્મ અને જ્ઞાનનો વિવેક એમને હૈયે જાગ્યો હતો. અપાલાને હૈયે ભક્તિનો ભાવ જાગ્યો હતો. કર્મ અને જ્ઞાનને જોડનારી ભક્તિની શૃંખલા હોય, એ જ ભાવે કૃશાશ્વની સાથે અપાલાનું જીવન જોડાયું હતું.

કૃશાશ્વ અપાલાના ઉદાર ભાવની સ્તુતિ કરતા, અપાલા કૃશાશ્વના સૂક્ષ્મ જ્ઞાનનો મહિમા ગાતી. બંને મળીને અગ્નિની સ્તુતિ કરતાં હતાં.

અગ્નિ સમિદ્ધ થતાં જ્વાળાઓ ઊંચે ઊઠતી ને બંને શરીરોની કાંતિ શુદ્ધ બની દિવ્ય પ્રભાથી ઝળહળી ઊઠતી. કર્મ ભક્તિ અને જ્ઞાનની મીઠી મધુરી ચર્ચાઓ એમના જીવનને સ્નેહજળથી સિંચ્યા લેતી હતી.

અગ્નિની ઉજ્જ્વલ પ્રભામાં અપાલાના મુખમંડળ પર અનેરી કાંતિ છલકી ઊઠતી. જ્ઞાનની ચર્ચા કરતાં કૃશાશ્વ અપાલાની મીઠી મધુરી વાણી સાંભળતો અને એની મંજુલ વાણી સાંભળ્યા જ કરતો.

ઋષિ જ્ઞાની હતા. અપાલાને હૈયે જ્ઞાનની પિપાસા હતી. ચર્ચા કરતાં એ વાણીનો છૂટો દોર મૂકી દેતી ને એમાં પ્રશ્નપરંપરાને ગૂંથી લેતી. ઋષિ મિતભાષી હતા, બહુશ્રુત હતા. બોલવા કરતાં સાંભળવામાં એમને વિશેષ આનંદ આવતો હતો. ચર્ચાના દોરને પકડતાં અપાલા બોલી ઊઠતી :

'પરંતુ, ભગવન્...' બોલતાં બોલતાં અપાલા અટકી ગઈ. એનાં મધુર વચનની ધારા અટકી જતાં ઋષિ ચમક્યા ને એમણે અપાલાની સામે જોયું. સમિદ્ધ અગ્નિની જ્વાળાએ અપાલાની મુખકાંતિને વિશેષ ઉજ્જ્વળ બનાવી હતી.

આકાશમાં પૂર્ણ કળાએ ચંદ્ર ખીલે તેમ જ અપાલાનું મુખમંડળ પૂર્ણ રીતે પ્રકાશતું હતું. ચંદ્રને સ્નેહથી જોનારો પ્રિય જન ચંદ્રના કલંકને જોતો નથી, જાણતો નથી; અકસ્માત્ કલંકને જોઈ લે તો શું થાય ?

ચંદ્ર જેવા શુદ્ધ મુખમંડળ પર કોઢના બે ચાર ડાઘ હતા. અપાલા બોલતાં બોલતાં અટકી ગઈ ને સહસા ઋષિની નજર એના મુખ પર ગઈ અને એમણે એ ડાઘ જોઈ લીધા, એ સાથે જ એ ચમકી ગયા.

'અપાલા, અપાલા' ઋષિ પૂછવા માગતા હતા; 'તને કોઢના ડાઘ છે ?' એમની વાણી આગળ વધી નહિ. એમના મન પરના ભાવ બદલાવા લાગ્યા. અપાલાએ ઋષિના મનને વાંચી લીધું. એ પણ ચમકી ગઈ, તોપણ હૈયે ધીરજ ધારણ કરી વિનયભાવે એણે પૂછ્યું :

'ભગવન્, જ્ઞાનની ચર્ચા કરતાં મન થાકી ગયું તો નથી ને ?'

ઋષિ એ મનોભાવને ઢાંકવા માગતા હતા, ગુણિયલ નારીના હૈયાને એ ધક્કો મારવા ઇચ્છતા નહોતા. એમણે જણાવ્યું :

'ના, અપાલા, જ્ઞાનની ચર્ચામાં મનને વિહાર કરવો ગમે. હા, જ્ઞાનની સાથે ભક્તિનો સુમેળ છે તેમ જ ગુણની સાથે રૂપનો મેળ તો ખરોને ?'

અપાલા ચતુર તો હતી જ. ગુણનો મહિમા ગાતા ઋષિ રૂપની ભૂમિકા પર ઊતરી આવ્યા હતા એ જાણી લેતાં એણે વિનયભાવે જણાવ્યું :

'ભગવન્, જ્ઞાનનાં ચક્ષુ ખૂલે તેને તો શુદ્ધ આત્માનાં દર્શન થાય છે. જેનાં ચર્મચક્ષુ ખૂલ્યાં છે તેને તો શરીરનાં રૂપ જ જોવાનાં હોય ને ?'

એ જ્ઞાનચર્ચાને ઋષિએ આગળ લંબાવી નહિ. ચર્ચાનો દોર ગૂંચવાતો જતો હતો ને ક્યાંક તૂટી જવાનો ભય લાગતો હતો એટલે અપાલાએ ઘરકામનું નિમિત્ત લઈ વિદાય લીધી. ઋષિએ એને મનથી વિદાય આપી દીધી.

પહેલાંની જેમ જ અગ્નિશાળામાં બંને સાથે આવતાં, અગ્નિને સમિદ્ધ કરતાં ને અગ્નિની જ્વાળાઓ એમની કાંતિને વધારતી, પણ ત્યાં ઋષિની સામે અપાલાનું મુખમંડળ ઝળકી ઊઠતું, જેમાં બેચાર ડાઘ હતા ને ઋષિના મન પર મલીનતા છવાઈ જતી. જ્ઞાનની ચર્ચાઓ અટકી ગઈ હતી. ઝટપટ અગ્નિકર્મ પતાવી ઋષિ વિદાય લેતા ને અપાલા એકલી જ અગ્નિની સામે જોઈ રહેતી, એનું હૃદય ભરાઈ આવતું.

જે ઋષિ અપાલાના ગુણોનો મહિમા ગાતાં થાકતા નહિ તે ઋષિ હવે અપાલાની અવગણના કરી રહ્યા હતા. ઘણી વાર તો ઋષિ અગ્નિશાળામાં પણ આવતા નહિ ને અપાલા એકલી જ અગ્નિકર્મ કરી લેતી.

એક બ્રહ્મજ્ઞાની, સમજુ, ઉદારચરિત ઋષિ પોતાની પત્નીની અવગણના કરે; જેનાં ગુણ ભાવ ભક્તિનો મહિમા ગાતાં પતિ પહેલાં થાકતો ન હોય. કારણ બીજું કાંઈ નહિ. કુદરતની કરામતે કાયા ઘડી ને ક્યાંક પીંછી ન ફરવાને. કારણ કે વધારે ફરવાને કારણે ડાઘ રહી ગયા એમાં અપરાધ કોનો ને એનો દંડ કોને ભોગવવાનો ?

પતિના ઘરમાં રહેવું અપાલાને અસહ્ય થઈ પડ્યું. કૃશાશ્વ ઋષિનાં જ્ઞાન કશા કામમાં ન આવ્યાં. મન પર મત્સરના વેગ વધતા જતા ને તિરસ્કારની ભૂમિ ગાઢી બનતી હતી. અપાલાએ બધી જ હિમ્મત ભેગી કરી, ઋષિને હાથ જોડી વિનંતિ કરી : 'ભગવન્, મને વિદાય આપો.'

ઋષિ કાંઈ જ ન બોલ્યા. અપાલાને હૈયે આશાવેલની એક કૂંપળ ફૂટી હતી. ઋષિનાં સ્નેહજલ સિંચી એને તાજીમાજી કરવી હતી, પણ મત્સરનો અગ્નિ જલતો હતો ને કૂંપળ સુકાઈ ગઈ હતી. અપાલાએ પતિગૃહથી વિદાય લીધી.

'બેટા, અપાલા, તું આવી પહોંચી ?'

પતિના ઘેર તિરસ્કાર પામેલી નારી પિતાના ઘેર સત્કાર પામી. પિતાના ખોળામાં અપાલા ઢગલો થઈને પડી. વૃક્ષનો સહારો જતાં વેલ ભાંગી પડે તેમ અપાલા ભાંગી પડી હતી. પતિએ સળગાવેલ મત્સરના અગ્નિએ આશાવેલ બાળી મૂકી હતી. એ મૂરઝાયેલી, સુકાયેલી આશાવેલમાં પિતાની કરુણાએ અમીનાં સિંચન કર્યાં ને અપાલાની આશાવેલ પાંગરવા લાગી, ખીલવા લાગી ને વધવા લાગી.

પતિના વિયોગે પીડાતી અપાલા આશ્રમની યોગિની બની. એણે વ્રત તપ અને સંયમના માર્ગ લીધા. આશ્રમની સેવાને એણે પવિત્ર ગણી સ્વીકારી લીધી હતી. આશ્રમના જીવનની સાથે એ એકરૂપ બની રહી હતી, પૂર્વ જીવનને એ વીસરી ગઈ હતી.

અત્રિ ઋષિની પ્રેરણાથી એણે કઠોર તપશ્ચર્યા શરૂ કરી. એના આરાધ્ય દેવ બન્યા હતા ઇંદ્રરાજ. સાંજે ને સવારે એ ઉપાસના કરી ઇંદ્રનાં યજન અને પૂજન કરતી. બપોરના આશ્રમની સેવામાં અને પિતા અત્રિની સેવામાં એ લાગી જતી.

અપાલાના મન પરથી વિષાદની ઘેરી છાયા દૂર થતી હતી તેમ તેમ એની કાયાનું પણ પરિવર્તન થતું હતું. વ્રત તપ ને ઉપવાસને કારણે કાયા કૃશ બનતી હતી, પણ એમાં અનેરું દૈવત જાગતું હતું : યૌવનના તરંગ શમતા હતા ને ઇંદ્રિયોના વેગ શાંત બનતા જતા હતા.

અપાલાના મન પર મંત્રો જાગતા હતા, એના હોઠ ફફડતા હતા, મુખમાંથી ઉદાત્ત અનુદાત્ત ને સ્વરિત સ્વર સાથેની શુદ્ધ વેદવાણી પ્રગટ થતી હતી. એના મધુરા વેદપાઠ સાંભળી આશ્રમવાસી જનો આનંદ અનુભવતાં હતાં.

આશ્રમથી થોડે દૂર પરુષ્ણીનાં વેગીલાં જલ કલ કલ નાદ કરતાં આગળ વધતાં હતાં તે નિર્મળ જલમાં સ્નાન કરતાં અપાલાને હૈયે ઇંદ્રની સ્મૃતિ જાગતી ને એના મધુર કંઠે વેદગાન શરૂ થતાં. જલના કલરવની સાથે એના તાલ જામતા અને પવનના સૂરની સાથે એના લય જોડાતા, અને અપાલા પ્રકૃતિની દેવીની જેમ જલમાં શોભી ઊઠતી હતી.

એ દિવસે અપાલા કાંઈ અનેરા ભાવમાં આવી ગઈ હતી. ઇંદ્રને રાજી કરવા એને સોમયાગ કરવા હતા. એણે સાંભળ્યું હતું કે 'પાસેના શર્યણાવત પર્વતમાં સોમલતા થાય છે. ચંદ્રની કલાની સાથે સાથે સોમવેલ પાંગરે છે ને કલાઓ ઘટતાં સોમવેલ કરમાય છે. એ સોમવેલ દેવરાજ ઇંદ્રને વિશેષ પ્રિય છે.'

અપાલાને એ સોમવેલ મેળવી લેવા ધૂન લાગી હતી. એણે નદીમાં સ્નાન કર્યાં, સૂર્યને અર્ઘ્ય આપ્યા, હાથમાં કમંડલ લીધું, માથે વલ્કલ ઓઢયું ને ચાલી નીકળી ઊંચા પર્વતની શિખરમાળા પર. ત્યાં તો નવી વસંત ખીલી હતી એ સાથે કેટલીય વેલો અને ઓષધિઓ ખીલી ઊઠી હતી. અપાલાને તો દેવરાજ ઇંદ્રને રાજી કરવા હતા અને તાજી ખીલેલી સોમલતા શોધવી હતી.

એણે સોમરાજની સ્તુતિ કરી. પવમાન સોમનાં ગાન એણે રટવા માંડયાં ને એની સામે સોમલતા ચમકવા લાગી. એણે પોતાના કોમળ કરથી એનો સ્પર્શ કર્યો, ત્યાં બાજુની સોમલતા ફરકવા લાગી. એને લેવા જતાં બીજી સોમવેલ ચમકવા લાગી. જાણે કે ચારે બાજુની સોમલતાઓ અપાલાને કહી રહી હતી : 'તારા દેવરાજ ઇંદ્રને રાજી કરવા મારા સોમરસનાં પાન કરાવ. હું ઇંદ્રને વિશેષ પ્રિય છું.'

અપાલા તો ભાવાવેશમાં આવી ગઈ. કઈ સોમવેલ તાજગી આપે એનો એ નિર્ણય ન કરી શકી. એણે તો ઇષ્ટદેવને યાદ કર્યા, ઇંદ્રની સ્તુતિ ભણવા લાગી અને એક સોમલતાની પાંખડી લઈ પોતાના જ મુખમાં મૂકી દીધી. દાંતની બત્રાશીમાં સોમરસ પિસાવા લાગ્યો. ખલદસ્તા પર સોમવેલ પિસાય ને જેવો મધુર ધ્વનિ થાય તેવો જ એ મીઠો મધુર ધ્વનિ હતો.

સ્વર્ગના ઊંચા સિંહાસન પર બિરાજતા દેવરાજ ઇંદ્રના હજાર હજાર કાન એ મધુર ધ્વનિ સાંભળી રહ્યા હતા ને ઇંદ્ર વેગીલા ઘોડાઓથી જોડેલ રથમાં બેસી એ શર્યણાવત પર્વત પર આવી પહોંચ્યા. એમની હજાર હજાર આંખ સોમયાગનાં સ્થાન શોધી રહી હતી. સોમને પીસતા ખલદસ્તા ને સોમરસથી ભરેલાં ચમસપાત્ર ક્યાંય જોવાને મળતાં નહોતાં; ત્યાં તો એક સોમવેલની પાસે અપાલા ઊભી હતી ને સોમવેલ ચમકતી હતી. સોમલતાને ચાવતી અપાલાને જોતાં દેવરાજ એને પૂછવા લાગ્યા :

'અરે અપાલા, આટલામાં ક્યાંય ખલદસ્તા છે, જે સોમવેલને પીસી રહ્યા છે ને સોમરસ ટપકી રહ્યો છે?'

પોતાના ઇષ્ટદેવને સામે ઊભેલા જોઈ અપાલા આનંદમાં આવી ગઈ, પણ એણે હર્ષના વેગને થંભાવી રાખ્યા. એણે મીઠી વાણીથી જણાવ્યું:

'દેવરાજ ઇંદ્ર, અહીં કયાંય સોમયાગ થતો નથી, ખલદસ્તા પર સોમ પિસાતો નથી. હા, એક વાત છે. તમારી આ કન્યા સરિતામાં સ્નાન કરવા આવી હતી ને માર્ગે આ સોમલતા મળી ગઈ. મનમાં આવ્યું કે લાવને ચાખું તો ખરી કે આ સાચે જ સોમવેલ છે?

'ભગવન્, તમારી સ્તુતિ કરતી હતી ને સોમવેલ દાંત વચ્ચે પિસાતી હતી એનો આ મધુર અવાજ તમે શું દૂર દૂરથી સાંભળી લીધો?'

અપાલાની વાણી સાવ નિર્દોષ અને મીઠી મધુર હતી. કયાંય સોમયાગ થતો નથી ને સોમવેલ પિસાતી નથી એ જાણીને દેવરાજ ઇંદ્ર પાછા ફરવા લાગ્યા; ત્યાં તો અપાલાએ ધીરજથી જણાવ્યું:

'ભગવન્, આપ સોમપાન કરવા માટે તો અહીં સુધી આવી પહોંચ્યા અને હવે સોમપાન કર્યા વિના જ આપ પાછા ફરો એ તો ઠીક ન ગણાય.

'ભલા, મારા આ દાંત તો ખલદસ્તા છે, તેથી સોમ પિસાય છે અને મારું મુખ તો સોમરસનું પાત્ર છે, જેમાંથી સોમરસનાં મીઠાં મધુરાં બિંદુ ટપકી રહ્યાં છે. આપ સોમપાન કરો.'

અપાલા ભક્તિના ભાવે એવી તો રંગાઈ ગઈ હતી કે એને એંઠજૂઠ, શુદ્ધ અશુદ્ધ, પાત્ર–અપાત્ર વગેરેનું ભાન રહ્યું જ નહિ, પણ દેવરાજ ઇંદ્ર તો શુદ્ધ પવિત્ર સોમરસનાં પાન કરવાને ટેવાયેલા હતા; એમણે અપાલાની વાણી સાંભળી નહિ ને ચાલવા માંડ્યું. એ અનેરી મળેલી તકને અપાલા જવા દે એમ નહોતી, એણે તો પોતાના મુખમાં વસેલા સોમરાજની સ્તુતિ કરતાં જણાવ્યું:

'અહો હે સોમરાજ. આપણી સામે દેવરાજ ઇંદ્ર આવીને ઊભા છે તેમને રાજી કરવા તમે વહેવા માંડો. તમારાં પાન કરીને એ ઇંદ્ર પ્રસન્ન થશે. આખું પાત્ર સોમરસથી ભરેલું નથી, પણ તમે એક એક બિંદુ ટપકાવી ધીરે ધીરે ઇંદ્રને પાન કરાવો.'

ભક્તને વશ ભગવાન: અપાલાનાં નિર્દોષ સ્તુતિવચન સાંભળી દેવરાજ પાછા ફર્યા. અપાલાના મુખમાંથી ટપકતાં સોમરસનાં બિંદુઓનાં એમણે પાન કર્યાં અને પ્રસન્ન થઈ એમણે જણાવ્યું:

'અપાલા, તારી ભાવભક્તિથી હું રાજી થયો છું. તું વરદાન માગ.' ભાવને વશ થએલી અપાલા તો ઇંદ્રનાં ચરણોમાં ઢળી પડી. જીવનભરની કરેલી તેની તપશ્ચર્યા આજે ફળીભૂત થઈ હતી. તેનું હૈયું હસી ઉઠયું હતું. તે મુગ્ધ બનીને ઈંદ્રની સામે જોયા કરતી હતી.

દેવરાજ ઈંદ્ર અપાલાને ઉપાડી લીધી. તેના શરીરને રથના છિદ્રમાં મૂકી દીધું અને બહાર કાઢયું. એમ ત્રણવાર કર્યું ને અપાલાના શરીરના દોષ દૂર થયા. તેની કાયા કાંચનવર્ણની બની ગઈ.

દેવરાજ ઇંદ્રે વિદાય લીધી. તે આશ્રમમાં આવી પહોંચી; જાણે કે સાક્ષાત વનની સુવર્ણવર્ણી લક્ષ્મી આવી રહી હતી. અત્રિએ અને ઋષિઓએ તેને વધાવી લીધી.

ઋષિ કૃશાશ્વે અપાલાને તરછોડી હતી; પરંતુ તેને હૈયે પૂરો પશ્ચાત્તાપ જાગ્યો હતો. જે મત્સરના વેગે અપાલાની કુમળી વેલને કરમાઇ નાખી હતી, તેજ મત્સરના વેગથી ઋષિ પોતે શોક સંતાપ અનુભવી રહ્યા હતા. પાપનું પ્રાયશ્ચિત કરવા કૃશાશ્વ ઋષિ અત્રિ પાસે આવી પહોંચ્યા હતા. અપાલાના ચરણોમાં પડીને એ ઋષિ માફી માંગી રહ્યા હતા. ભલી નિર્દોષ તપસ્વિની અપાલા પતિની છાયામાં ઊભી રહી. અત્રિ ઋષિએ તે યુગલને વધાવી લીધાં.

### ૭. સોભરિ અને ચિત્ર

યમુનાને કીનારે આશ્રમ હતો. તેમાં હજારોની સંખ્યામાં ઋષિઓ રહેતા હતા. કેટલાક વિદ્યાભ્યાસ કરતા, તો કેટલાક યોગાભ્યાસ કરતા. તેમના કુલગુરુ હતા, મહર્ષિ **સોભરિ.** તે કવિ હતા, મનીષી હતા ને આત્મનિર્ભર હતા.

બાળપણમાં તેમણે વિદ્યા મેળવવાની ઈચ્છા કરી, ત્યારે તેમના મનમાં બધી જ વિદ્યાઓએ આવીને વાસ કર્યો. ચૌદ વિદ્યાઓ, ચોપન તંત્રો ને ચોસઠ કલાઓ તેમની બુદ્ધિમાં રમવા લાગ્યાં.

વિદ્યાઓ મેળવીને તે સ્નાતક થયા. કણ્વમુનિએ તેમને કુલપતિ બનાવ્યા ને સાથે યોગની સાધના કરવાનો માર્ગ બતાવ્યો. એક એક દૃઢ પગલું ભરતાં, તેમણે આઠ અંગ સાથેનાં યોગનાં આઠ સાધનો સિદ્ધ કરી લીધાં ને અષ્ટ-સિદ્ધિઓ તેમની આગળ નાચવા લાગી.

તેમને હૈયે એક અનેરી કામના જાગી હતી. 'હું જેવો આત્મસભર છું, એવા જ બધા માનવી આત્મસભર બને.' આશ્રમના એકે એક ઋષિને તેમણે વિદ્યાથી સભર બનાવ્યા, યોગનાં સાધનોથી સિદ્ધ બનાવ્યા, આશ્રમને ધન સાધનથી સમૃદ્ધ બનાવવા તેમણે કામના કરી.

તેમનો તે સંકલ્પ કલ્પ–સમર્થ શક્તિસંપન્ન બની કામ કરવા લાગ્યો. રાજાઓ અને મહારાજાઓ આશ્રમને આંગણે ધન–સાધનના ભંડાર ઠાલવવા લાગ્યા. થોડા વખતમાં તો આશ્રમ ધન–સાધનથી ભરપૂર બની ગયો. આશ્રમને બીજાં દાનની જરૂર ન રહી.

આશ્રમને આંગણે એક સમ્રાટ આવીને ઊભો રહ્યો. એ પુરુકુત્સ રાજાનો પુત્ર ત્રસદ્દસ્યુ હતો. તે સમ્રાટ ચક્રવર્તી હતો. યમુનાને આ પારે કે પેલે પારે, સાથે યમુનાનાં જલ પર અને પવનની લહર પર તેનું શાસન ચાલતું હતું. તે સમ્રાટ હતો, યોગી હતો, સિદ્ધ પુરુષ હતો.

પચાસ રાજકન્યાઓને સાથે લઈ આશ્રમની ભૂમિપર તેણે પગ મૂકયો. તેના આગમનથી આશ્રમમાં જાણે કે નવી ચેતના જાગી. એ પ્રતાપી સમ્રાટ સિદ્ધપુરુષને જોવા એકે એક આશ્રમવાસી ઉત્સુક હતો.

સિદ્ધ સમ્રાટે પરમસિદ્ધ સોભરિના ચરણે પ્રણામ કર્યા અને શુભાશિષ મેળવ્યાં.

'અખંડ તપતાં રહો, તમારાં સિદ્ધ આસન અને લોકોનાં કલ્યાણ કરતા રહો. વર્ષાની જેમ તમારાં દાન બધે ફેલાતાં રહો.'

રાજાએ તે આશિષ ઝીલ્યાં અને હાથ જોડી નમ્રતાથી જણાવ્યું:

'ભગવન, આપની સેવામાં સમર્પણ કરવા આવ્યો છું.'

'રાજન, તમે દાની છો, મહાદાની છો. તમારાં દાન તો સ્વર્ગના દેવો પણ સ્વીકારે છે. ગાયો અને અશ્વો, ભૂમિ અને કંચન, અન્ન અને વસ્ત્ર આશ્રમવાસીઓને જોઈએ, તે તમે આપી શકો છો.

'ભગવન, આપનો આશ્રમ અને આશ્રમવાસીઓ ધનસાધનથી સભર ભરપૂર છે, એ હું જાણું છું. આશ્રમવાસીઓને કોઇ કામના નથી; તે પણ હું જાણું છું. મારે તો આપની સેવા કરવી છે.'

રાજાએ વિનયભાવે જણાવ્યું, તેની પચાસ રાજકન્યાઓએ સોભરિનાં ચરણોમાં માથાં ટેકવી દીધાં ને તેમને શુભાશિષ આપતાં, ઋષિએ જણાવ્યું :

‘ તમારાં ભાગ્ય અખંડ રહેજો, ને તમારી કામનાઓ સફળ થાઓ.’

‘ ભગવન, એ રાજકન્યાઓએ આપનાં ચરણોમાં જીવનનાં સમર્પણ કર્યાં છે. એ આપની સેવામાં હાજર થયાં છે.’ રાજાએ નમ્ર નિવેદન કર્યું ને સોભરિ ઘડીક તો વિસ્મય પામી ગયા. તેમની કલ્પનામાં પણ તે મનોરથ જાગ્યો નહોતો.

‘ રાજન, આ તમે શું કહી રહ્યા છો ? ગૃહસ્થ બનવાનું તો મેં મનથી પણ વિચાર્યું નથી.’

‘ ભગવન, તમારે વિચારવાનું હોય નહિ. આ રાજકન્યાઓ તમને મળીને સભર ભરપૂર બનશે. તેમને અખંડ સૌભાગ્યના લાભ મળશે. તેમનાં જીવન સફળ બનશે. તમે તેમનો સ્વીકાર કરો. મારું જીવન કૃતાર્થ બનશે.’

‘તથાસ્તુ’ મંત્રમુગ્ધ સોભરિએ સ્વીકાર કર્યો. કાયાનો કલ્પ થાય ને કામનાઓ ફળીભૂત થાય, એમજ સિદ્ધ પુરુષે પચાસ પચાસ રુવરૂપોને સર્જી લીધાં ને પચાસ રાજકન્યાઓની સાથે ગૃહસ્થ જીવનના માર્ગે પગલાં ભર્યાં.

સમ્રાટ ત્રસદસ્યુએ વિદાય લીધી. થોડીવારે સોભરિ ઉભા થયા. સાથે પચાસ રાજકન્યાઓ ઉભી થઈ. યોગી આશ્રમની વિદાપ લેતા હતા. આશ્રમવાસીઓ વિસ્મય પામી ગયા. તે યોગીને રોકવા લાગ્યા. તેમણે નમ્રતાથી જણાવ્યું :

‘ આશ્રમની ભૂમિ તો વિદ્યા અને યોગની સાધના માટે છે. આ સ્થળ શાંત એકાંત છે, તેમાં રહીને મારે અશાંતિ નથી ઉભી કરવી. હવે મારે ગૃહસ્થ જીવન માટે સાધના કરવી છે. તે માટે સ્થાન હું શોધી લઇશ.’

યમુનાના કીનારે સોભરિ પહોંચી ગયા. તેમણે દેવરાજ ઇંદ્રને યાદ કર્યા. તેમની સ્તુતિ કરી, ને ઈંદ્ર હાજર થયા.

‘ મને કેમ યાદ કર્યો, ઋષિપ્રવર ?

‘ દેવરાજ, આ જંગલમાં મારે મંગલ કરવું છે. એક નગરી રચવી છે. મારે આપની સહાય જોઇએ, આપની કૃપાથી હું બધું જ મેળવી શકું.’

ઇંદ્રે આછું સ્મિત કર્યું ને કુતૂહલ–વૃત્તિથી પૂછ્યું :

‘સિદ્ધ ઋષિવર, આપ તો આત્મનિર્ભર છો ને આત્મકામ છો.’

‘હા, હું પોતે સભર ભરપૂર છું, પણ મારા સંગે જેમને જીવન જીવવું છે તે આ રાજકન્યાઓને મારે સભર ભરપૂર બનાવવાં છે. એમને માટે હું આપની કૃપા માગી રહ્યો છું.’

સિદ્ધ સોભરિની એ નિખાલસ ભાવનાથી ઇંદ્ર રાજી થયા. એમણે પ્રસન્ન થઈને જણાવ્યું :

'તમારી પર હું પ્રસન્ન છું. વરદાન માગો.'

સોભરિએ રાજકન્યાઓ તરફ મીઠી નજરે જોઈ લીધું. દેવરાજ ઇંદ્રનાં દર્શન કરી એ બધાં આનંદમાં આવી ગયાં હતાં. રાજાના મોટા મોટા સોમયાગોમાં જે ઇંદ્ર ક્ષણભર આવીને ચાલ્યા જાય તે ઇંદ્ર અહીં તો સ્મૃતિ કરતા, સ્તુતિ કરતા આવી પહોંચે ને રાજી થઈ વરદાન આપે, એનું એમને ઘણું આશ્ચર્ય હતું. એમને હૈયે ભક્તિના ભાવ જાગ્યા હતા ને એઓ ઋષિ અને ઇંદ્ર બંનેનાં દર્શન કરી રહ્યાં હતાં. એમનાં હૈયાં શાંત હતાં; જાણે કે જીવનમાં સોભરિને પામીને એ ઘણું ઘણું પામી ચૂક્યાં હતાં. એમની એ શાંત અને ભાવભરી મુખમુદ્રાઓ નીરખી ઋષિ રાજી થયા. એમણે દેવરાજ ઇંદ્ર તરફ જોયું અને નમ્રતાથી જણાવ્યું:

'ભગવન્, આ પચાસ રાજકન્યાઓ મારા સંગે સભર ભરપૂર બને ને ગૃહસ્થ-જીવન ઉજ્જ્વળ પ્રતાપી બનાવે. અમારાં જીવન નિત નવા નવા ઉલ્લાસ ને ઉત્સવોથી તાજાંમાજાં રહે. નિત્ય યૌવન, ચિર જીવન અને અખંડ સુખ–આરોગ્યનાં અમને દાન આપો.'

'તથાસ્તુ, ઋષિવર, બીજું કાંઈ ?' ઇંદ્ર રાજી હતા ને વિશેષ આપવાની એમને કામના હતી.

'હા, ભગવન્, કુબેરના ભંડાર, શંખનિધિ ને પદ્મનિધિ અમારાં ઘરોમાં વાસ કરે. અમરાવતી ને નંદનવન જેવાં નગર ને ઉપવન વસે.'

'એમ થાઓ, સોભરિ ! બીજું કાંઈ ?' ઇંદ્ર પ્રોત્સાહન આપી રહ્યા હતા.

'હા ભગવન્, બધા રથોના વેગ અટકી જાય છે, મનોરથની ગતિ કદી રોકાતી નથી. આ રાજકન્યાઓના મનોરથ ભલે દોડતા રહે ને તમારી કામનાથી સફળ સિદ્ધ બનતા રહે, પણ પરસ્પર સ્પર્ધા ને અદેખાઈ જાગે તો અટકી જાય.

'કૃપાનાથ, એક જ મનમાં અનેક વૃત્તિ જાગે છે, પણ પરસ્પર ભાવ જાગતાં એ એક બની જાય છે. આમ જ આ પચાસ રાજકન્યાઓ એક બનીને રહો. એમના મનોરથ એક દિશામાં ગતિ કરે, એમની વાણી એક હો ને એમના વર્તનમાં સાથ-સહકારની ભાવના જાગે.'

દેવોના વિશ્વકર્માએ યમુનાને કીનારે સૌભર નગરની રચના કરી. ત્યાં પચાસ પ્રસાદો, પુષ્પવાડીઓ, ઉપવન, જલઘાટ, દુર્ગો, દરવાજા વગેરે રચવામાં આવ્યાં.

સિદ્ધજન સોભરિ સમ્રાટ—સુભટ બનીને નિવાસ કરતા હતા. એક મહારથી પચાસ ઘોડાઓને રાજમાર્ગે દોરે, એક જ આત્માની આજ્ઞા પાળનાર સમ્રાટ—મન પચાસ વૃત્તિઓને સન્માર્ગે દોરે, તેમ જ સોભરિ પચાસ પચાસ નારીઓને આત્મકલ્યાણને માર્ગે દોરી રહ્યા હતા. પચાસેપચાસ નારી 'એકમના' બની સેવાભાવથી જોડાઈ ને સોભરિને સેવી રહી હતી.

સોભરિનું ગૃહસ્થ—જીવન સભર ભરપૂર બની રહ્યું હતું. અનેક નદીઓના પ્રવાહ સમુદ્રમાં વિલીન થાય તેમ જ સંસારની વિવિધ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ સ્વીકારવા છતાં સોભરિ સદા પ્રસન્નગંભીર આત્મનિર્ભર બની સંસાર સેવી રહ્યા હતા.

સંસારી જન રાતભર નિદ્રા લે, દિવસભર પ્રવૃત્તિમાં રહે, ને સમય વહી જાય એની ખબર પડે નહિ. બાલપણ રમતમાં જાય, યૌવન મદમસ્તીમાં જાય, ઘડપણ ચિંતામાં જાય ને જીવન એળે જાય.

સોભરિ જ્ઞાની હતા, યોગી હતા, સિદ્ધજન હતા. એમનો સંગ સેવી નારીઓ પણ જ્ઞાની ને યોગી બની હતી. ધન—સાધનને આશ્રયે રહેવા કરતાં આત્મનિર્ભર રહેવાની એમની મનોવૃત્તિ પણ હતી, પરંતુ સમયના વહી જતા વેગને એ જાણી શક્યાં નહોતાં. યોગી જેટલા સાવધાન હતા તેટલાં એ સાવધાન નહોતાં. એમને સમયના વહેતા પ્રવાહનું જ્ઞાન થાય એવાં પરમાર્થનાં સાધન મેળવી લેવા યોગીએ માર્ગ બદલ્યો ને નારીઓ એમને અનુસરી.

સૌભરનગરથી થોડે દૂર કુરુક્ષેત્રમાં યજ્ઞશાલાની રચના કરવામાં આવી. ઋષિએ સોમયાગની દીક્ષા લીધી ને વ્રતના સૂત્રથી પચાસેય નારીઓને એકભાવે ગુંથી લીધી, મનની સઘળી વૃત્તિઓને સમાધિમાં ગૂંથી લે તેમ જ !

એ ઋષિની સેવામાં પ્રજાજનો હાજર હતાં. એમનાં દર્શન કરવા રાજાઓ, મહારાજાઓ, ઋષિઓ, મુનિઓ, યક્ષો, ગાંધર્વો, દેવો, સિદ્ધજનો આવતા હતા અને દિનપ્રતિદિન નવા ઉત્સવ રચાતા હતા.

ત્યાં કોઈ ધન—સાધનની ઊણપ હોય જ નહિ. ગાડાંનાં ગાડાં ભરાઈ ધાન્યોના ઢગલા ઠલવતા. ઘી દૂધ આપનારી કામદુઘા ગાયો ગોશાળાઓમાં હાજર રહેતી.

માનો કે ન માનો, માનવને એકલી સંપત્તિ ગમતી નથી. આ આખું જીવન એકધારું સરળ નદીના સીધા પ્રવાહની જેમ વહી જાય તેવા જીવનમાં આનંદ શો, એ જીવનનાં મૂલ્ય શું ?

હા, એકાદ વિટંબણા ઊભી થાય, અંતરાય આવી પડે, અડચણ વેઠવી પડે, શોક સંતાપ કે કલેશ કંકાસ જેવું જાગે, શાંત જીવનમાં ક્યાંક ચેતના આવે, પ્રેરણા મળે, દૈવત જાગે.

સંકલ્પ પ્રમાણે સિદ્ધિ મેળવનાર એ સોભરિએ આદરેલા મહાયાગમાં એવી જ એક આપત્તિ આવી પડી. એની પહેલી જાણ તો રાજભવનની વ્યવસ્થા કરતાં કરતાં સેવક–સેવિકાઓને થઈ.

રાતના હવિષ્ય અન્ન ઘી દહીં સમિધ તૈયાર કર્યાં હોય, પાકશાળાઓમાં ભર્યાં હોય, સવારે લેવા જાઓ તો બધું સફાચટ, ખાલી પાત્રો ને વાસણો પડયાં હોય.

ધન–સાધનની ઊણપ તો હતી નહિ, સેવકો પણ પૂરા પરિશ્રમી હતા, નવાં હવિષ્યાન્ન, ઘી, દધિ, સમિધ, નૈવેદ્ય તૈયાર થઇ જતાં. બે ત્રણ દિવસ તો ચાલ્યું, ત્યાં તો અન્નના ભરેલા કોઠાર ખાલી થવા લાગ્યા.

સેવકોએ મંત્રીઓને વાત કરી, મંત્રીઓએ ગુપ્ત દૂતો રોકીને તપાસ કરી ને એમને આશ્ચર્ય થયું. રાત પડે ને મોટા મોટા કાળા ઉંદરો કયાંકથી હારબંધ ચાલ્યા આવે ને ભંડારો સાફ કરી અદૃશ્ય થઈ જાય. ઊંડી તપાસ કરી તો એ ઉંદરોની બે મંડળી હતી એક ધોળા ઉંદર અને બીજા કાળા ઉંદર. એ બધાનો સરદાર હતો ચિત્ર નામે મૂષકરાજ. એના શરીર પર ચિત્ર વિચિત્ર વર્ણ હતા.

મૂષકરાજ ચિત્રની સવારી ચઢી આવે તેમને કોઈ ડરાવી શકે નહિ, રોકી શકે નહિ. એમના પર અસ્ત્ર–શસ્ત્રના ઘા અસર કરે નહિ. એમને માર્ગે આડવાડ રહે નહિ: આગ મૂકો તો ઠરી જાય.

મંત્રીઓ હારી ગયા. દૂર દૂરના કોઠાર ને ભંડાર પણ ખાલી થવા લાગ્યા. છેવટે જ્યારે કોઈ ઉપાય કામ ન આવ્યો ત્યારે એમણે સોભરિ પાસે વાત મૂકી. એમણે આછું સ્મિત કર્યું અને ચિંતા છોડી દેવા જણાવ્યું.

સાંજના યજ્ઞનું કાર્ય પૂરું થયું. યજ્ઞની વિશાળ સભામાં પચાસ નારીઓ સાથે સોભરિ આવ્યા. રાજાઓ, મહારાજાઓ, ઋષિઓ, મુનિઓ, પ્રજાજનો વગેરે ભેગાં થયાં હતાં.

સિદ્ધ પુરુષ સોભરિએ મૂષકરાજ ચિત્રની સ્તુતિ કરી ને બધાંના આશ્ચર્ય વચ્ચે એ મૂષકરાજ આવી પહોંચ્યા. સોભરિએ એમનાં સ્વાગત કર્યાં અને એક મોટા આસન પર એમને બેસાડયા. એ મૂષકરાજે હસતાં હસતાં જણાવ્યું :

'હે ઋષિ, આપ સિદ્ધ યોગી પુરુષ છો ને હું તો એક પશુયોનિનો જીવ છું. આપ મારી સ્તુતિ ન કરો.'

ઋષિએ આછું સ્મિત કરતાં જણાવ્યું :

'હે મૂષકરાજ, હે ચિત્ર, આપ ભલે પશુયોનિમાં હો, પણ આપ મહાકાલના દૂત છો એ હું જાણું છું. આપ દિન–પ્રતિદિન આવો છો અને ચાલ્યા જાઓ છો, પણ એની સામાન્ય જનોને ખબર પડતી નથી. કૃપા કરી આપ અહીં પધાર્યા છો તો આપના સાચા સ્વરૂપનાં દર્શન થાય ને અમને બોધ મળે એવો ઉપદેશ આપો.'

મીઠી મધુરી વાણીથી એ ચિત્ર મૂષકરાજે જણાવ્યું :

'ઋષિ, તમે તો ત્રિકાલજ્ઞાની છો, પરંતુ તમારા સંગે આ નારીઓ સંસાર ભોગવી રહી છે, આ પ્રજાજનો તમારા સંગે સુખી છે. એમને ખબર પડતી નથી કે સમય તો પાણીના પ્રવાહની જેમ વહી જાય છે. કાલ પુરુષની પ્રેરણા થવાથી હું મારી બંને મંડળીઓ સાથે તમારા મહાયાગમાં આવી પહોંચ્યો છું.

'આ ધોળા ઉંદર એ તો દિવસ અને કાળા ઉંદર તો રાત્રિઓ છે. રાત ને દિવસ વહી જાય છે તે પાછાં આવતાં નથી. ધન, સાધન, સંપત્તિ બધું મળશે, પણ ગયેલો સમય પાછો આવશે નહિ. તમારા સંગે રહેલાં નરનારીઓને ધન–સાધનની કોઈ ઊણપ નથી. સુખ–સગવડનાં સાધન એમની પાસે ભરપૂર છે, પરંતુ એમને કાલનું ભાન નથી. જો માનવી સમયને પારખી લે તો એના જીવનનું કલ્યાણ થાય. મારો ધર્મ મેં બજાવ્યો છે. મારે યોગ્ય સેવા બતાવો ને આપ યજ્ઞની સફળ રીતે પૂર્ણાહુતિ કરો.'

મૂષકરાજ ચિત્રે ઋષિને વંદના કરી ને વિદાય લીધી.

કાલપુરુષના દૂતરૂપે આવેલા એ ચિત્રનો ઉપદેશ સાંભળી સૌ નર નારીઓ મંત્ર મુગ્ધ બની ગયાં. સોભરિની પચાસ નારીઓ તો સાવધાન બની ગઈ. સિદ્ધ પુરુષના સંગે રહીને જીવન આખું વહી ગયું એની એમને ખબર પડી નહિ. આજે એમને કાલનું જ્ઞાન થયું અને એમણે સોભરિ ઋષિની ક્ષમા માગી. એમણે સેવાનાં કાર્ય કરી જીવનને સફળ બનાવી દીધું.

સૌ જનોને સંતોષ આપવા સિદ્ધજને યજ્ઞ–મહાયાગની પૂર્ણાહુતિ કરી અને ઋષિ પોતાની પચાસ નારીઓની સાથે સૌભર નગરમાં ચાલ્યા ગયા. ઋષિના

સંગે એ પચાસ નારીઓ પણ હવે તો પૂરેપૂરી આત્મનિર્ભર બની ગઈ હતી ને જીવનના પરમ કલ્યાણનો માર્ગ એમણે શોધી લીધો હતો.

## સૂક્તોથી મળતો બોધ

મનની વૃત્તિઓ જલપ્રવાહની જેમ નીચેના રાહે સંસાર તરફ ઢળતી રહે છે. મનની એ લાગણીઓને રોકવી, શમાવવી, સંયમમાં લેવી ને સન્માર્ગે દોરવી એ યોગનો માર્ગ છે. ઋષિમુનિઓએ એ યોગના માર્ગે મનને દોરીને ઘણાં સારાં પ્રજાહિતનાં કલ્યાણ–કામ કર્યાં છે ને બીજા લોકોને એ માર્ગે દોર્યા છે; એ ઋષિઓનો બોધ અહીં સૂક્તોમાં રજૂ થયો છે.

ઉપરનાં સાત દૃષ્ટાંતોમાં મનના સાધારણ વિકારોને શમાવવા માટે લીધેલા ઉપાય જોવાને મળે છે. ઋષિઓ માનસરોવરના હંસલા જેવા છે. હંસ શુદ્ધ નિર્મળ સરોવરમાં રહે ને શુદ્ધ મોતીનો અત્યંત શુદ્ધ ચારો ચરે એવી માન્યતા છે, તે પ્રમાણે ઋષિમુનિઓનાં ચરિત અત્યંત શુદ્ધ અને નિર્મળ છે. મન પર જરા સરખો વિકાર જાગે એ પહેલાં તો રોકવા, શમાવવા અને જાતે શુદ્ધ થવા માટે આ ઋષિઓ જે પ્રયત્ન આદરે છે તે આપણે માટે એક આદર્શ મૂકી જાય છે, એ રીતે :

(૧) કણ્વ મુનિને હૈયે ક્રોધનો વેગ જાગે તેને એઓ જીતી લે છે અને પ્રગાથની નમ્રતા એમાં સહાયક બને છે.

(૨) આસંગ કામને વશ થાય, તેથી એ નારી બની જાય છે, પણ એની રાણી શશ્વતી સેવાની ભાવના જગાડી સહાયક બને છે.

(૩) પર્વત લોભને વશ થાય તેને હૈયે ત્યાગભાવ જગાડવા નારદ સહાય કરે છે.

(૪) ત્રિશોક મોહને વશ થાય તેને નાભાક ત્યાગનો માર્ગ બતાવે છે.

(૫) મત્સ્યરાજ મદને વશ થાય તેને માતા અદિતિ દયાનો માર્ગ બતાવે છે.

(૬) કૃશાશ્વ મત્સરને વશ થાય તેને અપાલા તપના માર્ગે દોરી જાય છે.

(૭) સોભરિની પચાસ નારીઓ સંગદોષમાં પડે નહિ એ માટે મૂષકરાજ સમયની ગતિનો માર્ગ બતાવે છે.

આ કથાનકોનાં પાત્ર ઋષિઓ છે. એમને વિવિધ સૂક્તોનાં દર્શન થયાં છે. એ સૂક્તોમાં એમણે પોતાના જીવનચરિતથી પરિપક્વ બનેલ બોધવાણી ગૂંથી છે. એનાં દર્શન કરતાં આપણને :મનોવૃત્તિનાં જુદાં જુદાં સ્વરૂપો, વિકારો અને એની શુદ્ધિના ઉપાય જડી આવે છે.

### (૧) ક્રોધના વેગને નમ્રતાથી શમાવો

પ્રગાથ ઋષિ ઘોરના પુત્ર છે, પણ મોટા ભાઈ કણ્વને પોતાના પિતા અને મંત્રદ્રષ્ટા ગુરુ ગણે છે. એમણે નમ્રતાથી મોટા ભાઈના ક્રોધને જીતી લીધો હતો. મધુરવાણી સૌ જનોને વશ કરે છે અને જે નમ્ર બને છે તે જ મધુરભાષી હોય છે, એ ભાવને એ સોમની સ્તુતિ કરતાં પ્રગટ કરે છે:

'હું પ્રગાથ મધુર અન્નનું ભોજન કરું છું. એને કારણે હું હમેશા અને સ્વાધ્યાયશીલ બન્યો છું. 'આ પ્રગાથ નમ્ર અને મધુરભાષી છે.' એમ જાણીને તો બધા લોક મારાં વિશેષ પૂજન કરે છે. સ્વર્ગના દેવો અને મૃત્યુલોકના માનવીઓ મારી પાસે પ્રેમથી આવે છે અને આપેલાં હવિ સ્વીકારે છે. એઓ જણાવે છે કે આનાં આપેલાં હવિ મધુર છે, કારણ કે એ પોતે મધુરભાષી છે.'

સોમની સ્તુતિ કરતાં એ ઋષિ જણાવે છે કે :

'હે અમૃત સોમ, તમારા સોમરસનાં પાન કર્યાં અને અમે પોતે અમૃત બની ગયા, અમે તો જ્યોતિ–પ્રકાશને જાણી લીધા અને અમર દેવોને મેળવી લીધા. હવે કામ ક્રોધ જેવા વેગીલા શત્રુઓ અમારું તે શું બગાડવાના છે? હું ભલે મર્ત્ય માનવ હોઉં, પરંતુ મનની ધૂર્ત–વેગીલી વૃત્તિ મને ચળાવી શકશે નહિ.

એ કાણ્વ પ્રગાથનાં પરાક્રમ ગાતા ઋત્વિજો જણાવે છે :

'આ પ્રગાથ ઋષિ ભલે અસહાય ને એકલા હોય, પરંતુ એમના જેવી નમ્રતા અને ધીરજ રાખનાર બીજો માનવી જોવાને મળશે નહિ. એ તો બધાં પ્રજાજનોથી વધી જાય એમ છે, માટે એની પર ઇંદ્રની કૃપા વરસો.'

### (૨) કામને સેવાથી જીતો

કામને વશ થયેલ રાજા આસંગને રાણી શશ્વતીએ સેવાભાવથી સુધારી લીધો હતો. એ રાણી શશ્વતીએ મેધાતિથિ અને મેધ્યાતિથિની આજ્ઞા પ્રમાણે તપ કર્યાં અને આસંગને નવાં જીવન મળી ગયાં. એ રાજા આસંગે રાજી થઈને બંને ઋષિઓને ઘણાં મોટાં દાન આપ્યાં. ત્યાં એ રાજાએ ઉત્સાહમાં આવીને બંને ઋષિઓને જણાવ્યું હતું :

'હે ઋષિઓ, તમે દેવરાજ ઇંદ્રની સ્તુતિ વારંવાર કરો. એ ઇંદ્રને પ્રસન્ન કરવા માટે અમે તમને અનેક ઘણાં દાન આપીશું.'

એ બંને ઋષિ રાજાના દાનનો મહિમા ગાતાં જણાવે છે :

'પ્રયોગ રાજાનો પુત્ર પ્લાયોગિ આસંગ હજારો ગાયોનાં દાન કરે છે. આ રાજા પહેલાં દેવના શાપથી નપુંસક થયો હતો. તેથી ખેદ પામેલી એની રાણી શશ્વતીએ પરમ તપ કર્યાં હતાં. એ તપના પ્રભાવે રાજામાં નવાં પુરુષલક્ષણ જાગ્યાં અને તેથી રાજી થયેલી રાણી હર્ષમાં આવીને કહેવા લાગી :

'મારા આ પ્રિય પતિને પુરુષનાં ચિહ્ન સાથે જોતાં મને આનંદ થાય છે. સાચે જ, હે સ્વામિનાથ! તમને ફરીથી પુરુષરૂપે જોતાં મને તો અમૃતનાં ભોજન મળી ગયાં હોય એટલો આનંદ થાય છે.'

### (૩) લોભને ત્યાગથી જીતો

કણ્વના બે પુત્ર પર્વત અને નારદ ક્રમથી બારમા તેરમા સૂક્તના ઋષિ છે. પર્વત મનની લાગણીઓને સવિતાના પ્રવાહની જેમ છૂટી વહેવા દે છે. ત્યારે નારદ સંયમના નિરોધમાં મનને વશ કરે છે. પર્વતને એ માટે આદર છે અને જરાક જેટલી લોભની વૃત્તિ જાગતાં એ અપરાધ સ્વીકારે છે અને દંડ ભોગવે છે. મનની એ જરા જેટલી લોભની વૃત્તિ દૂર થતાં એ ઋષિપદને પામે છે. ઇંદ્રની સ્તુતિ કરતાં પર્વત જણાવે છે :

'ઇંદ્ર તો અમારા દેવરાજ છે, કારણ કે એ અમને દાન આપીને ભરપૂર બનાવે છે. સાચે જ દૂર દૂર પરાવત–સ્વર્ગના પ્રદેશથી અમારી પાસે ઇંદ્ર આવી પહોંચે છે અને અમને મિત્રભાવે જોડી દે છે. જેમ અગ્નિ વનોને બાળી મૂકે છે તેમ જ દેવરાજ ઇંદ્ર પોતાના પ્રભાવથી અમારા દોષોને બાળી મૂકે છે.'

ઋષિ નારદ એ જ રીતે ઇદ્રનો મહિમા ગાતાં જણાવે છે કે:

'હે શક્તિશાળી, હે નૃમદન ઇંદ્ર, તમે પરાવત–દૂરના કે અર્વાવત–ઘણા પાસેના પ્રદેશમાં હો, સમુદ્રની અંદર વસ્યા હો કે અંતરિક્ષમાં વસ્યા હો, પરંતુ જ્યારે જ્યારે અમે તમને યાદ કરીએ ત્યારે ત્યારે તમે અમારી પાસે આવી પહોંચો.

'હે ઇંદ્ર, તમે જો અમારી સાથે મિત્રતાની ભાવનાએ જોડાયા હો તો અમારા આપેલા આ હવિષ્યનો સ્વીકાર કરો અને અમારા ઉત્સાહમાં વધારો કરો.

### (૪) મોહને સ્નેહથી જીતો

સર્વાનુક્રમણી અને શાટચાયનના જણાવ્યા પ્રમાણે, નાર્ષદ નામના એક કણ્વ મુનિ બકની પુત્રી સાથે લગ્ન કરે છે અને એમને ત્રિશોક તેમજ નાભાક બે પુત્ર થાય છે, તેમાંના નાભાક અગ્નિ, ઇંદ્ર તેમજ અગ્નિ અને ઇંદ્રની સ્તુતિ કરતાં વારંવાર એક પાદ–ચરણને રટતા રહે છે :

'નભન્તામ્ અન્યકે સમે' એનો ભાવ તો એક જ છે.

'અમારા જે મિત્રો અને સ્નેહી જનો છે તે તો અમારી સાથે નભી રહો, પરંતુ જેને જેને અમે અન્યક—સામાન્ય ગણીએ છીએ તે પણ અમારી સાથે સમાન-ભાવે રહે અને અમે એમને નભાવીએ.'

વરુણની સ્તુતિ કરતાં ઋષિ નાભાક જણાવે છે :

'હું એ સુપ્રસિદ્ધ વરુણની સ્તુતિ સરખા મનથી કરી રહ્યો છું, મારા પિતૃઓની સંમતિની સાથે કરી રહ્યો છું, નાભાક ઋષિની પ્રશંસા ભરેલી વાણીથી કરી રહ્યો છું, આ સરળ ભાવે વહી જતી સરિતાઓના ઉગમ—સ્થાનમાં જે સાત સ્વરોની વાણી છે તેમાંની મધ્યમવાણી ધ્રુવપદની જેમ 'નભન્તામ્ અન્યકે સમે' કીર્તન કરી રહી છે.'

એ ઋષિ નાભાકનો ભાઈ ત્રિશોક પહેલાં તો માર્ગ ભૂલેલા અજાણ્યા યાત્રિકની જેમ સંસારરૂપી જંગલમાં ભટકતો હતો અને મનના આવેગ વધારી બીજાનો ઉદ્વેગ—શોક સંતાપ વધારતો હતો. એને સાચો માર્ગ મળી ગયો અને એ મંત્ર-દ્રષ્ટા ઋષિ બની ગયો. એણે દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરતાં જણાવ્યું છે:

'હું ત્રિશોક, એ ઈંદ્રની સ્તુતિ કરું છું, જેમણે મારી પર કૃપાનાં જલ વરસાવ્યાં હતાં. સાચે જ હું તો માર્ગ ભૂલેલો હતો. જેમ જલના માર્ગ રોકાઈ જાય તેમ જ મારા મનના માર્ગ રોકાઈ ગયા હતા, પરંતુ ઇંદ્રે મારા મનનાં આવરણ દૂર કર્યાં ને માર્ગ મોકળા કરી આપ્યા.

'હે શૂરવીર ઇંદ્ર, આપનો એકાદ અપરાધ થઈ જાય, સંભવ છે કે બે ત્રણ અપરાધ થઈ જાય, અથવા તો જીવનનો માર્ગ ભૂલતાં ઘણા અપરાધ થઈ જાય, પરંતુ આપ કૃપા કરીને એ દોષોને માફ કરજો.'

આ ઋષિને પોતાનું પાપી જીવન યાદ આવે છે, એનો દંડ પણ ભોગવી લીધો છે, હવે તો માર્ગ સુધરી ગયો છે. સંભવ છે કે કદાચ દેવરાજ ઇંદ્ર જૂનાં પાપ યાદ કરીને શિક્ષા કરે; એટલે સ્નેહભાવથી એ જણાવે છે :

'હે મર્ત્ય માનવો, ભલા, અપરાધની માફી માગ્યા પછી કયા દેવ મને અલગ રાખે ? મેં તો હવે ઇંદ્રને મારા સખા ગણી લીધા છે એટલે એ મને મિત્ર ગણ્યા પછી તો છોડશે જ નહિ. અપરાધની ક્ષમા માગ્યા પહેલાં તો ઇંદ્ર એમ જણાવી શકે છે કે જે પાપી જન છે તે તો મારાથી ભય પામી પલાયન થઈ જાય છે, પરંતુ એ મારા દંડથી છૂટી શકતો જ નથી.'

આ બંને ઋષિ એક જ પિતાના પુત્ર છે, પરંતુ શરૂઆતમાં બંનેના માર્ગ જુદા પડી ગયા હતા. ભાઈના સન્માર્ગે આવી ગયા પછી તો ત્રિશોક પૂરેપૂરો સ્નેહી જન બની ગયો છે ને એને હૈયે વિશ્વમાનવની ભાવના જાગી છે :

'હે ઇંદ્ર, તમે ભક્તજન પર કૃપા કરી ભૂરિ ભૂરિ દાન આપો છો એ વાત વિશ્વનો એક એક માનવી જાણે છે. તમારાં આપેલાં ધન માનની સ્પૃહા તો દરેક રાખે છે, કારણ કે એ બંને લોકોનાં હિત સાધે છે.'

**(૫) મદને દયાથી જીતો**

'એક જીવ બીજા જીવ પર જીવે છે', 'મોટું માછલું નાના માછલાને ગળી જાય છે,' 'આ સંસારમાં તો બળિયો હોય તે જીતે', આવા પ્રકારની માન્યતા અને સમજણ તો બધાં ધરાવે છે, કેટલાક તો કુદરતનો કાયદો ગણી એને વધાવી પણ લે છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે આ સંસારમાં દયા ને કરુણા માટે કોઈ સ્થાન છે ખરું ? શું દીન, દુઃખી, પતિત પ્રાણીનું કોઈ રક્ષણ કરનાર જ નથી ? એક નબળાને બળિયો મારી નાખશે તો એને મારનાર સબળ–સવાયો તો નીકળશે ખરોને ?'

દયાની દેવી અદિતિ પ્રકૃતિમાતા છે. એ નબળાને રક્ષણ આપે છે, દીન જનોનો ઉદ્ધાર કરે છે. એ સાથે મદભર મહાલતા ને બીજાને પીડતા પાપીજનોને વશ કરવાના ઉપાય પણ એની પાસે છે; માતા અદિતિની જેમ એના પુત્ર આદિત્ય દેવો પણ પરમાર્થસેવા કરીને દીન જનોનો ઉદ્ધાર કરે છે.

આ રહસ્ય ૬૭ માં સૂક્તમાં છે. એના ઋષિ મહામીન સંમદના પુત્ર મત્સ્ય અથવા તો જાળમાં ફસાયેલ મત્સ્યગણ છે. આદિત્યોની સ્તુતિ કરતાં એ મત્સ્યો પોતાનું રક્ષણ માગે છે. એઓ જણાવે છે :

'હે આદિત્ય દેવો, જે લોકો પાપનાં આચરણ કરે છે તેમને તો ઘણાં મોટાં પાપ ભોગવવાં જ પડે છે અને જે નિર્દોષ જનોએ પાપ કર્યાં જ નથી તેમને માટે તો કલ્યાણનો માર્ગ ખુલ્લો છે. અમે તો નિરપરાધી જીવો છીએ માટે કલ્યાણના એ રમણીય–રત્નનાં અમને દાન આપો. આપ અમારી અભિલાષા પૂરી કરો.

'અત્યારે તો અમે આ જાળમાં ફસાયા છીએ. અમારા જીવનના માર્ગને રોકનાર એ તો સેતુ–આડો પુલ છે, અમારે તો ઘણાં સારાં કાર્ય કરવાં છે માટે આ જાળમાંથી અમને છોડાવો. આ જાળના બંધને તો અમારા માર્ગમાં એક બાધા ઊભી કરે છે તેને તમો દૂર કરો.'

એ મત્સ્યગણે આદિત્ય દેવોને યાદ કર્યા છે તો મત્સ્યરાજે એ આદિત્યોની માતા અદિતિને યાદ કરીને સ્તુતિ કરી છે :

'હે દેવમાતા અદિતિ, આપ મહાન છો. હું મત્સ્યરાજ આ બધાં માછલાંના પ્રતિનિધિ તરીકે આપને શરણે આવ્યો છું ને સ્તુતિ કરું છું : આપ અમારી અભિલાષા પૂરી કરો, કારણ કે તમે તો બધાં પ્રાણીઓને સુખ આપનારાં દયાળુ માતા છો.

'હે આદિત્ય દેવો, આ જાળના બંધનમાં અમે ફસાઈ જઈએ અને પછી તમે એ બંધનમાંથી છોડાવો એના કરતાં તો તમે અમને એવી સદ્‌બુદ્ધિ આપો કે એ મિથ્યાજાળમાં અમે ફસાઈએ જ નહિ અને અમે જીવનના માર્ગે પ્રગતિ સાધીએ.

'હે દેવો આદિત્યો, અમે તો આ સંસારના મદ ને પ્રમાદમાં પડીને એવા તો શિથિલ થઈ ગયા છીએ કે અમારામાં આગળ ધપવાના ઉત્સાહ ઓસરી ગયા છે. આપ દેવો તો ઉત્સાહના વેગમાં રહીને કોઈ જાતની જાળમાં ફસાતા નથી, માટે અમારા જીવનમાં ઉત્સાહના વેગ આપો કે જેથી અમે કોઈ પણ બંધનમાં આવીએ નહિ.'

**(૬) મત્સરને તપથી જીતો**

અત્રિ ઋષિની કન્યા અપાલા બ્રહ્મવાદિની છે, પરંતુ કોઈક પ્રારબ્ધના યોગે એના શરીરે કોઢ થાય છે અને એના પતિ કૃશાશ્વ એનો ત્યાગ કરે છે. પતિગૃહ છોડી પિતાના આશ્રમમાં વસી અપાલા કઠોર વ્રત, તપનાં આચરણ કરી દેવરાજ ઇંદ્રને પ્રસન્ન કરે છે ને એનો કોઢ દૂર થાય છે. એના એ ઉગ્ર તપથી કૃશાશ્વ પણ પ્રસન્ન થાય છે અને એનો સ્વીકાર કરે છે. સૂક્ત ૯૧ માં અપાલા અને ઇંદ્રનો સંવાદ અદ્‌ભુત છે. સૂક્તની શરૂઆતમાં અપાલા જણાવે છે :

'આ કન્યા સ્નાન કરવા માટે જલાશય પર ગઈ હતી. ત્યાં તો એને સોમલતા મળી આવી; એને પોતાની સાથે ઘેર લાવતાં અપાલાએ જણાવ્યું : હે સોમ, ઇંદ્રને રાજી કરવા માટે હું સોમરસ કાઢું છું. સમર્થ શક્ર માટે આ ક્ષણે જ તારો સોમરસ હું કાઢું છું.'

એમ કહીને અપાલાએ તો પોતાના દાંતથી સોમવેલ પીસવા માંડી. 'મારે માટે સોમ તૈયાર થાય છે' માનીને ત્યાં ઇંદ્ર આવ્યા, પણ અપાલાને સોમ ચાવતી જોઈ પાછા ફરવા લાગ્યા, એ જોઈ અપાલાએ સ્તુતિ કરી :

'હે ઇંદ્ર, તમે તો વીર–સમર્થ પુરુષ છો, યજમાનને ઘેરે ઘેર તમે તો સોમરસ શોધતા પહોંચી જાઓ છો, માટે મારા દાંતથી પીસાતા સોમરસનાં પાન કરો. હું તમારે માટે ભૂંજેલી ધાણી, સકતુ ને અપૂપ–પુરીઓ તૈયાર કરું છું; એનાં ભોજન કરો.

'હે ઇંદ્ર, તમે આજે મારે આંગણે આવીને ઊભા રહ્યા છો, પરંતુ તમને પાછા ફરતા જોઉં છું ને મને શંકા થાય છે કે તમે ઇંદ્ર ન હો. અરે ઓ સોમનાં ટપકતાં ઇંદુ–બિંદુઓ! તમે ઇંદ્રને માટે વહેતાં રહો.'

અપાલાની એ ભાવભરી વાણી સાંભળી ઇંદ્રે સોમપાન કર્યાં અને તેથી એ અપાલા ઇંદ્રની સ્તુતિ કરવા લાગી. એણે ઇંદ્ર પાસેથી વરદાન માગતાં જણાવ્યું:

'હે ઇંદ્ર, આ ત્રણ સ્થાન ફરીથી ઉગાડી આપો: પહેલું તો મારા પિતા અત્રિને માથે ટાલ પડી છે ત્યાં વાળ ઊગે; એની ખેતી ઊખર બની છે તે ફળદ્રુપ બને અને મારે શરીરે કોઢ થયો છે ત્યાં નવી ચામડી ઊગે.'

અપાલાની કામના પ્રમાણે દેવરાજ ઇંદ્રે પોતાના રથનાં ચક્રનાં છિદ્રોમાં એના શરીરને ત્રણ વાર પરોવીને બહાર કાઢયું અને એના શરીરની ચામડી સુવર્ણ જેવી ચળકતી કરી આપી.

### (૭) સંગને પરમાર્થથી જીતો

કાણ્વ સોભરિ ૧૯–૨૨ ચાર સૂક્તોના દ્રષ્ટા છે. પુરુકુત્સના પુત્ર રાજા ત્રસદસ્યુએ પચાસ કન્યા આપી એનો નિર્દેશ ૧૯–૩૬ મંત્રમાં કર્યો છે તેમજ પ્રસન્ન થયેલ દેવરાજ ઇંદ્રે વરદાન આપ્યાં એનું વર્ણન ૨૦મા સૂક્તમાં છે. એકવીસમા સૂક્તમા મૂષકરાજ ચિત્રનો નિર્દેશ કરતાં બૃહદ્દેવતા (૬,૬૦)માં જણાવ્યું છે કે;

'કણ્વપુત્ર સોભરિ કુરુક્ષેત્રમાં યજ્ઞ કરતા હતા ત્યારે ઉંદરો એમના હવિષ્ય અન્ન ખાઈ જતા હતા. સોભરિએ મૂષકરાજ ચિત્રની સ્તુતિ કરી તેથી પ્રસન્ન થઇને એમણે ઋષિને અનેક ગણાં દાન આપ્યાં.'

આ એક રૂપક છે. સોભરિ પોતે આત્મજ્ઞાની, આત્મનિર્ભર છે. એમના સંગે રહેનાર નારીઓ અને પ્રજાજનોને બોધ થાય, એ કારણે અહીં મૂષકોને કાલના પ્રતિનિધિ તરીકે રજૂ કરીને સમયનાં સાચાં મૂલ્ય આંકવાનો ઉપદેશ આપ્યો છે.

અગ્નિની સ્તુતિ કરતાં એ ઋષિ પોતાને–સ્વગત જણાવે છે:

'હે વિપ્ર બુદ્ધિશાળી, હે સોભરિ, અધ્વર–યાગમાં બોલાવવા માટે તમે અગ્નિની સ્તુતિ કરો. એ અગ્નિ તો વિભૂતિનાં દાન કરે છે, એની જ્વાળાઓ ચિત્રવિચિત્ર વર્ણથી શોભે છે અને એ યજ્ઞના ઘણા જૂના નિયામક છે.'

અગ્નિનાં વિવિધ રૂપોનો મહિમા ગાતાં ઋષિ જણાવે છે કે:

'આ તે અગ્નિ છે, જેના તેજથી વરુણ મિત્ર અર્યમા અશ્વિનીકુમારો વગેરે દેવો પ્રકાશે છે. હે અગ્નિ, તમે તો અમારાં રક્ષણ સમર્થ ઇંદ્રની જેમ કરો છો અને અમારા અધ્વ–માર્ગોનાં રક્ષણ કરો છો.

' અમારે આંગણે આહૂત–બોલાવેલ અગ્નિ ભદ્ર–કલ્યાણકારી હો. હે સુભગ અગ્નિ, તમારાં રાતિ–રક્ષણ અમારે માટે ભદ્ર હો, અમારો અધ્વર ભદ્ર હો, અમે કરેલી પ્રશંસા–પ્રશસ્તિઓ ભદ્ર હો.

' હે અગ્નિ, અમારાં મનને સાધન બનાવીને તમે સંગ્રામ ખેડો છો અને અમારા શત્રુઓનો નાશ કરો છો, એ અમારાં મન અમારે માટે કલ્યાણકારી છે.

' હે વસુ અગ્નિ, તમારી પ્રશંસા માટે અમે મિથ્યા ભાષણ ન કરીએ. અમે કોઈ દોષ કે પાપનાં આચરણ ન કરીએ. મારી સાથે સ્તુતિ કરનાર ઋત્વિજો તમારી નિંદા ન કરે કે એમની બુદ્ધિમાં પાપ ન જાગે. તમે અમારાં પિતા–પુત્રની જેમ રક્ષણ કરન.ર છો.'

આદિત્ય દેવોની સ્તુતિ કરતાં એ ઋષિ જણાવે છે :

' હે આદિત્ય દેવો, તમે અદિતિ–દયાળુ માતાના પુત્રો છો, તેથી તો તમે કોઈનો દ્રોહ કરતા નથી અને સર્વે જનો પર દયા–દાનનાં અમી વરસાવો છો. આ વિશ્વ જનોમાં જે જે માર્ય માનવે યજ્ઞ જીવનનો પ્રારંભ કર્યો છે; તેને તમે જીવનની પારે સફળતાને કીનારે પહોંચાડો.

' આ માનવોએ તમારી સહાયતાથી ચાર ચાર પુરુષાર્થ શરૂ કર્યા છે; એમનો પરાજય કરવા માટે ઘણા બધા શત્રુ મનની અંદર ભરાયા છે. એ કોમળ મનની લાગણીઓ તમે શમાવો ને અમને સદાચારના માર્ગે દોરી જાઓ, એમના મનોરથ સફળ કરો.'

ઇંદ્રનો મહિમા ગાતાં એ ઋષિ સ્તુતિ કરે છે :

'હે અશ્વપતિ, હે ગોપતિ, ઉર્વરા– ફળદ્રુપ ભૂમિના પતિ, હે સોમપતિ, આ સોમનાં ઇંદુ–બિંદુ ચમકી રહ્યાં છે ને તમારે માટે સોમરસ તૈયાર કર્યો છે, માટે તમે અમારા સોમયાગમાં આવીને સોમરસનાં પાન કરો.

'હે શૂરવીર ઇંદ્ર, અમે તમારી મિત્રતાના ભાવ ને ભોગ–સાધનોમાં સાથ સહકાર આપવાના ભાવને સારી રીતે જાણીએ છીએ અને તેથી અમે તમારી પાસે યાચના કરીએ છીએ: અમને સર્વ સાધનો વસાવી આપો.

'હે દેવરાજ ઇંદ્ર, આપ જાણો છો કે આ લોકમાં જેની પાસે ધન-સાધન વિપુલ હોય છતાંપણ જે ધનવાન બીજાઓને દાન આપતો નથી તેનો આશ્રય કોઈ કરતું નથી. જે લોકો યજ્ઞ જેવાં પરોપકારનાં કાર્ય કરતા નથી, પરંતુ જે સુરાપાન કરી પ્રમાદ સેવે છે તે નાસ્તિક જનો એકલા પડી જાય છે; એમને તમે સહાય કરતા નથી.'

મૂપકરાજ ચિત્રની સ્તુતિ કરતાં એ જણાવે છે:

'અમે કુરુક્ષેત્રમાં જ્યાં દેવરાજ ઇંદ્ર માટે સોમયાગ કરીએ છીએ ત્યાં દેવરાજ ઇંદ્ર અને ભાગ્યશાળી સરસ્વતી દેવી અમને સહાય કરવા આવી પહોંચ્યાં છે, એમની સાથે આ ચિત્રરાજા પણ અમને દાન આપવા માટે આવી પહોંચ્યા છે.

'અમને હજારો ને કરોડોની સંખ્યામાં દાન આપનાર આ ચિત્ર તો સાચે જ મહાન રાજા છે, બાકી બધા તો નાના નાના રાજા છે. જેમ પર્જન્ય–મેઘ કૃપા કરીને ખૂબ જ વૃષ્ટિ આપે તેમ જ આ રાજાએ તો અમને દાનની વર્ષા કરી રાજી કરી દીધા છે.'

એ સોભરિ ઋષિએ મૂપકરાજ ચિત્ર પાસેથી દાન મેળવ્યાં તે તો સમયનાં દાન છે. સાચે જ, સમય વહી જાય છે એની કોઇને ખબર પડતી નથી. આત્મજ્ઞાની ઋષિના સંગે રહેલી નારીઓ તો મનની વિવિધ વૃત્તિઓ–પ્રવૃત્તિઓ છે. એમને પરમાર્થને માર્ગે દોરવાનો ઋષિનો અભિપ્રાય આ સૂક્તમાં રજૂ થાય છે.

□

## ૨૯

# મનોરથના માર્ગે

માનવીની આ વિચારભૂમિ છે : જ્યાં સંકલ્પ જાગે છે, ત્યાં સંકલ્પ પ્રમાણે સર્જન થાય છે ને વિહારો રચાય છે, દુર્ગો ને રાજભવનો મંડાય છે; જાણે કે અવનવા લોકનાં સર્જન થઈ રહ્યાં હોય.

'ત્યાં રથ નથી, રથને જોડવાના ઘોડા નથી, રથને જવાના માર્ગ નથી, નવા જ રથ રચાય છે, નવા જ ઘોડા તૈયાર થાય છે અને અવનવા માર્ગ ખેડવાના હોય છે.'

અહીં આપણને એક ઋષિનાં દર્શન થાય છે, તેમનું નામ છે **વિશ્વમના.** એમના પિતાએ ઇંદ્રિયોરૂપી–અશ્વને વશ કર્યા છે, માટે વ્યશ્વ એમનું નામ છે. વશ–અશ્વ–વ્યશ્વ અને તેથી વિશ્વમના વૈયશ્વ ગણાય છે. એ ઋષિ અગ્નિનો મહિમા ગાતાં પોતાના સાથીઓને બોધ આપે છે :

'હે ઋત્વિજો, આ તે અગ્નિ અગ્રણી છે, જે પ્રતિકૂળ બનીને, સામનો કરીને શત્રુઓનો પરાજય કરે છે; એ અગ્નિની સ્તુતિ તમે કરો. જ્યારે યજ્ઞની જેમ સેવા–પરોપકારનાં કાર્ય શરૂ થાય છે ત્યારે સુગંધિત ધૂપની જેમ એ કાર્યની સુવાસ ચારે બાજુ ફેલાય છે અને એની તેજસ્વી જ્વાળાઓ બધે પ્રસરે છે. એ પોતે જાતવેદા અગ્નિ છે, જેનાં પરોપકારનાં કાર્ય બધા જ જાણે છે, માટે તમે એ અગ્નિનાં–યજન પૂજન કરો.'

એ ઋષિ સાવધાન બની પોતાના મનને બોધ આપે છે :

'હે વિશ્વમના, તમે જ્ઞાનની નજરે અને મનની ગતિએ વિશ્વના સઘળા પદાર્થોનાં દર્શન કરી લીધાં છે, તમારાં મન તો જડ અને ચેતન બધા જ પદાર્થોમાં એકસરખી ગતિ કરે છે, માટે તમારાં આ મન વિશ્વમના અને વિશ્વચર્ષણ છે. આવા ઉદાર મનને કોઈની સાથે સ્પર્ધા કે અદેખાઈ કરવાની હોય નહિ. એ

મનના અનેક રથો–મનોરથોનાં દાન કરનાર તો અગ્નિ છે, માટે મનોરથ ઘડતાં પહેલાં, હે મન, મધુરવાણીથી અગ્નિની સ્તુતિ કરી લે.

'સાચે જ, જે યજમાને પોતાના જીવનયજ્ઞની શરૂઆત કરીને પરમાર્થના માર્ગે સહાય કરવા અગ્નિને બોલાવ્યા છે અને એ અગ્નિનાં સારી રીતે યજન–પૂજન કરીને એને બલિ, ભેટપૂજા આપ્યાં છે; તે ઉદારચરિત માનવીનો કોઈ શત્રુ નથી ને એનો કોઈ પરાજય પણ કરતો નથી.

'હે અગ્નિ મહારાજ, મારા પિતા વ્યશ્વ છે, તેમણે બધાં ધન–સાધન પરમાર્થ કાર્યમાં જોડી દીધાં છે, જે જે સાધનસંપત્તિ મળે તેને લોકોનાં કાર્યોમાં વાપરી દેવાં એવી મનઃકામના રાખીને એ તમારાં યજન કરે છે, તે જ રીતે અમે પણ ઉદાર ધન મેળવવા તમને ભેટપૂજા ધરીએ છીએ.

'હે અગ્નિદેવ, તમે જાણો છો કે આપણા પેલા મનુ મહારાજ યજ્ઞ કરવા ઈચ્છતા હતા, તેમની પાસે કવિના પુત્ર ઉશના નામના ઋષિ પહોંચી ગયા. એમણે બધા દેવોના હોતાના રૂપે તમારી વરણી કરી. એ જ રીતે વિશ્વેદેવોએ પણ દેવોના દૂત પુરોહિત તરીકે તમને પસંદ કર્યા છે. શુદ્ધ મતિથી કાર્ય કરનાર આ યજમાનો પોતાનાં કર્મોનાં સારી રીતે રક્ષણ કરવા માટે તમારાં યજન-પૂજન કરે છે. એ લોકો તમને સારી રીતે જાણે છે કે તમે મનનશીલ મનુષ્યોના અતિથિ છો, ઓષધિ–વનસ્પતિઓના પ્રેરક પુત્ર છો અને ઘણા પ્રાચીન પુરાતન છો.

'હે અગ્નિદેવ, તમે દેવોમાં સાક્ષાત્ યશની પ્રતિષ્ઠા છો. ઋતનાં પાલન કરનાર અને શુદ્ધ બલનાં સેવન કરનારા મિત્ર અને વરુણ એ બે દેવો તો સમ્રાટ જેવા છે, એમને બોલાવીને તમે અમારા યજ્ઞમાં આવો.'

આ વિશ્વમના ઋષિ ઇંદ્રની સ્તુતિ કરતાં જણાવે છે કે:

'હે વજ્રધારી ઇંદ્ર, જેમ ગોપાળ ગાયોની સાથે રહીને વ્રજભૂમિમાં જાય છે તેમ જ અમે ઋષિઓ સ્તુતિરૂપી વાણીઓની સાથે તમારી પાસે આવી પહોંચ્યા છીએ, માટે તમે અમારી મનઃકામનાઓ પૂરી કરો અને અમારા મનને ભરપૂર બનાવો. હે વૃત્રહંતા, ઉગ્ર નેતા, હું વિશ્વમના નામનો ઋષિ છું, માટે મારાં વિશ્વભરનાં સ્તોત્ર અને કર્મો જોઈને મનોવેગથી મારી પાસે આવી પહોંચો.'

એ ઋષિ ઇંદ્રની સ્તુતિ કરવા માટે પોતાને જ સંબોધે છે :

'હે વિશ્વમના, જેના વિશાળ મનમાં કોઈ ઊર્મિ–તરંગ નથી છતાં જેની પાસે ઘણા જ વેગ અને ઉત્સાહ રહેલા છે તેવા સંયમશીલ ઇંદ્રની સ્તુતિ કરો.

મારા પિતા વ્યશ્વે પહેલાં એમની સ્તુતિ કરી હતી. એ ઇંદ્ર તમને વિશાળ ઘર બાંધી આપશે.'

'હે વૈયશ્વ, આ માનવીના શરીરમાં નવ પ્રાણ રહેલા છે ને નવેય પ્રાણોને ચેતન આપનાર તો ઇંદ્ર દસમા પ્રાણ છે. એ અંતર્યામી છે, એની સ્તુતિ કરો.'

વિવસ્વાન સૂર્યના પુત્ર મનુ એક મંત્રદ્રષ્ટા ઋષિ છે. એક એક દેવની સ્તુતિ કરતાં એ દેવોને જગાડે છે અને એ બધા દેવોને સમાન મનવાળા પોતાને સહાય કરવાની સ્તુતિ કરે છે:

'અમે દિવ્ય મનથી સ્તુતિ કરનારા મનુઓ તમારામાં જે જે દેવ–દિવ્ય ભાવના ધરાવે છે તેમને બોલાવીએ કે જે અમારાં રક્ષણ કરે. અમે એ દિવ્ય ગુણ ધરાવનાર દેવને પ્રાર્થીએ છીએ કે જે અમારાં મનવાંછિત કર્મ કરે અને અમે એ દેવની સ્તુતિ કરીએ છીએ કે જે અમને ધનધાન્ય આપે.

'હે દેવો, હું મનુ તમારી સ્તુતિ કરું છું, માટે તમે બધા એકસરખા ઉત્સાહથી મનના યોગ જોડી અમારી પાસે આવો અને અમને સહાય કરો.

'હે મનુઓ, આ દિવ્ય ગુણવાળા દેવો કલ્પવૃક્ષ જેવા છે. એમની પાસે તમે જેવી કામનાઓ કરો તે પ્રમાણે થવાનું જ! આ દેવોની કામનાઓને રોકી રાખે તેવું તો કોઈ છે જ નહિ. કોઈ કંજૂસ માણસ પણ એ દેવોની સ્તુતિ કરે તો એમની કામના પણ પૂર્ણ થાય છે.

'હે દેવો, આ સોમયાગનાં યજમાન અને યજમાનપત્ની એ બંને દંપતી એકસરખા મનના ઉત્સાહથી સોમરસ તૈયાર કરી રહ્યાં છે તેમજ સોમરસમાં દૂધ, દહીં વગેરેનાં મિશ્રણ કરી રહ્યાં છે.

'આ બંને દંપતી કદી પણ મિથ્યાપ્રલાપ કરતાં નથી; અર્થાત્ ઇંદ્ર વગેરે દેવોને બોલાવીને પછી સોમપાન કરાવ્યાં ન હોય એવું બન્યું નથી; એઓ તો વારંવાર યજન–પૂજન કરે છે.

'આ બંને દંપતી પુત્રપૌત્ર વગેરે વિશાળ પ્રજાજનોની સાથે અમારાં યજન કરે છે, એ બંને ઘણાં લાંબાં આયુષ ભોગવે છે. એમની પાસે ઘણાં ધનસાધન અને સોનાના અલંકાર છે. એ દંપતી એક સમાન મન જોડીને ગૃહસંસાર સારી રીતે ભોગવે અને તમારી સેવા શુશ્રૂષા કરે, એ રીતનાં સમર્થ એમને બનાવો.'

અહીં મનુ મહારાજ અને એમની પત્ની શતરૂપા બંને દંપતી સર્વ માનવોનાં

આદિ માતા અને પિતા છે. અને એ રીતે આ મનુની સ્તુતિ–પ્રાર્થના ગૃહસ્થ-ધર્મનો આદર્શ રજૂ કરે છે.

એ ઋષિ મનુ યજમાનને ઉત્સાહભર્યાં વચનોથી પ્રેરણા આપે છે :

'હે યજમાન, તમે તો દેવોના મનને પ્રસન્ન કરવા માટે યજન કરો છો, માટે તમારો નાશ નહિ થાય. તમે તો દેવોનાં મન રાજી કરવા સોમરસ કાઢો છો. સાચે જ દેવોનાં મન ભરવા માટે ભેટ--પૂજા આપો છો, માટે તમારી વૃદ્ધિ થયા કરશે. અર્થાત્ જે યજમાન દેવોનાં મનને રાજી કરવા ઇચ્છે છે તે યજ્ઞ નહિ કરનાર નાસ્તિક જનો કરતાં શ્રેષ્ઠ છે.'

આઠમા મંડળના ઋષિઓ કણ્વને નામે પ્રસિદ્ધ છે. એ કણ્વો તો કવિઓ છે, મનીષીઓ છે. એમણે મનના ઉત્સાહ અને મનોરથની ગતિને વેગ આપવા માટે દેવોની સ્તુતિઓ કરી છે તેમજ પોતાના મનોબળને પણ તપ વ્રત અને સંયમના માર્ગે આગળ ધપાવે છે. એ ઋષિએના મનોરથોનાં આપણને વિવિધ રીતે દર્શન થાય છે.

એમાંના એક કણ્વ મેધાતિથિ બીજા કણ્વ કવિઓને પ્રેરણા આપતાં જણાવે છે :

'હે કણ્વો, હે કવિજનો, આખો દિવસ સોમવેલનો રસ કાઢવા પાવન–પવિત્ર કામ તો કર્યું, પણ હવે આ સોમવેલ ઋજીષ–રસ વિનાની થઈ ગઈ છે; તેમાં રસ ક્યાંથી આવશે? અને એ ઋજીષ સોમને જોતાં ઇંદ્રને આપવાનો ઉત્સાહ પણ ક્યાંથી જાગશે? માટે તમે હવે એવી મીઠી મધુરી ગાથા–કથા સંભળાવો કે જેથી ઋજીષ=સોમમાં રસ આવે અને દેવરાજ ઇંદ્ર આવી પહોંચે.

'સાચે જ, જીવનના બધા જ રસકસ ઊડી ગયા હોય અને જીવન જીવવા જેવું પણ રહ્યું ન હોય, ત્યાં કવિજનની મીઠી મધુર વાણી નવા રસનાં સિંચન કરે છે અને જીવનને રસસભર બનાવે છે.

'હવે ભલા, નીરસ સોમવેલમાં રસ સિંચવાથી ફાયદો શો ને ઇંદ્રને પ્રશંસા સ્તુતિ કરી, એને સોમરસ પાવાથી શું?' આવી શંકા કો'ક કવિજનને હૈયે જાગે તેને દૂર કરવા આ મેધાતિથિ કણ્વ જણાવી રહ્યા છે :

'કણ્વ–કવિજનો, આટલું તો ધ્યાનમાં રાખજો કે જેમણે જેમણે સોમરસનાં પાન ઇંદ્રને કરાવ્યાં છે તેમણે પોતે પણ સોમરસનાં પાન કર્યાં છે. જેમણે બીજાનાં શુષ્ક જીવનમાં તાજા રસ ભરવાનાં પરમાર્થ–કાર્યો કર્યાં છે, એ સેવાભાવી પરોપ-કારી જનોએ તો બધા પ્રકારનાં ઋણ ચૂકવી દીધાં છે. એમને અંગત લાભ કે

સ્વાર્થ માટે કોઈ કાર્ય કરવાનું રહેતું નથી અને બીજી વાત, જે માણુસ લોભી, લાલચુ કે સ્વાર્થી છે તેના હાથે સોમરસ નીકળતો નથી. પરોપકારી જન ભરપૂર સોમરસનાં પાન ઇંદ્રને કરાવે છે.

'હે ગાન કરનાર કવિજનો, આ દેવરાજ ઇંદ્ર સર્વનાં ભલાં કરનાર ઉદાર-ચરિત છે, માટે તમે એનાં ગાન ગાઓ છો. તે ઇંદ્રની પ્રશંસા કરો અને તે ઇંદ્રને ભેટપૂજા આપો. એમાં સંકોચ રાખતા નહિ; કારણ કે દેવરાજ ઇંદ્ર આપણા દાતા અને સમર્થ દેવ છે.'

જેવી રીતે વિશ્વમના વૈયશ્વ ઋષિના પિતા વ્યશ્વ ઇંદ્રના ઇંદ્રિયોરૂપી અશ્વોને વશ રાખી આદર્શ જીવન જીવી ગયા તેજ રીતે અત્રિના પુત્ર એ ઋષિ **શ્યાવાશ્વ** છે. તેમણે પોતાના અશ્વને સંયમના માર્ગે રોકી રાખ્યા નથી, પરંતુ મનોરથની શ્યાવ–ચિત્ર વિચિત્ર ભાવનાને પોષવા માટે એમણે ભક્તિનો માર્ગ લીધો છે. અશ્વોના અધિપતિ દેવ અશ્વિનીકુમારોની સ્તુતિ કરતાં એ ઋષિ જણાવે છે કે :

'હે અશ્વિનીકુમારો, આપ મારે આંગણે સોમપાન કરવા આવો પરંતુ આપ એકલા આવશો નહિ. આપ બધા દેવોનો સાથ સાધી બધાને ભેગા કરી સંગત થઈ મારે આંગણે પધારો. અગ્નિ અને ઇંદ્ર, વરુણ અને વિષ્ણુ, આદિત્યો, રુદ્રો અને વસુઓ તેમજ સૂર્ય વગેરે દેવોની સાથે આવો.

'આ વિશ્વેદેવો જે અગિયાર અગિયારની સંખ્યામાં સાથે રહે છે એ ઉપરાંત મરુતો સાત સાતની સંખ્યામાં રહે છે, તે બધા દેવોને તમે સાથે લાવો.

'હે અશ્વિનીકુમારો, જેમ કો' સ્વયંવરમાં ઉત્સાહી જુવાન પુરુષને વરવા ઇચ્છતી કોડીલી કન્યાના મનોરથ પૂરા કરવા કો'ક ઉત્સાહી જુવાન પહોંચી જાય તેવા જ ઉત્સાહથી તમે મારે આંગણે સોમપાન કરવા આવો.

'જેમ આકાશે ઊંચે ઉડતા બે હંસ ક્યાંક શુદ્ધ મોતીનો ચારો જોતાં નીચે ઊતરી આવે તેમ જ તમો બંને મારે આંગણે આવી પહોંચો.

'હે અશ્વિનીકુમારો, મારે આંગણે સોમપાન કરો અને તૃપ્ત થાઓ. હાં, તમે તૃપ્ત થાઓ, પછી તો જતાં પહેલાં અમારા પ્રજાજનોના મનોરથ પૂર્ણ કરતા જાઓ. એમને ભરપૂર ધનધાન્ય આપીને તૃપ્ત કરો. તમે પોતે જય પામો અને સ્તુતિ કરનાર યજમાનનાં રક્ષણ કરતા રહો.

'હે અશ્વિનીકુમારો, મારા પિતા અત્રિ ઋષિએ આપની સ્તુતિ પહેલાં કરી હતી અને તમે એ સાંભળી હતી; એ જ અત્રિનો પુત્ર શ્યાવાશ્વ અત્યારે સોમરસ તૈયાર કરી રહ્યો છે, માટે તમે મારે આંગણે આવી પહોંચો.'

આ બીજા ઋષિ છે; એમનું નામ વશ છે અને એમના પિતાનું નામ અશ્વ છે, તેથી તે અશ્વ્ય વશ નામે પ્રસિદ્ધ છે. એ ઋષિને ઇંદ્રિયો તો વશ હોય અને એમના મનોરથ પણ સારા માર્ગે જ ગતિ કરતા હોય, તેથી તેમને હૈયે વિશ્વનાં કલ્યાણ વસ્યાં હોય. એ રીતે એ ઋષિ દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરતાં જણાવે છે :

'દેવરાજ ઇંદ્ર તો યજ્ઞ કરનારા યજમાનો માટે દર્શનીય છે, કારણ કે ઋત્વિજો ઇંદ્રની જે સ્તુતિ કરે છે તે બધી સ્તુતિઓ ઇંદ્ર સાંભળે છે અને એ સાંભળીને યજમાનની મિત્રતા બાંધી એ યજ્ઞમાં આવે છે. એ દેવરાજ ઇંદ્ર વિશ્વમાં રહેલાં સઘળાં પ્રાણીઓનાં જન્મ અને કર્મ સારી રીતે જાણે છે. એ ઇંદ્ર અનેરા વેગ અને ઉત્સાહથી મનુષ્યોનાં કર્મોમાં ભાગ લે છે. જે માનવો યુગયુગને અનુસરીને કાર્યો કરે છે તે બધાના સાથ સહકારમાં દેવરાજ ઇંદ્ર રહે છે.

'હે ઇંદ્ર જેમની મતિઓ ખોટે માર્ગે ગયેલી છે, જેમના મનમાં વિકારો જાગ્યા છે, તેમના ખોટા મનોરથ તમે તોડી પાડો છો. સાચે જ તમે તો અમારા મનના પ્રેરક છો, માટે અમારા મનોરથ સારી રીતે ગતિ કરે તેવાં બળ આપો.'

એ પછીના આ **ત્રિત આપ્ત્ય** ઋષિ તો મિત્ર વરુણ આદિત્ય વગેરે વિશ્વેદેવોની પ્રાર્થના કરતાં મંત્રે મંત્રે એક જ ભાવના રજૂ કરે છે :

'અનેહસો વ ઊતયઃ સુ ઊતયો વ ઊતય :'

હે વરુણ મિત્ર અર્યમા આદિત્ય વગેરે વિશ્વેદેવો, અમારા મનમાં જાગતા જુદા જુદા મનોરથ તો ક્યાંના ક્યાંય ફેંકાઈ જાય. પરંતુ એમને જો આપનાં રક્ષણ મળી જાય તો બધાં પાપ અડચણ ઉપદ્રવો શાંત થઈ જાય. આ મનોરથો કહો કે મનની ઊર્મિ કહો; એ તો દેવોની ઊતિઓ—સુરક્ષા બનીને આપણાં રક્ષણ કરે છે. સાચે જ, મનની ઊર્મિઓ દેવોની ઊતિઓ બની જાય તો મનોરથો સફળ માર્ગે આગળ વધી જાય.

'હે દેવો આદિત્યો, તમે જે યજમાન—પુરુષનાં રક્ષણ કરો છો તે મનુષ્યને ક્રોધના વેગ અસર કરતા નથી. ગમે તેટલાં દુઃખ આવી પડે, પરંતુ એ દુઃખોના ભારમાં એ દબાઇ જતા નથી. એનું કારણ એક જ છે કે અમારા મનોરથો ને ઊતિઓનાં રક્ષણ તમે કરી રહ્યા છો.

'હે દેવો, આ ત્રિત અને દ્વિત નામના ઋષિઓ આપને શરણે આવેલા છે. તેમને સ્વપ્નો પણ ખોટાં ન આવે એ રીતે એમનાં રક્ષણ કરો, કારણ કે જાગતાં જેવા આહાર અને વિહાર હોય તેની છાપ સ્વપ્નમાં પડે છે.'

આ કાણ્વ ઋષિઓ મનોભૂમિ પર ઊઠતા વિવિધ મનોરથોનાં નિયમન કરવાના ઉપાયો સૂચવે છે; એ જ રીતે તેમની સાથે ઇંદ્ર વગેરે દેવોની સ્તુતિ કરનારા આત્રેય અને ભાર્ગવ ઋષિઓ પણ મનોવિકારને દૂર કરી આત્મમાર્ગે મનની ભાવના ને જોડનારાં સૂક્ત ગાય છે. એ ઉપરાંત મેધાતિથિ બ્રહ્માતિથિ દેવાતિથિ પ્રિયમેધા વગેરે આંગિરસ ઋષિઓ પણ મનોભૂમિની સાથે સાથે પ્રાણમાં નવા ઉત્સાહ જગાડવા માટે ઇંદ્ર વગેરે દેવોની સ્તુતિઓ કરે છે. આમાંના પ્રિયમેધા ઋષિ પોતાના પુત્રો અને શિષ્યોને ઉત્સાહ–ભરી વાણીમાં જણાવે છે :

'હે પુત્રો, હે પ્રિયમેધાઓ, તમે સ્તુતિથી ઇંદ્રનાં યજન કરો, તમે સારી રીતે ઇંદ્રનાં પૂજન કરો, તમે બધા ભેગા થઈને ઇંદ્રનાં યજન–પૂજન કરતા રહો.

'જુઓને, પેલી અત્યંત વેગે વહેતી નદીઓ ચારે બાજુ ફેલાઇ જાય છે અથવા તો ઉત્સાહમાં આવેલી ગાયો ઘણાં દૂધ આપે છે, પરંતુ એ નદીઓ અને ગાયોના વેગ શમી જાય છે ત્યારે એ બીજાની મનઃકામના પૂરી કરી શકતાં નથી; એ રીતે હે યજમાનો, તમે પૂર્ણ ઉત્સાહથી ઇંદ્રનાં પૂજન કરો, પરંતુ તમારા ઉત્સાહના વેગ કોઈ કાળે શમે નહિ અને તમારા મનોરથ સદા ભરપૂર રહે, એ રીતે તમે ઇંદ્રનાં પૂજન કરતા રહો.

'હે પ્રિય યજમાનો, તમે આ ઇંદ્રને જાણો છો. એ તો સાવ નાના બાળક ની જેમ અથવા તો નિર્દોષ કુમારની જેમ નવા રથમાં બેસીને આપણે આંગણે આવી પહોંચે છે અને આપણા મનોરથ પૂરા કરે છે. એ જ રીતે એ ઇંદ્ર મોટા મૃગનાં રૂપ લઈને પણ પોતાનાં માતા અને પિતાના ભાવોને પૂરા કરવા માટે દોડાદોડ કરી મૂકે છે, માટે એમનાં પૂજન કરો.'

એ જ પ્રમાણે ભાર્ગવ કુલના પુત્ર ઉશના અગ્નિની સ્તુતિ કરતી મનોરથની ભાવનાનું દર્શન કરાવે છે :

'હે યજમાનો, હું કાવ્ય ઉશના ધન–સાધનના લાભને આપનાર દેવ અગ્નિની સ્તુતિ કરું છું. જેમ કોઈ સહાયક મિત્ર પોતાના પ્રિયજનને સહાય કરવા રથ ભરીને ધન–સાધન લઈ જાય છે તેમજ અગ્નિદેવ આપણા સઘળા મનોરથ પૂર્ણ કરે છે; એવા એ પ્રિયમિત્ર આપણા શ્રેષ્ઠ અતિથિ બનીને આંગણે આવ્યા છે.

'હે અગ્નિ દેવ, આપ પોતે સાહસ કર્મ કરનાર યજમાનના પુત્ર છો કારણ કે આપને પ્રગટ કરવા માટે યજમાન પુરુષો સાહસ–ઉત્સાહમાં આવીને અરણિનાં મંથન કરે છે, ત્યારે તમે ઉત્પન્ન થાઓ છો. હવે પોતાના મનોરથોને ઉત્સાહમાં લાવીને યજમાનો આપનાં ક્યારે યજન–પૂજન કરે અને આપની સ્તુતિઓ કરે, એ અમને જણાવો, કારણ કે યોગ્ય અવસરે આપની સ્તુતિઓ અમને ફલ આપે છે.'

આંગિરસ કૃષ્ણ પોતાના પુત્ર વિશ્વક–વિશ્વરૂપની મનોભાવનાને સ્તુતિનું રૂપ આપતાં જણાવે છે :

'હે અશ્વિનીકુમારો, પહેલાં વિમના નામના ઋષિએ આપની સ્તુતિ પ્રાર્થના કરી હતી; તેને આપે સારી મતિ આપી હતી, તે જ રીતે મારો પુત્ર આ વિશ્વક-વિશ્વરૂપ પોતાની મતિનો વિસ્તાર કરવા માટે આપ બંનેને બોલાવે છે. એની સ્તુતિ સારી ભાવનાથી પ્રેરિત છે, માટે એની સાથે આપની મિત્રતા બંધાઇ છે.'

આ નૃમેધ અને પુરુમેધ ઇંદ્રની સ્તુતિ કરતાં જણાવે છે કે, 'મનના વેગોના પ્રવાહને સંયમમાં રોકી રાખનાર હે દેવરાજ ઈંદ્ર, તમારી પાસે ધન–સાધનના ભંડાર ભરેલા છે તે રીતે અમારા ધનભંડાર ભરાયેલા રહે એવી અમારી કામના છે, તો કૃપા કરીને તમારા મનોરથને અમારી બાજુ વાળો. આપની ભાવનાઓ વહેતાં સરિતાનાં નીર જેવી શુદ્ધ છે, તે ભાવનાઓ અમારાં રક્ષણ કરે.'

એ જ રીતે સુકક્ષ ઋષિ દેવરાજ ઇંદ્રને બુદ્ધિની પ્રેરણા આપતા સૂર્યરૂપે ગણીને જણાવે છે કે :

'હે ઈંદ્ર, આપ પોતે બાર સૂર્યોમાંના એક સૂર્ય છો અને એ રૂપે અમારા મનની ભાવનાને પોષો છો. અમારા જીવનયજ્ઞમાં આપનો સૂર્યરૂપે ઉદય થયો છે. હવે આ જીવનયજ્ઞના મંગલ પ્રભાતે જે કાર્યો થઈ રહ્યાં છે તે બધાં તેમને વશ છે. અમે સ્તુતિ કરનારા ઋષિઓ કેવા પ્રકારના મનોરથ સેવીએ છીએ, એ વિષે આપ સારૂં જ્ઞાન ધરાવો છો, અર્થાત્ આપ અમારા મનના પારેખ છો, માટે કૃપા કરીને અમારા મનોરથ સફળ બનાવો,'

પોતાની વાણીને પ્રેરણા આપનાર ઈંદ્રનો મહિમા ગાઇને મનોરથ પ્રમાણે જાગતી વાણીનાં રહસ્ય ઉકેલતાં નેમ ઋષિ જણાવે છે :

'માનવ વાણી બોલે છે, પણ એ વાણી કયાંથી જાગી; એની ખબર પડતી નથી, એનું એક કારણ છે કે મનની અંદર જે વિચાર-તરંગ જાગે છે, જે મનોરથો ઊઠે છે, તેની ખબર પડતી નથી, પણ હૃદયની અંદર વસેલી દેવોની પ્રેરણાથી મંદ્રવાણી જાગે છે, તે મંદ્રવાણી રાષ્ટ્રભાવનાનું મૂર્ત સ્વરૂપ બનીને સ્તુતિ-પ્રાર્થનામાં જાગે છે અને એ સર્વનાં હિત કરે છે.'

માનવની એ વિચારભૂમિ પર મનોરથના વેગીલા ઘોડા દોડી રહ્યા છે; તેઓને વિવેક અને સંયમમાં રોકીને પરોપકારને માર્ગે દોરવા માટે અનેક ઋષિઓ ઇંદ્ર વગેરે દેવોની સ્તુતિ–પ્રાર્થના કરે છે અને માનવોના મનોરથના માર્ગનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

# ૩૦

# સોમરસનાં પાન

હિમાલયના એ પવિત્ર શિખર પર બ્રહ્મસભા મળી હતી. મંત્ર–બ્રહ્મનાં જેને દર્શન થયાં તે બધા ઋષિઓ કવિઓ બ્રહ્મવાદીઓ મનીષીઓ એકઠા થયા હતા. જે મંત્રવાણી એમને હૈયે જાગી હતી તે વાણી બીજાં સર્વજનોને પ્રેરક બને અને માર્ગદર્શક બને તો એ દિવ્યવાણી સૌનાં કલ્યાણ કરે, સૌનાં હિત કરે, એ ભાવના એમને હૈયે જાગી હતી.

એમાંના કેટલાક ઋષિઓએ અગ્નિમાં દિવ્યતાનાં દર્શન કર્યાં હતાં. એમણે અગ્નિનો મહિમા જોયો હતો અને અગ્નિની પ્રશંસાનાં સૂક્ત ગાયાં હતાં. બીજા કેટલાક ઋષિઓને ઇંદ્રમાં ઈશ્વરની સત્તા ને સામર્થ્ય દેખાયાં હતાં તેમણે ઇંદ્રનાં વિશેષ પરાક્રમ જોયાં હતાં અને એમણે ઇંદ્રનો મહિમા ગાયો હતો. કેટલાકને હૈયે સોમનો મહિમા જાગ્યો હતો ને સોમની વિવિધ ભાવનાઓએ આકર્ષણ જગાડ્યું હતું ને એમણે સોમની પાવમાની ઋચાનાં ગાન ગાયાં હતાં. એની સાથે સાથે બીજા અનેક દેવોની સ્તુતિઓ અને પ્રશંસાઓ ગાવામાં એ ઋષિઓ અનેરો આનંદ અનુભવી રહ્યા હતા. પરસ્પર વિચારણા રજૂ કરી ચર્ચા વિચારણાને પરિણામે એ ઋષિઓ તાત્પર્ય તારવી રહ્યા હતા :

'હા, અગ્નિ તો અગ્રણી ને પુરોહિત; એને તો રોજ સચેત–સમિદ્ધ રાખવાનો. સાંજે ને સવારે અગ્નિહોત્ર કરો ને નિત્ય નવું જ્ઞાન મેળવતા રહો.

'ઇંદ્ર તો દેવરાજ, એ ઘણે દૂર રહે ને અત્યંત પાસે પણ. ઇંદ્રનાં સામ્રાજ્ય તો સ્વર્ગમાં વસે, પણ ઇંદ્રનાં સ્વરાજ્ય શરીરની ઇંદ્રિયોમાં રહે. સ્વર્ગમાં વસેલા ઇંદ્રને પખવાડિયે, માસે માસે ને ઋતુએ ઋતુએ યાદ કરવાના, પ્રસન્ન કરવાના ને ઈષ્ટ–ઇચ્છેલ સુખ, સાધન મેળવી લેવાનાં, એ માટે ઇષ્ટિઓ કરવાની. પૂર્ણિમાની સાંજે ને પડવાની સવારે, અમાસની સાંજે ને પડવાની સવારે, એ બંને પક્ષની એક ઇષ્ટિ ગણાય ને માસે માસે એ ઇષ્ટિઓ કરી, ઇંદ્રિયોનાં બળ મેળવી નવાં નવાં કાર્ય ઉપાડી લેવાનાં.

'સાચું છે. અગ્નિ ને ઇંદ્ર તો દેવ, દેવરાજ; એમની દિવ્ય પ્રેરણાથી નવાં જ્ઞાન મળે ને નવાં કર્મ સૂઝે, પણ જીવનની મૂલ પ્રેરણા આપનાર સોમ. સોમ એ જીવનરસ, સોમ તો સામનાં ગાન. સોમ એ વર્ષ વર્ષને સભર બનાવે. એ સોમ-યાગ તો વર્ષનો સમારંભ, મહોત્સવ ગણાય.'

ઋષિઓની એ તાત્ત્વિક વિચારણાને બ્રહ્મવાદીઓ પોતાની સૂઝથી વિચારી રહ્યા હતા. એમને હૈયે જાગ્યું હતું :

'સાચું છે, અગ્નિ જ્ઞાનનો દેવ, ઇંદ્ર દેવરાજ કર્મના દેવ ને સોમ ભક્તિરસનાં સિંચન કરનાર. અગ્નિ, ઇંદ્ર ને સોમ, જ્ઞાન, કર્મ ને ભક્તિ, ત્રણ સાધન ગણો કે જીવનની સિદ્ધિઓ. એમની ભાવનાને દૃઢ કરતાં યાજ્ઞિકોએ જણાવ્યું :

'આ વાત અમને માન્ય છે. રોજ રોજ સાંજ સવારે અગ્નિહોત્ર કરો, એ તો નિત્યકર્મ, પક્ષે પક્ષે ને માસે માસે બે દિવસોને જોડીને ઇષ્ટિઓ કરો, એ નિત્યની સાથે કામ્ય કર્મ ને ઋતુએ ઋતુએ સોમરસનાં પાન કરવા માટે દેવો આવે ને ભક્તિભાવ સિંચે, જીવનરસ સિંચાતો રહે, એ તો અનેરાં દિવ્ય કર્મ.'

આમ ઋષિઓએ અગ્નિની સ્તુતિઓ કરી, પ્રશંસા કરી એનાં સંકલન થયાં એ અગ્નિસંહિતા. ઇંદ્રનાં યજન અને પૂજન કરવા જે સૂક્તો ઘડાયાં તે ઇંદ્ર-સંહિતા અને એ જ રીતે સોમનો મહિમા ગવાયો, સોમરસના પાનનાં ગાન ગવાયાં એ સોમસંહિતા, એ ત્રણ મુખ્ય દેવોએ માનવનાં નિત્ય નૈમિત્તિક ને કામ્ય કર્મોને વણી લીધાં છે ને જીવનની શુદ્ધિ કરી દિવ્ય જીવનની પ્રેરણા આપી છે.

અગ્નિને રોજ સચેત સમિદ્ધ થતો બધા જુએ છે, તેથી અગ્નિ વિશે કુતૂહલ જાગતું નથી, પરંતુ દેવરાજ ઇંદ્રને જોવા ને જાણવા દુર્લભ છે. કો' ઋષિએ એમને કદાચ જોયા હશે, તોય એ 'ઇંદ્રને કોણે જોયા' ? એવું કુતૂહલ તો બીજા ઋષિઓને જાગે છે. દેવરાજ ઇંદ્ર પોતે હાજર થઈ, એ કુતૂહલ શમાવે છે, ત્યારે એ દેવરાજ માટેનો આદર ભાવ સતેજ થાય છે.

સોમ વિશે પણ આવાં જ કુતૂહલ જાગે છે. સોમનો મહિમા ગવાય છે ત્યારે સૌ પહેલાં તો વિચાર આવે છે કે 'અગ્નિ એ તો દેવ છે. ઇંદ્ર તો દેવરાજ છે, ત્યારે શું સોમ કો'ક દેવ છે ? એને વિશે ઘણા ઘણા ઋષિઓએ જાણી લીધું છે અને જાણી લીધા પછી પણ એને વિશે નિર્ણય તો ઘણા ઓછાઓએ કર્યો છે. એમાંના એક ઋષિ જણાવે છે :

'સોમ એ તો ઔષધિ છે, એને તો પીસવામાં આવે છે ને એમાંથી ચમકતાં બિંદુ ટપકે છે માટે એને 'સોમ' કહે છે અને પીસવાના કર્મને 'સવન' કહે છે.''

એમાં સંમતિ આપતાં બીજા ઋષિઓ જણાવે છે :

'હા, હા, કો'ક પર્વતના ઊંચા શિખર પર એ સોમવેલ થાય છે, તેને લાવીને સોમરસ કાઢવામાં આવે છે, તેથી અમારાં જીવન નીરોગી બને છે અને અમે સુખી થઈએ છીએ.

'એ સોમની કથા હું જાણું છું. એ સોમ તો સ્વર્ગનું પીયૂષ—પીણું છે. દેવો એનાં દર્શન કરી અમર બને છે. ઋષિઓએ સ્તુતિ-પ્રશંસા કરી એ સોમને પૃથ્વી પર આવવા જણાવ્યું ને સોમ મહારાજ પર્વતની ટેકરી પર, કો' જલાશયની ઝાડીમાં કે ક્યાંક વનરાજીમાં આવીને વસી ગયા.

'સાચું છે, સોમ એ તો ઓષધિ નથી, ઓષધિરાજ વનસ્પતિ છે.'

'તો શું સોમનો સંબંધ પેલા આકાશમાં રહેલા સોમ—ચંદ્રની સાથે જોડાય ખરો ?' કોક ઋષિને હૈયે જિજ્ઞાસા જાગી.

'સાચું છે, બંને ઓષધિરાજ છે, કલાનિધિ છે, સુધાંશુ છે. ચંદ્રની કલાઓ વધે છે ને ઘટે છે તેમ જ સોમવેલની પાંદડીઓ પણ સુદમાં એક એક વધે છે ને વદમાં એક એક ઘટે છે. સોમ—ચંદ્ર તો દેવોનું અન્ન છે, ત્યારે સોમરસ પણ દેવોનું અન્ન છે.'

'ત્યારે શું આ સોમનો સંબંધ આપણા શરીર સાથે ખરો કે ?'

જરૂર જરૂર, અગ્નિ તો વાણી છે ને ઇંદ્ર પ્રાણ છે, તો સોમ મન છે. સોમની જેમ જ મનની કલાઓ ઊર્મિઓ વૃત્તિઓ વધે છે ને ઘટે છે.'

'અરે ભલા, સોમવલ્લી જોઈએ એટલી મળે ખરી કે ?'

'નારે ના; સોમ તો દુર્લભ છે. એ બધાને તો ક્યાંથી મળે ? હા, તમે મીઠી મધુરી સ્તુતિ કરો ત્યારે પહેલાં તો તમારા મનમાં સોમરસની ભાવના જાગે. એ ભાવનાને લઈ યોગના માર્ગે તો શરીરના ઊંચા શિરમાંથી ટપકતાં સોમરસનાં બિંદુઓની ઝાંખી થાય. વનવગડે ને પર્વતને શિખરે શિખરે ભટકો ને ઘણી ઘણી પ્રાર્થના સ્તુતિ કરો ત્યારે ક્યાંક કોઈ એક સોમ—ઓષધિ મળી આવે, પણ એને કાંઈ સીધો જ સોમરસ માની પેટમાં ઉતારાય નહિ. એ સોમનાં સવન કરો, એને માટે દેવનાં હવન કરો અને ભેગા મળી યજન પૂજન કરો, ત્યારે એ જ્ઞાન અને કર્મને જોડનાર ભક્તિ જાગે અને એ જ ભક્તિ ભાવનાના રૂપે સોમપાન કરવાનો અનેરો લહાવો મળે.

અહીં આ નવમા મંડળમાં સોમનો મહિમા અનેક ઋષિઓએ ગાયો છે. તેઓમાંના સૌથી પહેલા મધુચ્છંદા ઋષિ છે. ગાયત્રી છંદમાં એમણે સોમની સ્તુતિ

કરી છે. ઋષિઓ ભેગા થયા છે, યજ્ઞશાળામાં સોમવેલ લાવ્યા છે, ખલદસ્તા પર એ સોમને પીસી એમાંથી સોમરસ કાઢવાનો છે. સોમરસને કાઢવાની એ ક્રિયાને 'સવન' કહે છે. એ સવન કરેલ સોમને ગળણીમાં નાખીને ધીરે ધીરે એક એક ચમકતા ઇંદુ—બિંદુને નાનાં નાનાં પાત્રોમાં ઝીલી લેવાનાં છે. એ ચમકતાં બિંદુને ઝીલનાર પાત્રને 'ગ્રહ' અને 'ચમસ' કહે છે. ગતિ કરતા સોમને પવમાન કહે છે. પવમાન સોમ તો એક દિવ્ય પદાર્થ છે. એની સ્તુતિ પ્રશંસા—કરવામાં આવે, તેનો મહિમા ગાનારાં સૂક્ત ભણવામાં આવે, એ સાથે પવમાન ગતિશીલ બને અને દશાપવિત્ર—ગળણીમાં બિંદુએ બિંદુએ ટપકતા રહે એવી ભાવનાથી જે સ્તુતિ ઋચાઓ ભણાય તેને 'પાવમાની ઋચાઓ' કહે છે.

આ પાવમાની ઋચાઓ સૌ પહેલાં ગાયત્રી છંદમા ગવાઈ છે, કારણ કે સોમને ગાયત્રી છંદ પ્રિય છે. સામસ્વર ધીરે ધીરે તાલને લય સાથે ગવાય, એમ પવમાન સોમ પણ દશાપવિત્રમાંથી એક એક ચમકતા બુંદના રૂપે ગ્રહપાત્રમાં ઝિલાય. એ પવમાન સોમને વહેવાની પ્રેરણા આપતાં મધુચ્છંદા જણાવે છે:

'હે સોમ, તમારાં પાન તો દેવરાજ ઈંદ્ર કરવાના છે. ને એમને માટે અમે તમારાં સવન કરીએ છીએ. તમે સુત—અભિષુત પીસાઈ ને તૈયાર થાઓ, મદભર મીઠા રસના રૂપે દશાપવિત્રમાંથી ગતિ કરો, પવમાન બનો.

બુંદ બુંદની રીતે ટપકતા ને ચમકતા સોમ તો સ્વર્ગના ઇદુ-ચંદ્ર જેવા છે. હે ઇંદુ સોમરાજ, તમને શોધવા માટે અમે સ્વર્ગને બારણે બારણે ભટકયા હતા, અમે જીવનનાં બધાં કામ છોડીને તમને શોધવા જ નીકળ્યા હતા. તમારી સેવા કરવી એને અમે જીવન વ્રત ગણ્યું છે.

'અહો હે સોમરાજ સૂર્યની પુત્રી શ્રદ્ધા છે તેણે પહેલાં તમારાં સવન કર્યાં. તમે રસથી પરિસ્રુત—વિસ્તૃત થયા, એટલે એણે વાળ—ઊનની રચેલી ગળણીથી તમને પવમાન કર્યા. આજે પણ એ શ્રદ્ધા તમને પવમાન ગતિરૂપ કરી રહી છે.

'તમે જાણો છો, સોમરાજ, મારા બંને હાથની દશ આંગળીઓ તો બહેનો જેવી સંપીલી છે. તમને સ્નેહથી પીસવાનાં કાર્ય એ દશ બહેન કરે છે, એ તમને ગ્રહપાત્રોમાં ભરી દે છે.

'હા, ગાયો, દયાળુ માતાઓની જેમ સ્નેહભાવથી પોતાના વાછરડાને દૂધ પાય; તે રીતે ઇંદ્રને સોમપાન કરવા માટે યજ્ઞની કામધેનુઓ સોમરસ કાઢે છે.'

મધુચ્છંદા ઋષિને સાથ આપવા મેધાતિથિ સ્તુતિ કરે છે:

'હે સોમ, દેવને રાજી કરવા માટે તમે આ દશાપવિત્ર ગળણીમાં થઈને પવમાન થાઓ અને તમારા માટે નક્કી કરેલ ગ્રહપાત્રમાં બેસી જાઓ.

'હે ઋત્વિજો, આ સોમરસ તો સમુદ્રની જેમ રસભરપૂર બને છે. એ સોમ તો સ્વર્ગને ધારણ કરે છે અને આપણી કામનાઓ પૂરવા માટે તો દશાપવિત્રમાં શુદ્ધ–પવિત્ર થવાની ગતિ કરે છે.

'હે ઇંદ્ર, જેમ મેઘ મનગમતી વૃષ્ટિ કરે તેમ જ અમે મેધાતિથિ ઋષિઓ ઇંદ્રને પ્રસન્ન કરવા માટે તમારી સ્તુતિ કરીએ છીએ, માટે મદભર અમૃતની ધારા વડે પવમાન થાઓ.'

એ પવમાન સોમની ગતિનો મહિમા ગાતાં શેષ ઋષિ જણાવે છે :

'દશાપવિત્રમાંથી પવમાન–ઝરતો આ સોમરસ તો આપણા યજ્ઞમાં રથે ચડીને વેગે આવતા અને તરત જ આસન ઉપર બેસી જતા દેવની જેમ ઉત્સાહથી આવી પહોંચે છે.'

સોમનાં સવન કરવાં એટલે કે ખલદસ્તા પર સોમવેલને પીસવી ને પછી એ સોમરસને દશાપવિત્ર–ગળણીમાં મૂકવા ને ગ્રહપાત્રોમાં પવમાન સોમરસ ભરવા. આ ક્રિયાઓ અને પ્રક્રિયાઓ સાદી ને સરળ છે, પણ ઋષિઓ તો કવિઓ છે, ક્રાંતદ્રષ્ટાઓ છે; આ સાધારણ લાગતી ક્રિયાઓમાં એમણે જીવનનાં રહસ્ય ગૂંથ્યાં છે ને ઉકેલ્યાં છે.

આ ટપકતા સોમનાં બિંદુ તો ઇંદ્રિયો છે, ચંદ્રના ચાંદલા છે, જે આકાશમાં ચમકતી રહે છે. આ સોમરસ–પવમાન ગતિશીલ બને છે અને જીવનપાત્રો રસભર બને તેમ જ આકાશના વિશાળ અવકાશમાં સોમરસ સદા પવમાન બનીને સૂર્યને આહુતિઓ આપે છે, સ્વર્ગના દેવ ઇંદ્રને પ્રસન્ન રાખે છે, પૃથ્વીના દેવ અગ્નિ માટે ઇંધન અને સમિધાઓ આપે છે.

આ સોમવેલ તો મહાન સોમનું એક પ્રતીક છે. યજ્ઞશાળામાં એ સોમરસને પીસવાની પ્રક્રિયાઓ તો સાવ સરળ સામાન્ય છે, પરંતુ એ ક્રિયાઓ-પ્રક્રિયાઓનાં રહસ્યોને ઉકેલતા આ ઋષિઓ કેટલાંક રહસ્ય તારવે છે. એ કાવ્યની મીઠી મધુરી વાણી પોતે સોમ બને છે, એ કાવ્યને ગાનારા ઋષિઓ પણ સોમ–સૌમ્ય બને છે. આખું જીવન સોમરસથી સભર ભરપૂર બને છે. જીવનયજ્ઞના પ્રારંભમાં જે પ્રાતઃસવન થાય છે અને જીવનની પૂર્ણાહુતિ વખતે જે તૃતીય સવન થાય છે, તે રહસ્યને દિવ્ય કાવ્યની વાણીમાં વણનારા આ ઋષિઓ અનેક છે. એમની

વાણીમાં વિવિધતા છે, એમની દિવ્ય દૃષ્ટિમાં નવાં નવાં રહસ્ય આલેખવાની શક્તિ છે. નાનામાં નાના ગાયત્રી છંદની એક જ ઋચામાં કેવું તો અનેરું દિવ્ય દર્શન છે; એ જાણીને રસિકજનો મંત્રમુગ્ધ બને છે.

ગાયત્રી છંદમાં પવમાન સોમનાં ગાન ગાતા ઋષિઓ : શુનઃશેપ ને હિરણ્યસ્તૂપ કાશ્યપ, અસિત કે દેવલ, અગત્સ્યના પુત્ર દૃઢચ્યુત ને એમના પુત્ર ઈધ્મવાહ, નૃમેધ અને પ્રિયમેધ, ગોતમ રહૂગણ ને શ્યવાશ્વ, ત્રિત આપ્ત્ય ને પ્રભૂવસુ, બૃહન્મતિ ને મેધ્યાતિથિ, અપાસ્ય ને ભાર્ગવ કવિ, ઉચથ્ય ને અવત્સાર, કાશ્યપ ને ભરદ્વાજ, અને ત્યારબાદ જગતી અને ત્રિષ્ટુપ છંદમાં સોમનો મહિમા ગાતા ઋષિઓ પણ અનેક છે. વિવિધ ભાવો અને રહસ્યોને પ્રગટ કરતી આ આર્ષવાણીમાં સોમવેલ તો એક પ્રતીક બની રહે છે અને એ સોમવેલ શોધવા માટે વન–જંગલમાં ભટકવા કરતાં આ ઋષિની સામસ્વરથી મધુર બનેલી સોમવાણી સાંભળીને જીવનને રસભર બનાવવા રસિકજનો પ્રયત્ન સેવે છે. એ ઋષિમુનિઓમાં એક રાજર્ષિ **પ્રતર્દન દિવોદાસ**ના પુત્ર છે. તેમણે કરેલી સ્તુતિ ત્રિષ્ટુપ છંદમાં વણાઈ છે :

'જુઓ, સેનાઓ શત્રુ પર તૂટી પડી છે. ત્યાં શત્રુઓના તીવ્ર પ્રહારથી એમની ગતિ અટકી જાય છે, એટલામાં આ શૂરવીર સેનાપતિ રથીઓ અને સેનાઓની આગળ ધસી જાય છે. એ જોઈને સેનાઓમાં નવા ઉત્સાહ જાગે છે. સાચે જ, સોમ તો અમારો સેનાપતિ છે અને એને આગળ ધસતો જોઈને અમે હર્ષમાં આવી ગયા છીએ. જે મોટા મોટા સોમયાગોમાં દેવરાજ ઇંદ્રને માટે મંદ્ર સ્વરે ભદ્રવાણી બોલી રહ્યા છે. દેવરાજ ઇંદ્ર યાગમાં આવી સોમપાન કરે અને યજમાનોની કામનાઓ પૂરી કરે, એ જ પ્રમાણે સોમ પણ ઇંદ્રને વેગથી આવવા માટેનાં સાધન વસાવે છે.

સોમને ખલદસ્તા પર પીસનાર બે બે હાથની દશ દશ આંગળીઓ તો આ સોમરસનાં એક એક અંશુને ચમકાવતાં અભિષવણ કરી રહી છે. વેગીલા ઘોડા જેમ યુદ્ધભૂમિ પર જવા માટે હણહણાટીઓ બોલાવે તેમ જ સ્તુતિ કરનારા ઋષિઓની વાણીઓ સોમરસનાં સવન થાય એ માટે ઉત્સાહ અને વેગ આપી રહેલ છે, પરંતુ જ્યાંસુધી સોમવેલને પીસવાના ગાળવાના વગેરે સંસ્કાર આપવામાં ન આવે ત્યાંસુધી ચમકતાં તેજીલાં સોમરસનાં બિંદુ ગ્રહચમસોમાં ભરાય શી રીતે? રથે જોડાયેલા અશ્વોની જેમ દશાપવિત્રમાં ભરાયેલાં કિરણ તો ચંદ્રનાં કિરણોની જેમ ચમકતાં રહે છે અને ગ્રહપાત્રો ભરવાને ઉતાવળાં થઈ રહ્યાં છે. આ સોમરાજ ઇંદ્રના સખા છે અને શુદ્ધ સંસ્કારોની વિધિઓના જાણકાર છે. એ સોમરાજ દશાપવિત્ર નામના રથથી ગતિ કરશે ત્યારે સ્તુતિ કરનાર ઋત્વિજોની પાસે પહોંચી જવામાં વિલંબ નહિ કરે.

'હે સોમ, અગ્નિ ઇંદ્ર વગેરે જે દેવો છે, તે પ્રકારના દેવોમાં તમારી ગણના થતી ન હોય તો પણ અમારે મન તો તમે દેવ છો, કારણ કે દેવોને પ્રસન્ન કરવા માટે રચેલા મોટા મોટા યજ્ઞોમાં દેવરાજ ઇંદ્રને અન્નપાન ધરવા માટે તો તમારા સોમરસ ગ્રહપાત્રોમાં ભરવામાં આવે છે. પર્જન્ય મેઘની જેમ તમે પણ સોમરસનાં જલથી આકાશ અને પૃથ્વીની જેમજ ગ્રહપાત્રોને છલોછલ ભરી દો છો. વિશાળ અંતરિક્ષમાંથી મેઘ વરસે તેમ જ દશાપવિત્ર—ગળણીમાં સોમરસ શુદ્ધ સંસ્કૃત બની પવમાન થાય છે. એ સોમ અમને ધન—સાધન આપી રહો.

'હે પવમાન સોમ, યુદ્ધમાં અમારો વિજય થાય અને નાશ ન થાય તેમજ મોટા મોટા યજ્ઞોમાં ઇંદ્ર વગેરે દેવો રાજી થાય એ કારણે તમે શુદ્ધ સંસ્કૃત બની અમારાં કલ્યાણ કરવા આવી પહોંચો. અમારા આ વિશ્વભરના સ્તુતિ કરનાર સખાઓ તમારાં રક્ષણ ચાહે છે, તે જ પ્રકારનાં રક્ષણ હું પણ ઇચ્છી રહ્યો છું.

'અહો હે ઋત્વિજો, જુઓ, જુઓ; આ રાજા સોમ પવમાન બનીને ગ્રહચમસોમાં ગતિ કરી રહ્યા છે. આપણે શુદ્ધ મતિથી સ્તુતિઓ કરી રહ્યા છીએ, તે મતિઓના જનિતા એ સોમરાજ છે. સાચે જ ઊંચા આકાશનો પ્રાદુર્ભાવ કરનાર અને ભૂમિતલ—પૃથ્વીની રચના કરનાર સોમ તો બંનેના જનિતા છે, તેજ રીતે એ સોમરાજ અગ્નિના જનિતા છે ને સૂર્યના જનિતા છે. એ ખરેખર દેવરાજ ઇંદ્રના જનિતા છે ને સર્વવ્યાપક વિષ્ણુના જનિતા છે.

'આ સોમરાજનાં વિવિધ સ્વરૂપોને તમે જાણો. દિવ્ય ગુણો ધરાવતા દેવોમાં એમનું સ્થાન બ્રહ્મા—પ્રજાપતિરૂપે છે, ક્રાંતદર્શન કરનાર કવિઓની રચાતી પદાવલિ-ઓના એ પ્રેરક છે, બુદ્ધિશાળી માનવીઓના એ ઋષિ છે, વન—જંગલમાં મૃગયા ખેલવા નીકળેલા મૃગરાજોમાં એ તો શ્રેષ્ઠ બળ ધરાવનાર મહિષ છે, આકાશમાં ઊડતા વિશાળ ગીધ પક્ષીઓનાં એ શ્યેનરાજ છે. વનનાં વૃક્ષો અને વનસ્પતિ—ઓષધિઓનાં રક્ષણ કરનાર એ તો સ્વધિતિ સોમરસ છે. એ જ આ સોમરસ છે. જે રથરૂપી દશાપવિત્રમાં ગતિ કરતા અને મીઠા મધુરા અવાજ કરતા પવમાન સોમ ગ્રહપાત્રોમાં આવી રહ્યા છે.

'જેમ વેગીલા પ્રવાહે વહેતી સરિતા કવિની વાણીને પ્રેરણા આપે તેમ જ આ સોમરાજ પવમાન બનીને કવિઓનાં મનને પ્રેરણા આપતી વાણીઓને જગાડે છે. જેમ ગાયોના ગોધનની બધી પ્રવૃત્તિઓને જાણનાર મહાન ગોવૃષભ પારકાં ગોધણો-માં ઘૂસી જાય છે તેમ જ આ સોમરાજ માનવોનાં હૃદયોના ઊંડાં તળમાં પહોંચીને અંદર રહેલા પદાર્થોને વાણીના રૂપે પ્રગટ કરવામાં પ્રેરણા આપે છે.

'આ મદભર સોમરાજ સંગ્રામોમાં તો શત્રુઓએ રચેલા દુર્ગમ વ્યૂહોના રહસ્ય–માર્ગોમાં ઘૂસી જાય છે અને પછી તો બધા માર્ગ ખુલ્લા પડી જાય તે રીતે હજાર હજાર ધારાઓથી આ સોમ શત્રુઓનાં બલ ભેદી પવમાન ગતિ કરી રહ્યા છે. એ સોમરાજ યજમાનોને મોટા મોટા યજ્ઞ કરવાની પ્રેરણા આપે છે.

'હે સોમરાજ ઇંદ્ર, હે મનીષી, દેવરાજ ઇંદ્ર માટે તમે ચમકતાં કિરણોના સમૂહ ગ્રહપાત્રોમાં છલકાઈ જાય એ માટે પ્રેરણા આપો.

'ઋત્વિજોએ ખલદસ્તા પર સોમને પીસવાનાં કાર્ય પૂરાં કર્યાં છે ને સાથે મંત્ર–સ્તુતિઓ ભણી ભણીને જલ સિંચવામાં આવ્યાં છે. હવે આ સોમના સમૂહોને દ્રોણ–કલશમાં ભરવામાં આવ્યા છે. આ પ્રકારનાં અભિષવણ કર્મ બધા દેવોને ગમે છે. વિશેષ કરીને તો સોમને દ્રોણ–કલશમાં ભરવામાં આવે એ જોઈને, દેવરાજ ઇંદ્ર મદભર બનીને આનંદમાં આવી જાય છે. હવે દ્રોણ–કલશમાં ભરેલા સોમને દશાપવિત્રરૂપી રથમાં લઈ જવામાં આવે છે. સંગ્રામમાં ખેલતા શૂરવીરોને જોઈ, જેમ વેગીલા ઘોડા વિજય માટે થનગનાટ કરે તેમ જ આ સોમરાજ ઇંદુ–ચમકતાં બિંદુઓના વેગને વધારીને હજારો હજારો ધારાઓથી, સો સો બલની પ્રેરણાઓ સાથે પવમાવ–ગતિ કરે છે અને વિજયી યોદ્ધાઓની જેમ ગ્રહચમસોમાં આવી પહોંચે છે.

આ સોમરાજને પૂર્વકાળે બ્રહ્મા વગેરે દેવોએ પ્રગટ કર્યા હતા. એ વખતની પ્રક્રિયાઓ આ પ્રમાણે હતી. પહેલાં સોમવેલને જલની અંદર પલાળવાની, એ વિશેષ જળનાં નામ 'વસતીવરી', જે રાતના રાખી મૂકેલાં હોય અને જેમાં દિવ્ય ગુણો રહેલા હોય. પછી જલ સાથેના સોમને પીસવા–કૂટવાના, સાથે સ્તુતિઓ ભણવાની; એને 'અભિષવણ' કર્મ કહે છે. જ્યારે અભિષવણ કર્મથી ચમકતા સોમ તૈયાર થાય તેને દ્રોણકલશમાં ભરવાના. એ સોમ સ્તુતિ કરનારા યજમાનોનાં શત્રુઓથી રક્ષણ કરે છે. એ સોમ સર્વે ભુવનોના રાજા બને છે. એ તૈયાર થયેલ સોમને હવે ગળણી–દશાપવિત્રમા લઈ જવાના અને શુદ્ધ સંસ્કારોથી પૂયમાન–પવિત્ર કરવાના. ત્યારબાદ એ પવમાન સોમ બને; એનાથી યજ્ઞયાગનાં પવિત્ર કર્મ કરવાનાં. યજમાનોના માર્ગો અને સિદ્ધિઓને જાણવામાં આ પવમાન સોમ કુશળ છે, માટે યજમાનો એ સોમથી પ્રેરણા મેળવે છે.

'હે પવમાન સોમ, આ પહેલાં અમારા પૂર્વજ પિતૃઓએ તમારી પ્રેરણાઓ મેળવી હતી. એમણે ખૂબ જ ધીરવીર બની સોમયાગ જેવાં શુદ્ધ પવિત્ર કર્મ તમારા નિર્દેશ પ્રમાણે કરેલાં હતાં. હે સોમરાજ, એ જ પિતૃઓના માર્ગે અમે

જવા માગીએ છીએ, પરંતુ અમારા માર્ગોની મર્યાદાઓ રચીને રાક્ષસો ઊભા છે, તેઓ અનેક અડચણો ને અંતરાયો નાખી રહ્યા છે. તમે એમના અંતરાય દૂર કરો અને અમારા મઘવા—ધનદાતા બની રહો, અમને વીરપુરુષો અને વેગીલા અશ્વોથી સમૃદ્ધ બનાવો.

'હે સોમરાજ, તમે પહેલા રાજા મનુને માટે પવમાન બન્યા હતા; એને કારણે તો તમે એ રાજાનાં અન્ન ધારણ કર્યાં હતાં અને એ રાજાના શત્રુઓનો સંહાર કર્યો હતો. વળી એ રાજાએ કરેલા મોટા મોટા યજ્ઞમાં તમે હવિષ્ય—અન્નની સાથે હાજર થયા હતા, તેજ રીતે બધા પ્રકારનાં ધન—સાધન લઈને, તમો અમારી પાસે હાજર થાઓ તેમજ પવમાન બનીને ઇંદ્રની સેવામાં આવી પહોંચો; એમને માટે દિવ્ય આયુધો તૈયાર રાખો.

'હે સોમ, તમે મધુ—મદભર રસ સાથે અને યજ્ઞનાં ઋત—સાધનોની સાથે અમારા યજ્ઞમાં પવમાન થાઓ. વસતીવરીનાં જલ તમારાં આચ્છાદન—વસન બની રહો ને ઊંચા પર્વતથી નીચે ઊતરી આવો, તેજ રીતે અધિષવણ માટે ખલદસ્તા પર ચડીને દ્રોણ—કલશમાં પ્રવેશ કરો અને ત્યાંથી દશાપવિત્રમાં શુદ્ધ થઈને પવમાન થાઓ. ઇંદ્ર પોતે તમારા એ રસનાં પાન કરે એ માટે તમારા એ રસ તૈયાર કર્યા છે, માટે એ રસ વિશેષ મદભર અને માદક—ઉત્સાહપ્રેરક બનીને ગતિ કરો.

'હે સોમ, તમે શતધારા બનીને અંતરિક્ષમાંથી કે આદિત્યમાંથી વૃષ્ટિ લાવી આપો. અમારા આ ગ્રહ ચમસ પાત્રોને તમારી પવિત્ર ધારાઓથી ભરી દો. અમારો આ વિશાળ સોમયાગ શરૂ થયો છે અને એમાં યજમાનોની હજારો કામના પૂરી થાય, તે રીતે વસતીવરીનાં જલની સાથે દ્રોણ—કલશોમાં ગતિ કરો અને ત્યાં ગાયનાં દૂધ દહીં સકતુ વગેરે પદાર્થોનાં મિશ્રણ કરવામાં આવે, જેથી અમારા આયુષની વૃદ્ધિ થાય.

'હે ઋત્વિજો, તમે જાણો કે આ સોમરાજ પ્રસિદ્ધ છે, એ કાંઈ કોઈ સાધારણ ઓષધિ—વનસ્પતિ નથી. તમારાં મનન કરેલાં સ્તોત્રોથી એ સોમરાજને પવમાન કરવાના છે. જેમ સંગ્રામમાં અનેરા વેગથી ચમકતો ઘોડો શત્રુઓના અંતરાયોને તરી જાય છે તેમ જ આ સોમરાજ રાક્ષસોએ ઊભાં કરેલાં વિઘ્નો ને તરી જાય છે. જેવી રીતે કો'ક અનેરી કામદુઘા ગોમાતાનું દૂધ ઈચ્છવા યોગ્ય હોય છે કારણ કે એ સ્વભાવે શુદ્ધ પવિત્ર અને મધુરું હોય છે. તેવી જ રીતે આ સોમરસ સહજ રીતે શુદ્ધ અને મધુર છે. જેમ કો'ક ઘોડો અત્યંત વેગીલો હોય,

પરંતુ એને સારા સંસ્કાર આપવામાં આવે તો એ સારથિને વશ રહીને રથમાં બેઠેલા રથીને સારે માર્ગે દોરી જાય છે તેમ જ આ સોમ પણ અત્યંત ઉત્સાહ ભરેલ ઊર્મિઓ અને પ્રેરણાઓને જગાડે છે, એ સોમનાં નિયમન સ્તુતિ કરનાર કવિજનો કરે છે :

'જુઓને, સોમયાગમાં સોમનાં સવન કરવા માટે સોતા—ઋત્વિજો કેટ-કેટલાં સાધન તૈયાર રાખે છે ! સ્તુતિઓ ભણનારા અને અભિષવણ કરનારા ઋત્વિજો જેમ જેમ સોમને સંસ્કારો આપતા જાય છે તેમ તેમ એ સોમને નવાં નવાં નામ મળતાં રહે છે. રાજા સોમનાં આ મીઠાં મધુરાં નામ તો કવિઓ એ પોતાની મતિઓ રૂપી ગુફાઓમાં સંતાડી રાખ્યાં હતાં. જેમ જેમ એ સોમની અભિષવણ–ક્રિયાઓ કરવામાં આવે અને દ્રોણ–કલશમાં ભરીને દશાપવિત્ર દ્વારા એને ગ્રહપાત્રોમાં ભરવામાં આવે તેમ તેમ એ સોમરાજનાં ગુહ્ય ચારુ નામ જણાવા લાગે. હે સોમરાજ, તમને અમારી પ્રાર્થના છે કે વેગીલા ઘોડાની જેમ તમે અમારી કામનાઓ પ્રમાણે અન્ન આપો, અમારા જીવનરૂપ પ્રાણને ગતિ આપો અને અમારાં ઘરમાં ગોધન વસાવો.

'હે ઋત્વિજો, જેમ પ્રસૂતિગૃહમાં શિશુ—નવજાત બાળક અવતરે અને એને બધા ચાહે, તોપણ એને સંસ્કાર કરવામાં આવે છે તેમજ તમે બધા એ નવ-જાત સોમને સ્તુતિઓથી વધાવી લીધા છે. હવે એના શુદ્ધ સંસ્કાર કરો કે જેથી એ શુદ્ધ પવિત્ર બને. આ સોમને શુદ્ધ પવમાન કરવાનાં કાર્ય પહેલાં તો મરુતો કરે છે, તેથી એની બહારની શુદ્ધિ થઈ જાય છે, એજ રીતે કવિ મનીષી દિવ્ય વાણી અને ઊર્મિભર કાવ્યોથી એ સોમને શુદ્ધ કરે છે ત્યારે સોમ પણ કવિના જેવી દિવ્ય પ્રેરણા મેળવીને દશાપવિત્રમાં પવમાન થાય; પછી મીઠા મધુરા અવાજો કરે છે.

'એ સોમનાં મન ઋષિ જેવાં છે અને એનાં કર્મ પણ ઋષિ જેવાં છે. એનાથી આગળ વધીને એ સોમ કવિઓની પદવીઓનો સુયોગ કરાવે છે અને સૂર્યનાં કિરણોની જેમ હજારો રીતે પ્રકાશ આપે છે. એ સોમ પહેલાં ત્રીજા ધામ જેવા સ્વર્ગમાં હતા અને ત્યાં દિવ્ય ઇંદ્રની જેમ પ્રકાશતા હતા.

'ખરેખર, અત્યારે આ ગ્રહો અને ચમસોમાં પવમાન સોમ પ્રકાશે છે, એ સોમ સર્વ રીતે સમર્થ અને ગતિશાલ છે. જુદાં જુદાં પાત્રોનાં અવલંબન લેનાર એ સોમ યજમાનની સર્વ કામના પૂરી કરશે. હાલ તો આ સોમે શુદ્ધ સંસ્કાર માટે અનેક સાધનો અને પાત્રોનો ઉપયોગ કર્યો છે, પરંતુ એ મૂળરૂપે તો

અંતરિક્ષમાં વસીને સમુદ્રની જેમ વૃષ્ટિની ધારાઓ મોકલે છે ને સ્વર્ગમાં સૂર્ય-રૂપે રહે છે. એનાથી ઉપર સોમલોક એ તો સોમને વસવાનું ચોથું ધામ છે; ત્યાં એ મહાન વૃષભ બનીને સર્વને પ્રેરણા આપે છે. ત્યાં રહેલ નક્ષત્રોના સ્વામી ચંદ્ર તે જ આ સોમ છે અને એના બધા ગુણ આ સોમરસમાં આવેલા છે.

'હે ઋત્વિજો, એક મર્ત્ય માનવ આમ તો સાવ સાધારણ હોય, પણ એને શુદ્ધ સંસ્કારો આપવામાં આવે અને વસ્ત્રાભૂષણોથી શણગારવામાં આવે તો એ માનવ રાજાની જેમ શોભી ઊઠે છે, તેમજ આ સોમ એક સાધારણ સોમવેલ છે, પરંતુ એના પર અનેક સંસ્કાર કરવામાં આવે છે. સૌથી પહેલાં વસતીવરીનાં જલથી એનાં શોધન થાય, તેથી ધન—સાધનના લાભ આપવાનું સામર્થ્ય એની પાસે આવી પહોંચે. પછી જેમ વેગીલા ઘોડાને રણ સંગ્રામમાં છૂટો મૂકો; તેમજ દ્રોણ—કલશમાં સોમને ભરીને દશાપવિત્રમાંથી પવમાન બનવા, એને વિશેષ ગતિ આપવામાં આવે ત્યારે તો એ કામોની વર્ષા આપનાર શ્રેષ્ઠ વૃષભ બને છે. આમ જુદાં જુદાં પાત્રોમાં પ્રવેશ કરીને એ સોમરાજ એક વિશેષ સામર્થ્ય ધરાવે છે.

'હે ઇંદ્ર, સોમ, મહાન ઋત્વિજોની સ્તુતિઓથી પવમાન બનીને તમે શુદ્ધ સોમરસ બનીને ગતિ કરો. ધીરા મધુરા શબ્દ કરીને તમે પેલા દશાપવિત્ર અને ઊનની બનેલી ગળણીઓમાં પવમાન બનો. પહેલાં તમે ખલદસ્તાઓ પર બાળકોની જેમ રમત ગમત કરતા હતા, પરંતુ આ વિશેષ પાત્રોમાં પ્રવેશ કરી લીધા પછી તો તમે પૂયમાન—પવિત્ર થયા અને મદભર બન્યા છો. હે સોમ, તમારો આ મદભર રસ દેવરાજ ઇંદ્રને મદભર બનાવો.

'અહો, હે ઋત્વિજો, આ સોમરસની મોટી મોટી ધારાઓ વહી રહી છે. એ સોમની અંદર ગાયોનાં દૂધ, દહીં, માખણ મેળવી દીધા પછી દ્રોણ-કલશમાં એને રાખવામાં આવે છે. આ વખતે સામગાન ગાનારા ઉદ્‌ગાતાઓ લય અને તાલનાં મધુર સંયોજન કરી સામગાન કરે છે, તેનાથી આ સોમ વિશેષ પ્રસન્ન થાય છે. જેમ કો'ક પ્રિયજનને મળવા માટે વિશેષ ઉત્સાહ ધરાવે તે જ રીતે આ સોમ યજમાનના સખા બનીને એની કામનાઓ પૂરવા ગ્રહપાત્રોમાં વેગથી આવી પહોંચે છે.

'હે પવમાન સોમ, શત્રુઓએ ઊભી કરેલી અડચણોને દૂર કરીને તમે અમારી પાસે આવી પહોંચ્યા છો. જેમ કો'ક મીઠું મધુરૂં સંગીત ગાનાર પ્રિયજન પોતાની પ્રિયતમાને બોલાવે, તે જ રીતે મીઠા મધુરા સામગાનથી પ્રેરણા મેળવીને તમે એક એક ઇંદુ—ચમકતા બિંદુની જેમ દશાપવિત્રમાં પરોવાયેલી ઊનની દોરીમાંથી ટપકતા રહો છો. સાચે જ જેમ વનવૃક્ષોની શાખાએ શાખાએ પક્ષી

ઊડતું રહે અને આનંદ–વિભોર બને એમ જ આ સોમયાગમાં રાખેલાં જુદા જુદાં પાત્રો, સાધનો, કલશોમાં મદમસ્ત બનીને આ સોમરસ આનંદવિભોર બને છે.

'હે સોમ, નવજાત બાલકને માતા મીઠાં મધુરાં દૂધ પાય છે તેમ જ તમારી આ માદક ચમકતી મધુર ધારાઓ યજમાનની વિવિધ કામનાઓને પૂર્ણ કરતી કરતી પાત્રોમાં ભરાતી રહે છે. સૌથી પહેલાં તો કો'ક ઊંચા જલાશયના પ્રદેશમાં હરિયાળા સોમનાં દર્શન થયાં ને ત્યાંથી આદર કરીને માન આપી રાજી કરીને ઋત્વિજો એને સોમયાગમાં લાવ્યા, એમાં વસતીવરીનાં જલ ભર્યાં, અભિષવણ કર્યાં અને દ્રોણ–કલશમાં ભરીને એનાં દેવો માટે રક્ષણ કરવામાં આવ્યાં, હવે એ પવમાન સોમ મીઠા મધુરા અવાજ કરીને યજમાનની કામનાઓ પૂર્ણ કરે છે.'

પવમાન સોમનો આ મહિમા ત્રિષ્ટુપ છંદમાં ગવાય છે. એની પહેલાં જગતી છંદમાં સ્તુતિઓ કરનારા ઋષિઓ હિરણ્ય-સ્તૂપ, આંગિરસ, કક્ષીવાન દૈર્ઘતમસ, વસુ ભારદ્વાજ, વાચ્ય પ્રજાપતિ, વેન ભાર્ગવ વગેરે તેમજ ત્રિષ્ટુપ છંદમાં ગાનાર ઉશના કાવ્ય, કશ્યપ મારીચ, નોધા ગૌતમ, દૈવોદાસિ પ્રતર્દન, મૈત્રાવરુણિ વસિષ્ઠ વગેરે છે. એ ઉપરાંત અનુષ્ટુપ, ઉષ્ણિક, પ્રગાથ, દ્વિપદા વિરાટ વગેરે વિવિધ છંદોમાં વાર્ષાગિર, નાહુષ, યયાતિ, પર્વત અને નારદ, સપ્તર્ષિઓ, ગૌરિવીતિ શાકત્ય, ત્ર્યરુણ, શિશુ આંગિરસ વગેરે છે.

એ પવમાન સોમનાં દર્શન કરતાં ઋષિ હરિમંત રાજી થતાં જણાવે છે :

'અહો આ સોમરસ દેવરાજ ઇંદ્રને મદભર બનાવવા માટે તો રાજી થઈને સોમપાત્રોમાં પવમાન થાય છે. આ પવમાન સોમ પૃથ્વીની નાભિ, દ્યુલોકના ધારક, વહેતી નદીઓના ધીરા પ્રવાહને સિંચતા અમીરસ અને ઇંદ્રનું વજ્ર બની રહે છે.'

એ જ રીતે પવિત્ર આંગિરસ પવમાન સોમનો મહિમા ગાતાં જણાવે છે :

'આ સોમના પુણ્ય શ્લોક–યશ ગાવાનાં યંત્ર–નિયમન જેને લીધે જાગેલાં છે અને જે અત્યંત ઉત્સાહ તેમજ પ્રેરણા આપે છે, તેવાં એ સોમનાં મીઠાં મધુરાં કિરણ છે, તે ખરેખર ઊંચા અંતરિક્ષના સ્થાનમાંથી ધરતી પર ઊતરી આવ્યાં છે. હવે જેને માધુર્ય પારખવાની આંખ આપી નથી અને જે લોકો મીઠી મધુરી વાતો સાંભળવાની શક્તિ ધરાવતા નથી તેવા લુખ્ખા સુક્કા જનોને તો એ મધુરાં કિરણો છોડી જાય છે, પરંતુ જેની પાસે દર્શન અને શ્રવણની દિવ્ય શક્તિ રહેલી છે તેવા સાધુજનોને તો એ કિરણો ઉપયોગમાં આવે છે, કારણ કે સોમનાં કિરણ ઋજુતાના માર્ગે વળેલાં છે.'

એ જ પ્રમાણે કવિ ભાર્ગવ મહિમા ગાતાં જણાવે છે કે 'હે સોમ, તમારો ઉત્તમ અંશ પરમ દ્યુલોક—આકાશના ઉપર ભાગે રહેલો છે. જે સોમરસની ધારાઓ ભવિષ્યની આહુતિઓની જેમ વરસી રહી છે તેનાથી સૂર્ય વગેરે દેવો પુષ્ટ બને છે તેમ જ ઊંચા આકાશમાંથી તમારાં સોમ—અમીરસનાં કિરણ પૃથ્વીનાં ઊંચાં શિખરો પર વરસી રહ્યાં છે. એ જ સોમરસનાં સિંચન પામેલ ઓષધિ—વનસ્પતિઓને ખલદસ્તાથી પીસવામાં આવે છે, ગળણીમાંથી ગાળવામાં આવે છે અને વસતી-વરીનાં જલનાં મિશ્રણ કરીને ઋત્વિજો પોતાના હાથની દશ દશ આંગળીઓથી તમારાં દોહન કરે છે.'

ભૃગુના પુત્ર વેન દેવો માટે પવમાન સોમની સ્તુતિ કરે છે :

'હે સોમ, દિવ્ય જન્મ ધારણ કરનાર પરોપકારી દેવો માટે તમે પવમાન થાઓ, જેમના નામનાં સ્મરણ શોભીતાં છે તેવા દેવરાજ ઇંદ્ર માટે તમે પવમાન થાઓ, દિવસના દેવ મિત્રને માટે અને રાત્રિના દેવ વરુણ માટે તમે પવમાન થાઓ, પ્રાણવાયુને માટે અને બૃહસ્પતિને માટે તમે પવમાન થાઓ. તમે તો સ્વાદુ છો, મધુર છો, અને તમારા પ્રભાવને કોઈ રોકી શકે એમ નથી.'

સર્વનાં શ્રી—કલ્યાણ માટે પ્રગટ થયેલા એ સોમરાજનાં દર્શન કરી આંગિરસ કણ્વ અનેરો આનંદ અનુભવે છે :

'અહો આ સોમરસ આપણાં શ્રી—કલ્યાણ કરવા પ્રગટ થાય છે. કલ્યાણને માટે સોમનાં અંશુ ગાળવામાં આવ્યાં છે. ચાળણીમાંથી નીકળી ગ્રહપાત્રોમાં ભરાતો એ સોમરસ સામગાન ગાનારાઓના જીવનને રસબસ કરી મૂકે છે. એ સોમની પાસેથી કલ્યાણનાં સાધન મેળવીને સ્તુતિઓ કરનારા ઋષિઓ અમરપદને પામે છે. જ્યાં અનેક મથામણો ને અંતરાયો ઊભા થાય છે તેવા જીવનના માર્ગ પણ સોમ-રસના સત્યભાવથી ભરેલા છે, જેનાથી જીવન મધુરાં બની રહે છે. એ કલ્યાણ કરનારા સોમનાં દર્શન આનંદકારી છે.'

મૈત્રાવરુણિ વસિષ્ઠ અને એમના કુલના ઋષિઓ ઇંદ્રપ્રમતિ વૃષગણ મન્યુ ઉપમન્યુ વ્યાઘ્રપાદ શક્તિમહારાજ કણશ્રુત મૃડીક વસુક્ર અને શક્તિ—પુત્ર પરાશર સોમનો મહિમા એકીસાથે ગાઈ રહ્યા છે :

'અમારી કામધેનુઓ, રસભર બનવા માટે સોમરસનાં સેવન કરે છે, અમારા મનસ્વી ઋત્વિજો વિવેક-ભરેલાં મનન કરીને તે સોમરસની જિજ્ઞાસા ધરાવે છે. જુઓ, હવે આ સોમરસ અભિષુત થયો છે; એને સ્તુતિઓ અને ગતિઓથી ઉત્સાહમાં લાવીને ઋત્વિજો પવમાન કરી રહ્યા છે. અમારા સ્તુતિસભર ત્રિષ્ટુપ

છંદો અને દિવ્ય પ્રકાશથી ભરેલી ઋચાઓ એ સોમની સાથે ને સાથે સંગત થવાની કામના સેવી રહ્યાં છે.

'અહો હે સોમરાજ, તમને પવિત્ર–પવમાન કરવા માટે અહીં ત્રણ ત્રણ ચાળણી છેઃ તેઓનાં નામ છે, 'અગ્નિ' 'વાયુ' અને 'સૂર્ય'. સૂર્યથી સ્વર્ગનો વાયુ, ઇંદ્રથી અંતરિક્ષ અને અગ્નિથી પૃથ્વી પર સોમ પવમાન બને છે. એ પવિત્ર સાધના અત્યંત વિસ્તૃત છેઃ તેઓમાંથી એક જ પરમ ઉદાર સોમરસ નિત્ય નિરંતર પૂયમાન પવિત્ર થયા કરે છે. આ ત્રણે ભુવનોની ઉપર પરમધામ–ગંધર્વલોકમાં પ્રકાશતા અને ચમકતા ઇંદ્રના રૂપે રહેલા હે સોમરાજ, તમે સાક્ષાત્ ભગ–ભાગ્ય રૂપ છો, તમે અમને આપવા લાયક બધાં જ ધન આપો છો. જે મઘવા ઇંદ્ર દાનેશ્વરી છે તેને પણ દાન આપનાર તમે છો. સાચે જ, આ સોમ વિશ્વ–ભુવનના રાજા છે અને વિશ્વને જાણનારી મતિના પ્રેરક, મનીષી, વારંવાર ચાળણીઓમાં ગળાતા ગળાતા પવમાન બને છે.'

આ સોમ એક ઓષધિ–વનસ્પતિ છે, જે સાધારણ રીતે હરિયાળા પ્રદેશમાં થાય છે. એને લાવી, ખલદસ્તામાં કૂટી–પીસી તૈયાર કરો. એ સૂત--અભિષુત સોમ બને છે અને એ ક્રિયાને 'અભિષવણ' ક્રિયા કહે છે. એ અભિષુત સોમને દ્રોણ–કલશમાં ભરે છે ને એમાં દૂધ દહીં, માખણ કે સાથવો મેળવી લીધા પછી ચાળણીમાં પરોવેલ ઊનના દોરાથી ગાળવામાં આવે. આ ચાળણીને 'દશાપવિત્ર' અને ગાળવાની ક્રિયાને 'પવમાન' કહે છે. એ પવમાન સોમને ગ્રહપાત્રો ચમસો કલશો વગેરેમાં ભરવામાં આવે છે અને એ રીતે તૈયાર થયેલ શુદ્ધ સંસ્કૃત પવમાન સોમની આહુતિઓ અગ્નિ ઇંદ્ર વગેરે દેવોને અપાય છે.

પવમાન સોમને શુદ્ધ સંસ્કૃત કરવાની આ પ્રક્રિયાઓ સાધારણ રીતે એકસરખી જોવા મળે છે. આ પ્રક્રિયાઓની સાથે સાથે ઋત્વિજો ઉદ્ગાતાઓ હોતાઓ અને અધ્વર્યુઓ મંત્રો દ્વારા સ્તુતિઓ–પ્રાર્થનાઓ ભણતા રહે છે.

આ પવમાન સોમની સ્તુતિ–પ્રાર્થનાઓ સાધારણ વર્ણનો જેવી નથી. એ સ્તુતિઓ સોમ વિષેનાં ઘણાં રહસ્યો બતાવે છે. આ સોમ ઓષધિ ઊંચા હરિયાળા પ્રદેશ પર મળવાને કારણે એ ઊંચામાં ઊંચા સ્વર્ગમાં વસનારી દિવ્ય વિભૂતિ બને છે. બે ખલદસ્તાઓ પર પીસવા–કૂટવાની પ્રક્રિયા તો ઊંચા સ્થાન પર રહેનારી પ્રક્રિયા છે અને વસતીવરી જલ તો દિવ્ય અલૌકિક પાણી છે, જેના સહવાસે સોમમાં રસભર મદ અને મધુનાં મિશ્રણ થાય છે. એ જ રીતે દ્રોણ–કલશ તો સમુદ્રની જેમ વિશાળ છે અને ઊનના ધાગાથી એક એક ઇંદુ ઇંદુ તો ચંદ્રનાં કિરણોની તુલના લે છે.

આમ સોમ 'સુધાંશુ' 'કલાનિધિ' 'મૃગાંક' ઓષધીશ' 'ચંદ્રમા' 'જૈવાતૃક' 'દ્વિજરાજ' જેવાં નામ ધરાવે છે અને એ નક્ષત્રોના પતિ ચંદ્રની સાથે એક સ્વરૂપ સાધે છે અને તેથી એ ગંધર્વ ગણાય છે.

વેદવિજ્ઞાનની નજરે જોઈએ તો આખું વિશ્વ બે જ પદાર્થોનું બનેલું છે: એક શુષ્ક અને બીજો આર્દ્ર–ભીનો પદાર્થ. શુષ્ક–સુકા પદાર્થનું મૂળ અગ્નિ છે અને આર્દ્રનું મૂળ સોમ છે; એ રીતે અગ્નિસોમરૂપ આ જગત છે.

સોમને પવમાન–સંસ્કૃત કરવાની પ્રક્રિયા પણ એક ગૂઢ રહસ્યને ઉકેલવામાં સહાયક બને છે. આ પૃથ્વી પરનો અગ્નિ, અંતરિક્ષનો વાયુ કે ઈંદ્ર અને સ્વર્ગનો સૂર્ય તો અગ્નિતત્ત્વ છે, એનાથી પર તુરીય ધામમાં વસનાર સોમ તો અગ્નિ ઈંદ્ર અને સૂર્યનાં પોષણ કરનાર, જીવન આપનાર, દિવ્ય અન્ન–ઔષધ છે. એ સોમની સતત વર્ષા થઈ રહી છે ને એનાથી ત્રણેય લોકના અગ્નિ સમિદ્ધ–સચેત બની પોતપોતાનાં કાર્ય કરી રહ્યા છે.

અહીં પિંડ અને બ્રહ્માંડની એકતા જોવાને મળે છે. આ દેહમાં પણ જે કાંઈ શુષ્ક તે અગ્નિ અને આર્દ્ર તે સોમ છે, પ્રાણ તે અગ્નિ કે ઈંદ્ર છે અને એને પોષનાર સોમ તે પ્રાણનું જીવન છે. હૃદયમાં વસનાર કે ભ્રકુટિમાં વસનાર અગ્નિ અને સૂર્ય છે, એઓની વચમાં સોમ વસે છે. ઇડા તે સૂર્યનાડી, પિંગલા તે સોમ નાડી અને સુષુમ્ણા તે અગ્નિનાડી છે. અગ્નિ અને સૂર્ય વચલા આર્દ્ર સોમને સદા પકવી રહ્યા છે અને એ સોમના પાકમાંથી બંનેને જીવન મળે છે.

સ્વરોદય કે પ્રાણવિદ્યા અથવા યોગશાસ્ત્રની પ્રક્રિયાઓ વેદોમાં વર્ણવેલ સોમનાં અભિષવણ અને પવમાનની પ્રક્રિયાઓને અનુસરે છે. એ રીતે સોમયાગ એક મોટા આત્મયાગ કે અધ્યાત્મ–સર્જનનું દૃષ્ટાંત બની રહે છે.

આ સોમની પ્રક્રિયાને સચેત સજીવ અને દિવ્ય બનાવવામાં મંત્રોનાં ગાન મહત્ત્વ ધરાવે છે. સોમ અને સામ એક બને છે. સોમ એક યંત્ર–સાધન હોય તો સામ એક મંત્ર છે અને એ બંનેનો સુયોગ તે એક દિવ્યતંત્ર બને છે. આ દિવ્ય તંત્રને રથની ઉપમા આપી છે. એ રથમાં સોમ રમણ કરે છે, વિહાર કરે છે.

જેમ અગ્નિને ઘી, લાજા વગેરે હવિની આહુતિ અપાય છે; તેમજ પવમાન થયેલ સોમની આહુતિ અપાય છે, તેને યજ્ઞની સાધન સામગ્રી ગણવામાં આવે છે, તેજ રીતે હોતાનાં ભણાતાં સ્તોત્ર, ઉદ્દગાતાનાં ગવાતાં સામગાન અને અધ્વર્યુએ જણાવેલાં નિગદ–યજુઓ યજ્ઞની સાધનસામગ્રી ગણાય છે. આમ સોમ અને સામની

એકતા સધાય છે; તે વેદ વિજ્ઞાને રજૂ કરેલ ભૌતિક, દૈવિક ને આત્મિક સમન્વયની સાધના છે.

આ સોમ ઓષધિ ઉપલબ્ધ છે કે નહિ એ તો વિજ્ઞાનીઓની શોધનો વિષય છે. વેદના કવિઓ અને ઋષિમુનિઓ તો એ સોમની ભૂરી ભૂરી પ્રશંસાઓ અને પ્રાર્થનાઓ કરે છે. સોમની સાથે સામનાં ગાન એક દિવ્ય ભૂમિકાનાં સર્જન કરે છે, જ્યાં ગાન અને ગાનાર એક બને છે.

સોમનાં સવન–અભિષવણ થાય છે ને સાથે સામ ગવાય છે. એ સામનાં અનુરણન સોમનાં સવન અને પવમાન કર્મોમાં સંભળાય છે. એ સોમ મતિના પ્રેરક બને છે, સર્જન ને પાલનના દેવ બને છે. એ સોમ સૌમ્ય તો છે જ, સાથે શૂરવીર છે, સેનાની છે, રાજા છે, સમ્રાટ છે. સોમ સર્વકાંઈ છે અને તેથી સોમ પવમાનના ગુણ ગાતાં કવિજનો થાકતા નથી. એ ગાનોની સ્તુતિઓ અને પ્રાર્થનાઓમાં વારંવાર પુનરુક્તિઓ અને એકસરખી પ્રક્રિયાઓ જોવાને મળે છે. તો પણ કવિની અભિવ્યક્તિ વ્યંજના તેમ જ રૂપક–કથનામાં અવનવાં રહસ્યો પ્રગટ થતાં જોવા મળે છે.

□

# ૩૧

# આજીવિકાનું પ્રેરક બળ

હરિયાળી એ ભૂમિ હતી. ઊંચો પ્રદેશ, વનવૃક્ષોની છાયાથી શીતલ, રમણીય હતો. આંગિરસ ઋષિમુનિઓનું તપોવન ત્યાં વસ્યું હતું. અંગે અંગમાં રસનો સંચાર થાય અને શરીર હૃષ્ટપુષ્ટ બની સર્વ કાર્ય કરે, એ કાર્ય સફળ બને ને જીવનમાં નવરસ જાગે, નવી સ્ફૂર્તિના સંચાર થાય. જેનાં તન નીરોગી તેનાં મન દૃઢ અને સ્થિર. તનના અને મનના સાથ સહકારથી આંગિરસ સર્વ રીતે શાંત અને સુખી હતા.

એક વર્ષે હરિયાળી ભૂમિ પર જલ વરસ્યાં નહિ ને નવાં ધન ધાન્ય પાક્યાં નહિ. ધરાના રસકસ સુકાયા ને અન્નજલ ખૂટવા લાગ્યાં. એ ઋષિઓ સાદાં સરળ જીવન જીવતા હતા. વિશેષ ધન સાધનો એમણે વસાવ્યાં ન હતાં, ઘરમાં રાખેલાં અન્ન ખૂટ્યાં ને વનમાં રહેલાં કંદમૂળ પણ ખૂટ્યાં.

આખું એ ઋષિકુલ તપોવન છોડી અન્ય પ્રદેશોમાં ચાલી ગયું. ગ્રામો અને નગરોમાં જ્યાં પ્રજાજનો વસ્યાં હતાં ત્યાં એ ઋષિકુલને આશ્રય મળી ગયો.

આ ઋષિઓ શ્રમજીવી હતા. તપોવનમાં નિવાસ કરતા અને ખેતી કરી જરૂરી ધનધાન્ય મેળવી લેતા, તપોવન છોડીને અન્ય પ્રદેશમાં ગયા ત્યાં એમને હૈયે એક પ્રશ્ન જાગ્યો :

'તપોવનમાં વસતા હતા ત્યારે પૂરતાં અન્ન મળતાં અને જીવનના વ્યવહાર સારી રીતે ચાલતા હતા. કોઈ વાતની ચિંતા ન હતી. વેદોના સ્વાધ્યાય કરવા, સામનાં ગીત ગાવાં, યોગની પ્રક્રિયા જાણવી અને વ્રત તપ નિયમના બળે જીવનના રસ સાચવી રાખવા.

'આપણો એ હરિયાળો પ્રદેશ ગયો ને આપણું આજીવિકાનું સાધન પણ ગયું. અહીં જીવન–વ્યવહાર ટકાવી રાખવો શી રીતે ?

'જીવન કાંઈ બહારના સાધનો પર અવલંબતું નથી. આપણા જીવનને સોમરસ ભરપૂર બનાવે છે, આપણો રાજા સોમ છે અને એની પ્રેરણા આપણને બળ આપે છે.

'તમે શું સોમ ઓષધિની વાત કરો છો કે પછી બીજા કોઈ સોમની વાત કરો છો' ?

'સોમ ઓષધિ લાવવી ક્યાંથી ? આપણે હરિયાળી ભૂમિમાં રહ્યા ત્યાં સુધી એ સોમરસનાં નિત્ય સેવન કર્યાં. એ સાથે સોમની પ્રેરણાથી સામનાં ગાન ગાયાં, સોમની પ્રેરણાથી પ્રાણમાં રસનાં સિંચન કર્યાં, સોમની ભાવનાથી જીવન સમૃદ્ધ બનાવ્યાં. એ સોમ આપણા ઈષ્ટદેવ છે. એમની સાધના આપણને પ્રેરણા આપશે, આપણા જીવનને સમૃદ્ધ કરશે, આપણી ઇંદ્રિયોને બળ આપશે અને દેવરાજ ઇંદ્રની સહાયતા મળશે.'

'તમારી વાત સાચી છે. સોમ આપણા જીવનને સમૃદ્ધ બનાવે છે. એની પ્રેરણા જાગે અને આપણે આજીવિકાનાં સાધન શોધી કાઢીએ. એ સોમ આપણી મતિમાં વસે છે અને આપણને આજીવિકાના વિવિધ માર્ગ સૂચવે છે.'

અંગિરા કુલના એ ઋષિઓ જીવન હારી ગયા નહોતા. એમને હૈયે સોમની ભાવના જાગી હતી અને એમણે આજીવિકા માટે નવાં નવાં સાધન શોધી કાઢ્યાં હતાં. એમાંના એક ઋષિ હતા. તેમણે જણાવ્યું કે :

'મેં સોમની પ્રેરણા મેળવીને કલા–કારીગરી જાણી લીધી છે, દેવોના કારીગર ઋભુઓ મારા ગુરુ છે. હું રથ ગાડું શકટ વગેરે બનાવવાનાં સુથારી કામ જાણું છું.'

બીજા ઋષિએ જણાવ્યું: 'રાજા સોમની પ્રેરણાથી મને વસ્ત્ર વણતાં આવડે છે. ઊનના દોરા વણી ધાબળા ને કામળા બનાવવા, રેશમના તાંતણા ગૂંથી ભરીને વસ્ત્ર તૈયાર કરવાં, સૂત્રના તાણાને યંત્ર પર ચડાવી સાડીઓ બનાવવી, વગેરે કામ મને આવડે છે.'

ત્રીજા ઋષિએ જણાવ્યું, 'સોમની પ્રેરણાથી મને રંગ પૂરવાનું કાર્ય આવડે છે. વસ્ત્ર રંગવાં, લાકડાંમાં જુદા જુદા રંગ પૂરવા, વગેરે કાર્ય હું સારી રીતે જાણું છું.'

ચોથા ઋષિએ જણાવ્યું, 'રાજા સોમની પ્રેરણાથી હું ઔષધિ વનસ્પતિના ગુણ જાણું છું. ઔષધના ઉપચારથી રોગો દૂર કરવાનું કાર્ય મને સારી રીતે આવડે છે.'

ત્યાં પાંચમા ઋષિએ જણાવ્યું, 'રાજા સોમની પ્રેરણાથી હું પશુપાલનનાં કાર્ય સારી રીતે જાણું છું. દુધાળાં અને પાળેલાં પશુઓની દેખભાળ કરવાની સૂઝ મને સારી છે.'

આ બધા ઋષિઓ સ્વાશ્રયી હતા. સોમની પ્રેરણાથી એમને નવા નવા કામ-ધંધા સૂઝતા હતા. પારકાને આશ્રયે પડયા રહેવું અને સમાજને ભારરૂપ બનીને જેમ તેમ ગાડું ચલાવવું એ પ્રકારની દરિદ્રતા એમણે સેવી ન હતી.

આજુબાજુનાં ગામોમાં અને નગરોમાં એ ઋષિઓ પોતપોતાનાં કુટુંબી સ્નેહીજનો સાથે વહેંચાઇ ગયા. એમણે પોતાનાં મનગમતાં કલાકારીનાં કાર્ય ઉપાડી લીધાં.

એ દુષ્કાળનો વિપરીત સમય પૂરો થયો. એ બે ચાર વર્ષ અંગિરાઓને કઠણ લાગ્યાં નહિ. સંકટના સમયે પણ એ લાચાર બન્યા નહિ, પરાશ્રયી બન્યા નહિ. એનું મુખ્ય કારણ એ હતું કે એમના જીવનનો રસ સુકાઇ ગયો ન હતો. જે સોમરસનાં એમણે સેવન કર્યાં હતાં, તે સોમે એમની મતિને પ્રેરણા આપી હતી. એમના પ્રાણને બળ આપ્યાં હતાં, ઈંદ્રિયોને તેજ આપ્યાં હતાં. એમને માટે સોમની ઓષધિ શોધવા, વનજંગલ ભટકવા જવાની જરૂર નહોતી. અગ્નિ અને ઇંદ્રની જેમ જ સોમ પણ એમની અંદર નિવાસ કરે, એને કારણે તો એ ઋષિઓ આંગિરસ હતા, જેમને અંગે અંગે સોમરસ ભરેલો હતો.

આ આંગિરસ ઋષિઓ પોતાના પ્રદેશ છોડી દૂર દૂર ચાલ્યા ગયા હતા, પરંતુ એમને જન્મભૂમિ યાદ રહ્યા કરતી. જે સુખ ને શાંતિ એમણે પોતાની જન્મભૂમિમાં પ્રાપ્ત કર્યાં હતાં તે સુખ અને શાંતિના અનુભવ એમને બીજા પ્રદેશોમાં થયા નહતા. એ ઋષિઓ કલાકારીગરીના પ્રતાપે સારાં સાધન સામગ્રી વસાવી શકયા હતા, સુખસગવડનાં સાધન પણ એમની પાસે વિપુલ પ્રમાણમાં હતાં, પરંતુ એનાથી એમને સંતોષ થયો ન હતો.

કુલગુરુ અંગિરા ઋષિએ એમને હૈયે એક અનેરી ભાવનાનાં જલ સિંચ્યાં હતાં. આજીવિકાનું એક માત્ર સાધન કૃષિ છે, એ આપણી કામધેનુ છે. કૃષિ જીવનને સમૃદ્ધ બનાવે છે.

એ ઋષિઓ પોતાની હરિયાળી ભૂમિમાં પાછા આવી પહોંચ્યા. એમણે ભૂમિમાતાનાં પૂજન કર્યાં, ગાયો અને ગોવૃષભોને શણગાર્યાં, ખેતીનાં સાધનોનાં સમારકામ કર્યાં અને અણખેડાયેલ જમીન પર ઋષિઓનાં હળ ફરવા લાગ્યાં, નવા પાક લણાવા લાગ્યા, ખળાં ઊભરાવા લાગ્યાં.

દેવરાજ ઈંદ્રને પ્રસન્ન કરવા એમણે ઈંદ્રયાગની રચના કરી. સોમને લાવીને, ખલદસ્તા પર કૂટી પીસીને તૈયાર કરીને દશાપવિત્રમાં ગાળીને સોમરસથી ગ્રહો અને ચમસપાત્રો ભરાવા લાગ્યાં.

આંગિરસોનાં સ્તુતિવચન સાંભળી અને સોમરસથી ભરેલાં ગ્રહપાત્ર જોઇ દેવરાજ ઈંદ્ર એ ઋષિઓની પાસે આવી પહોંચ્યા. એ ઋષિઓ દર વર્ષે સોમયાગ કરતા હતા, પરંતુ દુષ્કાળમાં એમના સોમયાગ બંધ થયા હતા. ઘણાં વર્ષો પછી દેવરાજ ઈંદ્રને આવાહન-નિમંત્રણ મળ્યાં હતાં. એમણે એ ઋષિઓને સ્નેહભાવથી પૂછ્યું : 'વર્ષોથી સોમયાગ બંધ થયા હતા. એનું કારણ શું ? તમે બધાં ઋષિઓ બીજે ક્યાંય ચાલ્યા ગયા હતા કે શું ?'

એ દેવરાજ ઇંદ્રનાં મીઠાં મધુર વચન સાંભળી ઋષિઓ આનંદમાં આવી ગયા. એમણે મીઠી મધુર વાણીથી જણાવ્યું :

'દેવરાજ, અમારી આ હરિયાળી ભૂમિ પર મેઘરાજ રૂઠયા હતા. દુષ્કાળમાં એ ધરતી છોડી અમે બીજા પ્રદેશોમા ચાલ્યા ગયા હતા. સુકાળ આવતાં અમે પાછા આવ્યા અને અમારી ભૂમિને ધનધાન્યથી સમૃદ્ધ જોઇ આપને યાદ કર્યા.'

'તમને ધન્ય છે, ઋષિઓ ! સંકટના સમયે પણ તમે નિરાશ થયા નહિ. કેટલાક લોક દુષ્કાળમાં હારી જાય છે ! તમે એ વિપરીત સમય પર વિજય મેળવી લીધો છે. એનું કારણ શું છે? શું તમારી પાસે કોઇ સંજીવિની વિદ્યા છે ?'

'ભગવન્, સોમ અમારી પ્રેરણા છે. એ સોમે અમારા જીવનરસ સાચવી રાખ્યા. એ સોમે અમારી મતિઓને સારે માર્ગ દોરી. અમારો એ સંજીવિની વિદ્યા છે. અમારાં અંગે અંગમાં એ સોમરસનો સંચાર થાય છે અને અમારી ઇંદ્રિયોને નવી નવી શકિતઓ મળે છે. અમારી ઇંદ્રિયોના અધિષ્ઠાતા સ્વામી તો આપ પોતે દેવરાજ ઇંદ્ર છો.

'આપને માટે આ સોમરસ તૈયાર કર્યા છે. હા, એ દુષ્કાળમાં અમને સોમવેલ મળી નહિ અને આપને અમે આવાહન-નિમંત્રણ આપી શકયા નહિ. વર્ષે વર્ષે નિયમિત થતા સોમયાગ બંધ થઇ ગયા, પરંતુ અમારા જીવનમાંથી એ રાજા સોમ ચાલ્યા ગયા નહિ. એમણે અમારાં જીવનને ટકાવી રાખ્યાં. એ સોમને અમે ભૂલ્યા નહિ.

'ભગવન્, રાજા સોમની સ્તુતિ કરતાં અમારા હૃદયમાં એજ ભાવના હતી કે એ સોમરસ નિતનિત પ્રેરણા આપે અને અમારી ઇંદ્રિયોનાં બલ ટકી રહે.

'હવે આ સોમવેલ નવી તાજી મળી ગઇ. એને કૂટી પીસીને તૈયાર કરી એને દશાપવિત્રમાં ભરી અને ઊનની દોરીમાં પરોવી એક એક ઇંદુ-બિંદુ ટપકે એ રીતે પવમાન સોમ ટપકી રહ્યા છે. અને અમને પ્રેરણા આપી રહ્યા છે.'

દેવરાજ ઇંદ્ર તેમની ભાવના અને ભક્તિથી પ્રસન્ન થયા. ઋષિમુનિઓએ જે સ્તુતિ પ્રાર્થના કરીને પવમાન સોમનો મહિમા ગાયો, એ પાવમાની ઋચાઓ સાંભળી ઇંદ્ર વિશેષ પ્રસન્ન થયા અને એમણે ઋષિઓને જણાવ્યું :

'તમારી આ પાવમાની ઋચાઓ કામધેનુ જેવી છે. તમે જ્યારે જ્યારે કામના કરશો ત્યારે મેઘરાજ વર્ષા મોકલશે અને તમારી હરિયાળી ભૂમિ પર નવાં નવાં વિવિધ વનસ્પતિઓ ફળ–ફૂલથી લચી રહેશે'.

આ પાવમાની ઋચાઓનાં ગાન અનેક ઋષિઓએ કર્યાં છે. એ સોમમાં કેટલાક ઋષિઓને સોમરસનાં દર્શન થયાં છે; તો બીજા કેટલાક ઋષિઓને એમાં ચંદ્રનાં દર્શન થયાં છે, તો બીજા કેટલાક ઋષિઓને જીવનની પ્રેરણા-રૂપે એ સોમરસનાં દર્શન થયાં છે, તો થોડાક ઋષિઓએ આજીવિકાનાં વિવિધ સાધન શોધી કાઢવામાં એ સોમરસને પ્રેરક બળ ગણ્યું છે.

સાદાં, સરળ જીવન જીવનારા આ ઋષિઓ પાવમાની ઋચાઓનો મહિમા ગાતાં ગાતાં જીવનનાં વિવિધ કાર્યક્ષેત્રો અને આજીવિકાનાં સાધનોની ગણના કરે છે.

એમાંના એક ઋષિનું નામ શિશુ આંગિરસ છે. પવમાન સોમના એક એક બિંદુમાં એમને ચમકતા ચંદ્ર–ઈંદુનાં દર્શન થાય છે. આકાશમાં ચમકતો ચંદ્ર ધરતી પર અમી વર્ષા મોકલે છે અને વૃક્ષ-વનસ્પતિમાં નવાં જીવન જાગે છે. એ જ સોમરસ માનવનું પ્રેરક બળ બને છે. અને શુષ્ક જીવનમાં નવલા રસ પ્રેરાય છે, અંગે અંગમાં એ સોમરસનાં સિંચન થાય અને દેવરાજ ઈંદ્ર રાજી થાય.

'આ તે જ દેવરાજ ઈંદ્ર છે, જે આકાશમાં તુરીયધામ પર વસતા સોમરાજની વર્ષા ઝીલે છે. આ તે જ ઇંદ્ર છે, જે પોતે સોમ બનીને અંતરિક્ષથી વર્ષા મોકલે છે અને વૃક્ષ વનસ્પતિને નવા સોમરસ આપે છે. આ તે ઇંદ્ર છે, જે માનવના શુષ્ક જીવનમાં નવા રસ જગાડે છે, અને આજીવિકાનાં ધન સાધન વસાવી આપે છે. આ તે ઈંદ્ર છે, જે અંગે અંગમાં સોમરસનાં સિંચન થતાં ઈંદ્રિયોમાં નવાં ચેતન અને જીવન જગાડે છે.

આ ઋષિ સોમરાજ ઇંદુને સંબોધીને વારંવાર આ એક ગીતનાં મધુર ગાન ગાઈ રહ્યા છે : 'અહો હે ઇંદુ ! તમે અમારા દેવરાજ ઈંદ્રને માટે રસસભર બની અભિષવણ કરો, તમારા રસ ઝરવાથી અમારાં શુષ્ક જીવનમાં નવા પ્રાણ પુરાશે.'

જુદી જુદી આજીવિકા શોધી કાઢીને શ્રમજીવી બનેલા એ આંગિરસ ઋષિઓને હૈયે જાગેલ સોમના મહિમા ગાતાં એ શિશુ જણાવે છે કે:

'હે સોમરાજ, આજીવિકા નભાવવા માટે અમે અનેક જાતનાં સાધન શોધી કાઢયાં છે; તેમજ અમારામાંના કેટલાક ઋષિઓ અનેક પ્રકારનાં કર્મ કરી રહ્યા છે. આમાંના કેટલાક ઋષિઓ તક્ષા–સુથાર બનીને, લાકડાં છોલી ઘડીને અનેક વાહનો અને સાધનો તૈયાર કરે છે. બીજા કેટલાક વૈદ્ય–ભિષગ બનીને રોગ શોધી કાઢે છે, અને ઔષધ–ઉપચારનાં કાર્ય કરે છે. ત્યારે કેટલાક તો બ્રહ્મા બનીને સોમરસને તૈયાર કરાવવા યજમાનોને પ્રેરણા આપે છે, પરંતુ અમારાં આ બધાં કાર્યોના પ્રેરક તમે છો. તમે દેવરાજ ઈંદ્ર માટે રસસભર બની ઝરતા રહો, બિંદુએ બિંદુએ ટપકતા રહો.

'હે સોમરાજ, આ જુદા જુદા કર્મચારી પોતાનાં તીક્ષ્ણ સાધન લઈને કામે લાગી ગયા છે. જુઓને, બાણ ઘડનારો આ કારીગર જૂના લાકડાના કટકા લઈને બેસી ગયો છે. એ સૂકા લાકડામાંથી તો સુંદર બાણ તૈયાર કરી દેશે તેમજ જંગલોના પક્ષીઓનાં પીછાં લાવીને એ બાણોને શણગારશે; ત્યાર બાદ તીક્ષ્ણ પથ્થરના કલાખંડનાં ફળાં તૈયાર કરીને બાણોના અગ્ર ભાગે જોડી દેશે, આ પ્રમાણે આજીવિકા માટે બાણ ઘડનારા ઋષિઓ આપનાં સ્મરણ કરે છે, માટે હે ઈંદુરાજ અમારા દેવરાજ ઈંદ્રને માટે સભર ભરપૂર બની ઝરતા રહો.

'હે સોમરાજ, હું પોતે કલા કારીગરીમાં કુશળ છું. મારા માત–પિતા રોગોના ઉપચાર કરનાર ભિષગ–વૈદ્ય છે અને મારી નના–માતા પથ્થરના વાટવાથી પીસીને સકતુનાં ભોજન તૈયાર કરવામાં અત્યંત પ્રવીણ છે.

'અમે આ સ્નેહી કુટુંબીજનો જુદા જુદા પ્રકારનાં કર્મની પ્રણાલિકાઓ જાણીએ છીએ, પરંતુ ધન સાધન ભેગાં કરવામાં તો બધાં જ કામધંધા એક સરખા ઉપયોગી છે, એ માટે હે ઇંદુ–સોમરાજ, અમારા દેવ ઈંદ્રને માટે તમે સભર ભરપૂર રીતે વહેતા રહો.

'હે સોમરાજ, કોઈ તેજસ્વી વેગીલો ઘોડો રથમાં જોડાઇને પોતાના રથીને સારે માર્ગે દોરી જાય છે એ માટે એને ઘણી સારી સગવડવાળો રથ તૈયાર કરી આપવો જોઈએ. રાજા કો'ક કષ્ટ કે વિપત્તિમાં આવી પડયા હોય ત્યારે એના મનનાં રંજન કરવા માટે મંત્રીઓ અને સચિવો નાની નાની વિનોદની રચના કવિતાઓ સંભળાવે છે, એમના વિનોદ માટે કવિજનો કટાક્ષ ભરેલી કવિતાઓની રચના કરે છે. કામીજનો ભોગ વિલાસનાં સાધનો માટે સુંવાળાં શયનગૃહો ઇચ્છે છે, તે સુખ સગવડનાં સાધન કારીગરો તૈયાર કરે છે તેમ જ દેડકાં પોતાના આનંદો માટે જલથી ભરેલાં તળાવ ઇચ્છે છે, જે તળાવોને ખોદી કરીને

પાર સાથે બાંધવામાં કર્મચારીઓ કુશળ હોય છે. આ બધા કર્મચારી જનો દેવરાજ ઇંદ્રની પ્રેરણા મેળવવા માટે સોમરસને ઇચ્છી રહ્યા છે, માટે હે ઇંદુરાજ તમે રસનાં સિંચન કરતા રહો.'

શિશુ આંગિરસના સ્તુતિ-ગાનમાં સાથ આપતા અને એ જ ગીતિની સમસ્યાપૂર્તિને જોડી સોમનો મહિમા ગાતાં કશ્યપ મારીચ જણાવી રહ્યા છે :

'હે ઈંદુરાજ સોમ, તમારો નિવાસ કુરુક્ષેત્રના પ્રદેશમાં શર્યણાવત નામના સરોવરને કીનારે છે. તમારી પાસે આવીને વૃત્રહા સોમપાન કરે, બળ મેળવે અને વિશેષ પરાક્રમ કરે; એ કારણે તમે રસ સભર બની વહેતા રહો.

'હે ઈંદુરાજ, તમારો નિવાસ હિમાલયના હરિયાળા પ્રદેશ આર્જીકમાં છે. ત્યાંથી તમે અમારા યજ્ઞમાં આવી પહોંચો. અમે સરળ વાણી સત્ય શ્રદ્ધા અને વ્રત તપ વગેરે સદ્ગુણો વસાવીને તમારાં અભિષવણ કરીશું, માટે તમે ઈંદ્રને માટે રસ-સભર રહો.

'હે સોમરાજ, પહેલાં તમારો નિવાસ ઊંચે આકાશમાં હતો. ત્યાં તમે પર્જન્ય—મેઘની જેમ સમર્થ બનીને વધી રહ્યા હતા. સૂર્યની પુત્રી શ્રદ્ધા મહાન સમર્થ સોમને આકાશમાંથી ઉપાડી લાવી ત્યારે ગંધર્વ લોકમાં વસતા ગંધર્વોએ તે સોમનો સ્વીકાર કર્યો. ત્યારબાદ ઋષિઓએ એ સોમમાં રહેલા રસને ધારણ કર્યો. હે સોમરાજ, તમે ઇંદ્રને માટે રસનાં સિંચન કરો.

'હે સોમરાજ, જે સાધુ પુરુષોએ સરળ મધુર જીવનનો માર્ગ સ્વીકાર્યો છે તે લોકો સાદાં કુદરતને અનુસરતાં જીવન જીવી રહ્યા છે. જે નીતિમાન પુરુષોએ સત્ય કર્મનો માર્ગ લીધો છે, તે લોકો સાત્ત્વિક નીતિના માર્ગે પ્રગતિ કરી રહ્યા છે. ભલા ભોળા ભક્તજનોએ શ્રદ્ધાનો માર્ગ લીધો છે. એ લોકો દેવોની કૃપા અને પ્રેરણા મેળવીને પોતાના જીવનનો ઉદ્ધાર કરે છે. એ જ્ઞાની ભક્ત અને કર્મયોગી જનો માટે સોમરાજ પરિષ્કૃત—તૈયાર થયેલ છે, માટે હે ઇંદુ, તમે ઈંદ્રને માટે સિંચાતા રહો.

'હે પવમાન સોમ, જે મોટા સોમયાગોમાં સ્તુતિ કરનારા ઋષિઓ ભેગા થઇને વિવિધ છંદોમાં સ્તુતિઓ કરે છે અને એની સાથે ખલદસ્તા પર રાખેલા સોમને કૂટી પીસી સોમરસ તૈયાર કરે છે, તે ઋત્વિજો સોમરસથી આનંદ મેળવી લે છે. હે ઈંદુ, ઈંદ્રને માટે વહેતા રહો.

'હે પવમાન સોમ, જ્યાં સદા સર્વદા અવિનાશી જ્યોતિ વસે છે, જ્યાં સ્વર્ગમાં સૂર્યનો નિવાસ છે, તે અજર અમર લોકમાં અમારો નિવાસ હો. હે ઈંદુ, ઈંદ્રને માટે સિંચન કરો.'

એ મારીચ કશ્યપ ઋષિ સોમનો મહિમા ગાતા હતા અને કષ્ટમાં પણ ન્યાય નીતિ અને સદાચારના માર્ગને અનુસરતા હતા. સોમરાજ એ ઋષિઓ પર પ્રસન્ન રહે છે અને એમના જીવનમાં સદા સર્વદા સોમરસની પ્રેરણા મળતી રહે છે, એ જણાવીને એ ભક્તજનોનો મહિમા ગાઈ રહ્યા છે :

'સાચેજ, જે ભક્તજને પવમાન ઈંદુરાજ સોમનાં રસસભર ધામ સાધન અને પાત્ર મેળવી લીધાં તેમજ જે યજમાને પોતાના સ્નેહી કુટુંબજનોની સાથે સોમનાં અભિષવણ કાર્ય કરી લીધાં અને પવમાન સોમનાં સેવન કર્યાં, તે યજમાન પ્રજાજનોની સાથે સમૃદ્ધ બને છે. હે ઈંદુરાજ, ઇંદ્રને માટે વહેતા રહો.'

આ તે કશ્યપ ઋષિ છે, જેણે દુષ્કાળની પરિસ્થિતિમાં કષ્ટ ભોગવતા આંગિરસ ઋષિઓને સોમનો મહિમા જણાવ્યો હતો, એ પોતાના મનને ઉદ્દેશી જણાવી રહ્યા છે :

'હે મંત્રદ્રષ્ટા, હે કશ્યપ ઋષિ, તમે મંત્રદ્રષ્ટા ઋષિઓએ ગાયેલ સ્તોમ સ્તોત્રોથી વાણીનાં તેજ વધારો છો તેમજ એ ઉત્તમ સ્તુતિઓથી રાજા સોમનાં યજન અને પૂજન કરો છો. સાચે જ એ રાજા સોમ સર્વ ઓષધિ–વનસ્પતિઓના સ્વામી છે માટે હે ઈંદુરાજ, ઇંદ્રને માટે તમે વહેતા રહો.

'હે સોમરાજ, આ દેશની દિશાઓ આઠ છે, તેઓમાંની એક દિશામાં આપનો નિવાસ છે અને બાકીની સાત દિશાઓમાં જુદાં જુદાં સ્વરૂપ ધરનારા સાત સૂર્ય નિવાસ કરે છે. તેમનાં યજન પૂજન કરનાર ઋત્વિજો સાત છે અને આદિત્ય દેવો પણ સાત છે. આ સાતે સાત દેવોને પ્રેરણા આપનાર તમે સોમ એક રૂપે નિવાસ કરીને બધાને પ્રેરણા આપો છો. હે ઈંદુ, ઈંદ્રને માટે વહેતા રહો.

'હે સોમરાજ, અમારાં સર્વ યજ્ઞયગાદિ કાર્યોના પ્રેરક તમે છો, એટલા માટે અમે તમારા માટે વિશેષ પ્રકારના ભાવથી ભરેલાં હવિષ્ય–અન્ન તૈયાર કર્યાં છે, આપ અમારાં સારી રીતે રક્ષણ કરો કે જેથી કોઈ વૈરીજન અમારો નાશ ન કરે. અમારાં ધન સાધન કોઈ લૂંટી ન લે, એવી વ્યવસ્થા તમે કરો. હે ઈંદુરાજ, તમે અમારા ઈંદ્રને માટે પવમાન સોમના રસને સિંચતા રહો.

**આઠમું મંડળ, સૂક્ત ૧૦૩, મંત્રો ૧૭૧૬, ઋષિ કાણ્વ—પરિવાર**

આ મંડળમાં ૪૯ થી ૫૯ અગિયાર સૂક્તોમાં એંશી મંત્રો છે, તે બાલખિલ્ય સૂક્તો ગણાય છે. એ સૂક્તો પર સાયણાચાર્યે ભાષ્ય લખ્યું નથી, માટે એ સૂક્તો પરિશિષ્ટ—રૂપે ગણાય છે, પરંતુ પ્રસિદ્ધ થયેલી સંહિતાઓમાં એ અગિયાર સૂક્તો ક્રમવાર લેવામાં આવ્યાં છે.

બીજાથી સાતમા મંડળ સુધી ગૃત્સમદ વિશ્વામિત્ર વામદેવ અત્રિ ભરદ્વાજ અને વશિષ્ટ એ ૭ ઋષિઓ ક્રમસર તે તે મંડળના દ્રષ્ટા છે. એ જ રીતે આઠમા

મંડળના મંત્રદ્રષ્ટા કાણ્વ–પ્રગાથ ગણાય, પરંતુ એની સાથે આ મંડળમાં ચાર ઋષિ પરિવાર મુખ્ય છે: (૧) કાણ્વ ૩૨ (૨) આંગિરસ ૧૭ (૩) આત્રેય ૪ અને (૪) ભાર્ગવમાં ૪ ઋષિ ક્રમસર લીધા છે.

કાણ્વ–પરિવારમાં પ્રગાથ–ઘૌર કાણ્વનાં સૂક્ત ૬, સોભરિનાં ૫, નાભાકનાં ૪, મેધાતિથિનાં ૩, મેધ્યનાં ૩, કુરુસુતિનાં ૩, કુસીદનાં ૩, ઇરિંબિઠિનાં ૩, વત્સનાં ૨, મેધ્યાતિથિનાં ૨, ભર્ગ પ્રાગાથનાં ૨, કાણ્વાયન અશ્વસૂક્તિ અને ગોસૂક્તનાં ૨, તેમજ પર્વત નારદ વગેરે બાકીના ૧૭ કાણ્વ–પરિવારનાં સૂક્ત એક એક છે, એ રીતે ૫૭ સૂક્ત થાય છે.

આંગિરસ પરિવારમાં પ્રિયમેધનાં સૂક્ત ૭, વિરૂપનાં ૩, કૃષ્ણનાં ૪, નૃમેધ–પુરુમેધનાં સંમિલિત ૨, નૃમેધનાં ૨, તિરશ્ચીનાં ૨ અને બાકીનાં આંગિરસ પરિવારનાં એક એક સૂક્ત આંશિક છે.

આત્રેય પરિવારમાં શ્યાવાશ્વનાં ૪, ગોપવનનાં ૨, અપાલાનું ૧ તથા અર્ચનાનાનું વિકલ્પરૂપે એક સૂક્ત નાભાક કાણ્વની સાથે છે.

ભાર્ગવ પરિવારમાં જમદગ્નિ અને કૃત્નુનાં એક એક તેમજ નેમ અને પ્રયોગનાં આંશિક એક એક સૂક્ત છે. ઉપરાંત બીજા ૧૮ ઋષિ છે; તેમાં વિશ્વમના વૈયશ્વ ૪, મનુ વૈવસ્વતનાં ૫ અને સોળ ઋષિઓનાં આંશિક સૂક્ત એક એક છે.

આ મંડળમાં દેવો ક્રમવાર ગોઠવાયા નથી. સાધારણ રીતે ઇંદ્રનાં સૂક્ત ૧–૧૭, ૨૧, ૨૪, ૩૨–૪૦, ૪૫,૪૯–૫૩, ૫૫, ૫૬, ૬૧–૭૦, ૭૬–૧૦૦; અગ્નિનાં ૧૮, ૧૯, ૨૩, ૩૯, ૪૩, ૪૪, ૬૦, ૭૧, ૭૨, ૭૪, ૭૫, ૮૪, ૧૦૧ ને ૧૦૩; અશ્વિનીકુમારનાં ૨૨, ૨૬, ૩૫, ૫૭, ૭૩, ૮૫, ૮૬, ૮૭; વિશ્વેદેવનાં ૨૫–૩૦, ૫૪, ૫૮, ૬૯, ૮૩; આદિત્યોનાં ૧૮, ૪૭, ૬૭, ૧૦૧; વરુણનાં ૪૧, ૪૨; યજ્ઞનું ૩૧; વાયુનું ૪૬; સોમનાં ૪૮, ૭૯; મરુતોનું ૨૦; એ રીતે દેવોનો નિર્દેશ જોવાને મળે છે.

આ મંડળમાં ત્રિષ્ટુપ જગતી ગાયત્રી વગેરે છંદો ઉપરાંત પ્રગાથ છંદોની રચના વિશેષ પ્રકારની છે તેમજ પંક્તિ મહાપંક્તિ વગેરે છંદોમાં ધ્રુવપદ જોવાને મળે છે. એ રીતે ઋષિ દેવ અને છંદની ગોઠવણીમાં આઠમું મંડળ બીજાં મંડળો કરતાં જુદું પડે છે. આમાં વળી બાલખિલ્ય સૂક્તોનો સમાવેશ થયો છે એ પણ ધ્યાન દોરે છે.

વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરના અધ્યક્ષ શ્રી વિનયતોષ ભટ્ટાચાર્યે ઋગ્વેદીય પ્રકીર્ણ સૂક્તોની વ્યાખ્યા રૂપે છપાયેલ શ્રી મણિશંકર ઉપાધ્યાયે સંપાદિત કરેલ 'सूक्तार्थमुक्तावली'ની ભૂમિકા લખી છે; તેમાં ઋગ્વેદનાં દસ મંડળોની ગોઠવણી બાબતમાં એમણે જે અભિપ્રાય રજૂ કર્યો છે, તે વિદ્વાનો માટે મનનીય છે :

"... ઋગ્વેદનાં દસ મંડળ છે; તેમાંનાં પહેલાનાં સાત મંડળ પૂર્વ ભાગ તરીકે અને (આઠ, નવ, દશ) ત્રણ મંડળ ઉત્તર ભાગ રીતે ગણી શકાય. પહેલાં સાત મંડળોના ઋષિઓ દેવો અને છંદોની ગોઠવણી યોજનાબદ્ધ વ્યવસ્થિત લાગે છે. એ પ્રમાણેનો ક્રમ પછીનાં ત્રણ મંડળોમાં જોવા મળતો નથી. એ ઉપરાંત છેલ્લાં ત્રણ મંડળોમાં નવા વિષય પણ જોવા મળે છે.

એક સારાંશ–રૂપે જોવામાં આવે તો છેલ્લાં ત્રણ મંડળોમાં ક્રમથી યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના વિષય છે. પહેલાં સાત મંડળ ઋગ્વેદના વિષયોને સાહિત્યની રીતે અનુરૂપ હોય, તે પ્રમાણે બીજા ત્રણ વેદોના વિષયોનો સમાવેશ આ ઋગ્વેદ સંહિતાનાં છેલ્લાં ત્રણ મંડળોમાં થઈ જાય છે, એ બતાવવાનું તાત્પર્ય છે."

આઠમા મંડળના ઋષિઓમાં કાણ્વ–પ્રગાથ મુખ્ય છે. એ જ કાણ્વના નામ પરથી યજુર્વેદની 'કાણ્વ સંહિતા' પ્રસિદ્ધ છે. જો કે આ કાણ્વ અને ત્યાંના કાણ્વ એક જ ઋષિ નથી અને વિષય પણ બધી રીતે એક સમાન નથી, એ રીતે મંત્રો પણ જુદા જુદા છે; પરંતુ આ કથનની સાથે સંગત થાય તેવો એક મંત્ર યજુર્વેદમાં છે :

'ऋचं वाचं प्रपद्ये, मनो यजुः प्रपद्ये, साम प्राणापानौ ।' ૩૬, ૧.

'ઋગ્વેદની ઋચાઓ વાણીરૂપે સાહિત્યની પ્રતિષ્ઠા મેળવે છે, યજુર્વેદ મનના સંબંધે માનસશાસ્ત્રની ભૂમિકા રજૂ કરે છે અને સામવેદ પ્રાણના આધારે રજૂ થતા સંગીત–સામને રજૂ કરે છે.'

આઠમા મંડળની ઋચાઓનો અને ઋષિઓનો અભ્યાસ કરતાં મનો–ભૂમિકાની ઘણી ઘણી સૂચનાઓ અને પદ્ધતિઓ વિશે જાણવા મળે છે. કેટલાક ઋષિઓનાં નામ વિશ્વમના મનુ વશ સંમાદ–મત્સ્ય ત્રિશોક વગેરેમાં મનો-વિશ્લેષણનાં સૂચન મળી આવે છે. અને સાથે 'મન મતિ સુમના ધીતિ સુમતિ', જેવા શબ્દોની સાથેના પ્રયોગ મનની જુદી જુદી અવસ્થાઓનાં નિરૂપણમાં ઉપયોગી બને છે. એજ રીતે નવમા મંડળમાં પવમાન સોમની પાવમાની ઋચાઓમાં સામનાં ગીતિ – સ્તુતિઓની પધ્ધતિ જોવા મળે છે.

## ૨૮ માનસરોવરના હંસલા–૨૩૪.

ઉપર જણાવ્યા પ્રમાણે આઠમા મંડળમાં માનસશાસ્ત્રનું દર્શન કરીએ તો મનોભૂમિકાની ઘણી ઘણી બાબતો પર સારો પ્રકાશ પડે છે. આ મંડળના ઋષિઓ કણ્વ–કવિઓ છે, મનીષીઓ છે, ક્રાન્તદ્રષ્ટાઓ છે.

એમનાં મન માનસ સરોવર જેવાં કે સ્ફટિક મણિ જેવાં સ્વચ્છ નિર્મળ છે. ત્યાં જરાક ઊર્મિ જાગે, તરંગ ઊઠે કે નજીવો અશુદ્ધ પદાર્થ પડે કે તરત જ એ જણાઈ આવે. એ રીતે ત્યાં વિહાર કરતા હંસ પણ શુદ્ધ ચારો ચરનાર ગણાય છે, એમના ચારામાં જરા જેટલી વિકૃતિ હોય તો પણ જણાઈ આવે.

માનસશાસ્ત્રની ભૂમિકાને રજૂ કરતા આઠમા મંડળને માનસરોવરની ઉપમા આપો તો એમાંના મંત્રદ્રષ્ટા–ઋષિઓને હંસોની ઉપમા આપી શકાય. એમનાં વિવિધ સૂક્તોમાં રજૂ થતી વિગતોની ફલશ્રુતિ અને નિરૂપણ–પદ્ધતિ એમનાં પોતાનાં શુદ્ધ સાત્ત્વિક નિર્મળ મન પર જાગતી અને વિકારો દોષો વગેરે આક્રમણ કરે તે પહેલાં તો શમી જતી મનોવૃત્તિઓનું સુંદર પ્રતિબિંબ પાડે છે.

અહીં જે રીતે માનસશાસ્ત્રની રજૂઆત છે તે તો એક આદર્શ જીવનના સિદ્ધાંતને વેદ–સંગત કરવાનો મૌલિક પ્રયત્ન છે.

આપણાં યોગ સાંખ્ય વેદાંત નીતિ સદાચાર વગેરેએ જે તાત્ત્વિક ભૂમિકા પર જીવનના સિદ્ધાંત રજૂ કર્યા છે તેના મૂળમાં વેદોની આદર્શ ભાવના રહેલી છે. તે ભાવનાને અહીં કથાનકો અને રૂપકો દ્વારા રજૂ કરવાનો ઉદ્દેશ છે.

એ સાતેય કથાનકોની સાથે મનની ભૂમિકા પર રજૂ થતા જુદા જુદા સાત દોષ : ક્રોધ કામ લોભ મોહ મદ મત્સર અને સંગનાં નિદર્શન આપીને એ દોષોને શમાવવાના ઉપાયો તરીકે સૂક્તોમાં રજૂ થતા બોધ–ઉપદેશોનું સૂચન પણ સાથે સાથે આપ્યું છે. જ્યાં જરૂર પડી છે ત્યાં બૃહદ્દેવતા અનુક્રમણી વગેરે ગ્રંથોનાં પ્રમાણો પણ ટાંકી બતાવ્યાં છે.

## ૨૯ મનોરથના માર્ગે/૨૭૩

न तत्र रथाः, न रथयोगाः, न पन्थानो भवन्ति ।
अथ रथान् रथयोगान् पथश्च सृजते ॥ —બૃહદારણ્યક ઉપનિષદ્

આ પ્રમાણનો આધાર લઈ મને રચેલા રથોની માર્ગપદ્ધતિ–મનોરથની ગતિ આલેખવાનો પ્રયત્ન આ કથાનકમાં જોવાને મળશે.

યજુર્વેદ (૩૪, ૩)ના શિવ–સંકલ્પ સૂક્તમાં મનની ચાર ભૂમિકા રજૂ થઈ છે: (૧) પ્રજ્ઞાન–બાહ્ય મન, (૨) ચેતસ–આંતર મન, (૩) ધૃતિ–સુપ્ત મન, (૪) અમૃત જ્યોતિ–દિવ્ય ઉત્તમ મન. એની સાથે તુલના કરવામાં આવે, તો આઠમા મંડળના ઋષિઓએ જુદી જુદી મનોભૂમિકાનાં દર્શન કરીને પોતાની આગવી દિવ્યદૃષ્ટિએ આદર્શ ભાવના વ્યક્ત કરી છે.

**નવમું મંડળ સૂક્તો ૧૧૪ મંત્રો ૧૧૦૮, ઋષિઓ ૮૭**

આ મંડળમાં સાત ઋષિઓના પરિવાર જોવાને મળે છે, તેમાં આંગિરસ પરિવારના ૧૭, કાણ્વના ૬, કાશ્યપના ૯, વૈશ્વામિત્રના ૬, ભાર્ગવના ૨, ભારદ્વાજના ૩ તથા વાસિષ્ઠ પરિવારના ૧૧ ઋષિ છે. એ ઉપરાંત બીજા ૩૩ ઋષિ છે.

ઋષિઓ સાથે સૂક્તોનો સંબંધ આ રીતે છે: હિરણ્યસ્તૂપ (આંગિરસ), નૃમેધ, પ્રભૂવસુ, રહૂગણ, બૃહન્મતિ, પવિત્ર એમનાં બે બે, આવસ્ય અને ઉચથ્યનાં ત્રણ ત્રણ તેમજ અન્ય આંગિરસ ઋષિઓનાં એક એક સૂક્ત છે. એ રીતે આંગિરસ પરિવારનાં ૩૩ સૂક્ત છે.

કાણ્વ પરિવારમાં મેધ્યાતિથિનાં ૩, પર્વત નારદ અને શેપ એ ત્રણ ઋષિઓનાં એક એક સૂક્ત છે. કાશ્યપ પરિવારમાં અસિત કાશ્યપનાં ૨૦ દેવલ કાશ્યપની સાથે વિકલ્પે છે. અવત્સાર કાશ્યપનાં ૮, કશ્યપ મારીચનાં ૫, કાશ્યપ રેભસૂનુનાં ૨, બે કાશ્યપી અપ્સરાઓનું એક અને નિધ્રુવિ કાશ્યપનું ૧ એ રીતે આ કાશ્યપ પરિવારનાં ૩૭ છે. વૈશ્વામિત્ર પરિવારનાં ચાર સૂક્તોમાં વૈશ્વામિત્ર ગાથી અને પ્રજાપતિનો સમાવેશ છે.

કવિ ભાર્ગવનાં ૮, જમદગ્નિ ભાર્ગવનાં ૨ (આંશિક), એક વૈકલ્પિક તથા એક સ્વતંત્ર સૂક્ત છે. ભરદ્વાજ બાર્હસ્પત્ય વગેરે નવ ઋષિઓનો યોગ ૬૭ મા સૂક્તમાં જોવા મળે છે. ૯૭ મા સૂક્તમાં બાર ઋષિ છે: દસ વાસિષ્ઠ, એક પરાશર શાક્ત્ય અને એક કુત્સ આંગિરસ, બાકીના ૩૩ ઋષિઓનાં ૨૮ સૂક્ત છે.

નવમ મંડળમાં એક જ દેવ પવમાન સોમ છે અને એ રીતે આ દૈવત સંહિતાનો આદર્શ નમૂનો છે. આ મંડળમાં છંદોની રચના વ્યવસ્થિત છે. ગાયત્રી છંદ ૧–૬૭ સૂક્તો સુધી, જગતી છંદ ૬૮–૮૬ સુધી, ત્રિષ્ટુપ ૮૭–૯૭ સુધી, અનુષ્ટુપ છંદ ૯૮–૧૦૧, ઉષ્ણિગ ૧૦૨–૧૦૬, પ્રગાથ ૧૦૭–૧૦૮ અને મિશ્ર છંદો ૧૦૯–૧૧૪ સુધી.

આ સૂક્તો સામગાનમાં ઉપયોગી છે તેથી स एव एष આદિ એક સરખાં પદોથી ઘણી ઋચાઓનો આરંભ થાય છે.

૩૦ સોમરસનાં પાન-૨૮૧ :

ઋગ્વેદ સંહિતામાં સૂક્તોની સંખ્યા ગણતાં ઈંદ્ર અને અગ્નિ પછી સોમનું સ્થાન છે. એ ઉપરાંત સોમ માટે એક પૂરું મંડળ છે. સામવેદમાં અગ્નિ ઈંદ્ર અને સોમના ત્રણ કાંડ પૂર્વાર્ચિક સંહિતામાં રજુ થાય છે. યજુર્વેદમાં અગ્નિ-હોત્ર, ઇષ્ટિ અને સોમ એ ત્રણ પ્રકૃતિ-યજ્ઞોમાં અગ્નિ, ઈંદ્ર અને સોમ મુખ્ય દેવ છે તેમ જ અથર્વવેદમાં પણ અગ્નિ, ઈંદ્ર અને સોમનો ક્રમ સચવાયો છે.

વેદ-સાહિત્યનો અભ્યાસ કરવામાં આ નિર્દેશ મહત્ત્વનો છે. એ સાથે યજ્ઞ યાગને કેંદ્રમાં રાખી, સોમનાં સવન, ઈંદ્રનાં હવન અને અગ્નિનાં યજન કરવાની પ્રાચીન પદ્ધતિ લુપ્ત થતાંની સાથે સાથે યજ્ઞવિધિનાં રહસ્યો અને ભાવનાઓ પણ ભૂંસાઈ ગઈ છે. દરેક યજ્ઞ વિરાટ સર્જનનું પ્રતીક છે. જે બ્રહ્મમાં છે, તે પિંડમાં છે, આમ મંત્રના અર્થ ઉકેલવામાં ભૌતિક, દૈવિક અને આત્મિક સંબંધ જોડવાની એ પ્રથા પણ એકધારી જોવાને મળતી નથી.

અહીં સોમ વિશે કથાનક લેખવામાં મુખ્યત્વે નવમા મંડળનાં સૂક્તોનો ભાવ આપવાનો છે. સોમ શું છે, સોમવેલ ક્યાં મળે છે, સોમ અને ચંદ્રનો સંબંધ શો છે, સોમનો શરીર સાથે સંબંધ શો છે, વગેરે અનેક પ્રશ્નો અને ચર્ચાઓ આજ સુધીના વિદ્વાનો અને વિજ્ઞાનવેત્તાઓએ કરી છે, તેના સાર રૂપે થોડી બાબતો અહીં રજૂ થાય છે.

અમરકોશ (૧, ૩)માં ચંદ્ર ચંદ્રમા કલાનિધિ સુધાંશુ દ્વિજરાજ મૃગાંક વગેરે વીસ નામ છે, તેમાં સોમ પણ છે, અર્થાત્ સોમ અને ચંદ્ર પર્યાયવાચી છે. ઋગ્વેદની ઋચાઓ અને બ્રાહ્મણગ્રંથોમાં આ બધાં જ નામ મળી આવે છે.

નિરુક્ત (૧૧, ૨, ૨)માં શબ્દની વ્યુત્પતિ આપી છે :

ओषधिः सोमः सुनोतेः । यदेनम् अभिषुण्वन्ति ।

સોમ ઓષધિ છે, જેના રસનાં સુ-સવન કરવામાં આવે છે. યજ્ઞમાં ઋત્વિજો આ સોમને કૂટી પીસીને-अभिषवण કરીને રસ કાઢે છે.

'પહેલાં સોમ સ્વર્ગમાં હતો, તેને પૃથ્વી પર લાવવામાં આવ્યો'; આ પ્રકારનાં વર્ણન વારંવાર જોવાને મળે છે. એ સોમ ઓષધિ ઊંચા શિખરો પર અને હરિયાળા પ્રદેશોમાં થાય છે. એને કારણે સ્વર્ગમાં વસનાર તરીકે જણાવવાનું

તાત્પર્ય હોય, પરંતુ તેને 'ચંદ્ર સોમ' ગણવામાં આવે, તો ચોથા સ્વધામમાં સોમ નક્ષત્રોના અધિપતિ તરીકે અને યોગપ્રક્રિયાના અનુસંધાનમાં માનવના મસ્તકમાં નિવાસ કરતા દિવ્ય શાંત તત્ત્વ તરીકે લેવાય.

સોમ સ્વર્ગનું દિવ્ય પીયૂષ–પીણું છે અને દેવો એનાં પાન કરે છે. दिवः पीयूषम् उत सोमम् इन्द्राय पातवे (૯. ૫૧, ૨) त्वां देवासो अमृताय कं पपुः । (૯, ૧૦૬, ૮) સોમરસ સુરા જેવો માદક કે નશો કરનાર નથી. એ સોમ વીર્ય–વર્ધક અને બળવર્ધક તીવ્ર સ્વાદુ પીણું છે:

स्वादुः किलायं मधुमान् उतायं तीव्रः किलायम् रसवान् उतायम् । ઋ. ૬,૪૭.૧.

સોમરસ કાઢવાની પ્રક્રિયાને अभिषवण કર્મ કહે છે. એ રીતે તૈયાર થયેલ સોમ सूत કે अभिषूत કહેવાય છે. એને ગળણી–દશાપવિત્રામાં ગાળીને તૈયાર કરો ત્યારે એ पवमान ગણાય. पवमान सोम સોમની સ્તુતિઓ पावमानी ऋचा કહેવાય.

આ એક જ પ્રક્રિયાને સારી રીતે સમજી લેવામાં આવે તો पवमान सोम નાં લગભગ બધાં જ સૂક્તોના સરળ અર્થ સમજી લેવાય; પરંતુ એકની એક વાત વારંવાર જોતાં ઘણા સારા સંશોધક અને વેદ સાહિત્યના અભ્યાસીઓને પુનરુક્તિઓ અને પિષ્ટપેષણો લાગ્યાં છે.

ખરી રીતે તો આ ઋચાઓ કવિઓ અને મનીષી ઋષિઓનાં અંતરતમ હૃદયમાં રહેલી ભાવનાઓ–ઊર્મિઓનાં નિરૂપણ જેવી છે. કુદરતમાં ઘણા ઘણા પદાર્થ છે અને ઘટનાઓ પણ અનેક પ્રકારની રોજ રોજ થયા કરે છે, જે પરથી સામાન્ય જન કોઈ બોધ લઈ શકતા નથી: પરંતુ ભાવનાશીલ કવિહૃદયને તો સામાન્ય પ્રસંગ કે ઘટનામાં અથવા કુદરતના નજીવા પદાર્થમાં ઈશ્વરના મહાન સંકેતનાં દર્શન થાય છે. એનાં વર્ણન કરવા માટે એની પાસે જે શબ્દ સામગ્રી છે તે તો ઘણી મર્યાદિત છે, તો પણ એની રચના, ગોઠવણી, શૈલી, છંદ તેમ શબ્દાવલી સામાન્ય અર્થ પૂરતી મર્યાદિત રહેતી નથી.

સોમ વિશેની ઋચાઓ આર્ષ દર્શનનો ઉત્તમ નમૂનો છે. આયુર્વેદમાં સોમ વિશેના ઉલ્લેખ જોતાં સોમ એક ઉત્તમ બલવર્ધક ઉત્સાહપ્રેરક અમૃત પીણું છે. સુશ્રુતસંહિતામાં ચોવીસ પ્રકારના સોમ બતાવ્યા છે, પરંતુ એના મૂળમાં એક સોમ છે.

एकः खलु भगवान् सोमः स्थाननामाकृति वीर्यविशेषैः चतुर्विंशतिधा भिद्यते ।

— સુશ્રુત સંહિતા, અધ્યાય ૨૯

'સોમવેલને પંદર પાન હોય છે. જે સુદમાં દરરોજ એક એક કરતાં ફૂટે

છે અને વેદમાં એક એકના ક્રમે ખરવા લાગે છે. અને અમાસે પાન વિનાની લતા રહી જાય છે. (સુશ્રુત અધ્યાય ૨૯)

### ૩૧. આજીવિકાનું પ્રેરક બળ ૨૯૭

નવમા મંડળનાં છેલ્લાં ત્રણ સૂક્ત (૧૧૨. ૧૧૩, ૧૧૪) ને અનુલક્ષી બૃહદ્ દેવતા (૬, ૧૩૭) માં એક કથા આપી છે. ઇંદ્ર ઋષિઓને 'દુષ્કાળમાં કેવી રીતે જીવ્યા' એ પ્રશ્ન પૂછે છે. એના ઉત્તરમાં ઋષિઓએ જણાવ્યુ કે 'કલા કારીગરી માટે ઘણાં સાધન છેઃ પહેલું તો શકટ—ગાડી, શાકિની—શાકપાનની વાડી ગોધન, ખેતી, નહિ વહેતાં જલ, વન, સમુદ્ર, પર્વત અને રાજા : આ બધાં સાધન આજીવિકા માટે ઘણાં જ ઉપયોગી છે. એના આધારે અમે જીવન નિર્વાહ ચલાવીએ છીએ : शकटं शाकिनी गावः कृषिः अस्पन्दनं वनम् ।
समुद्रः पर्वतो राजा एवं जीवामहे वयम् ॥

આ સૂક્તમાં 'इन्द्राय इन्दो परिस्रव' દરેક ઋચાને અંતે આવતું ધ્રુવપદ છે. પંડિતજી સાતવળેકરજી 'સોમ દેવતાનો પરિચય दैवत संहिता'માં જણાવે છે કે અહીં આપેલ સોમ, ઈંદુ તે કલાનિધિ, કલાવાન છે. જે કારીગરી કલાઓ (Arts and crafts)થી યુક્ત કારીગર Artist હોય તે આજીવિકાનું સાધન સરળતાથી મેળવી શકે છે. 'આ કારીગરો પેટ ભરવા કે આજીવિકા નભાવવા માટે જ કારીગરીનું કામ કરતા નથી, પરંતું સમાજમાં કલાકારીગરીનું સ્થાન ઘણું ઊચું છે, જે કાર્યો મંત્રદ્રષ્ટા ઋષિઓ અને કવિઓ પણ હર્ષભેર સ્વીકારી લે છે'

શ્રદ્ધા, ભક્તિ, જીવનની સરળતા, સાદાઈ વગેરે ગુણો કારીગના જીવનને ઉન્નત બનાવે છે તે રહસ્ય પણ સૂક્તોના ઉપદેશરૂપે નોંધપાત્ર છે.

### દશમ મંડળ, સૂક્ત ૧૯૧, મંત્રો ૧૭૫૪, ઋષિઓ ૩૭૪

દશમ મંડળમાં એકથી ૧૨૯ સૂક્ત મહાસૂક્ત અને બાકીનાં ૬૨ ક્ષુદ્ર સક્ત ગણાય છે. પહેલા મંડળની જેમ જ દશમા મંડળની રચના જોવાને મળે છે. બીજાથી આઠમા સુધીનાં મંડળોમાં ક્રમથી ગૃત્સમદ વિશ્વામિત્ર વામદેવ અત્રિ ભરદ્વાજ વસિષ્ઠ પ્રગાથ કાણ્વ વગેરે એક એક ઋષિનાં સૂકતોની ગોઠવણી છે. નવમા મંડળમાં ઋષિઓ અનેક છે, પણ દેવ એક જ સોમ પવમાન છે.

દશમ મંડળનાં મહાસૂકતો અને ક્ષુદ્ર સૂકતોમાં મુખ્ય છંદ ત્રિષ્ટુપ છે, કેટલાંક સૂક્ત ત્રિષ્ટુપની સાથે જગતી છંદથી જોડાયેલ છે. બાકીનાં સૂકતોમાં ગાયત્રી અનુષ્ટુપ પંક્તિ વિરાટ બૃહતી વગેરે છંદો છે.